

પેજ-08

બોલિવૂડની ડાન્સિંગ ક્વીન નોરા ફતેહી, 10 છોકરીઓ સાથે ફ્લેટ શેર કરતી

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

વિરાટ, રોહિત કોઈ રોબોટ નથી, દર વખતે રન બનાવે તે જરૂરી નથી



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 16.00 |
| વડોદરા | 31.00 | 18.00 |
| સુરત | 33.00 | 20.00 |

પેજ 5



સોનું રૂ. 87300 અને ચાંદી રૂ. 95000, મુંબઈ ઝવેરી બજારમાં આજે...

07 FEBRUARY-2025 FRIDAY

US ઈતિહાસનો સૌથી મોટો ડિપોર્ટ પ્રોગ્રામ, ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને...



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78058.16 | ▼ | 213.12 |
| નિફ્ટી | 23603.35 | ▼ | 092.95 |
| સોનું | 84400.00 | ▼ | 167.00 |
| ચાંદી | 95489.00 | ▼ | 476.00 |

વર્ષ-14 । અંક-080 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## સંસદમાં ગુંજ્યો અમેરિકાથી ભારતીયોને ડિપોર્ટ કરવાનો મુદ્દો......હાથકડી પહેરીને પહોંચ્યા વિપક્ષી સાંસદ

# ભારતીયોના દેશનિકાલની ઘટના પહેલીવાર નથી : જયશંકર


(એજન્સી) નવી દિલ્હી । તા. 06

બજેટ સત્રના પાંચમા દિવસે અમેરિકામાંથી ભારતીયોને પરત મોકલવાના મુદ્દે સંસદમાં હોબાળો થયો હતો. સવારે 11 વાગ્યે કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે આ મુદ્દે ચર્ચાની માંગ કરી હતી. આ સાથે જ વિપક્ષના સાંસદોએ 'સરકાર શરમ કરો'ના નારા લગાવ્યા હતા.વિપક્ષ સાંસદોએ સંસદની બહાર હાથકડી પહેરીને પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના નેતા કેસી વેણુગોપાલ હાથકડી પહેરેલા જોવા મળ્યા હતા. આ સિવાય રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, શશિ થરૂર સહિત ઘણા સાંસદોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.વિપક્ષે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવાના મુદ્દા પર ચર્ચાની માંગણી સાથે સંસદના બંને ગૃહોમાં હંગામો કર્યો, ત્યારબાદ રાજ્યસભાની કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.



**હાથકડી પહેરીને પહોંચ્યા વિપક્ષી સાંસદ :** વિપક્ષ સાંસદોએ સંસદની બહાર હાથકડી પહેરીને પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના નેતા કેસી વેણુગોપાલ હાથકડી પહેરેલા જોવા મળ્યા હતા. આ સિવાય રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, શશિ થરૂર સહિત ઘણા સાંસદોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

## 'આપણા ઘણા નાગરિકો ભૂલથી અમેરિકા પહોંચી ગયા હતા' : વિદેશ મંત્રી



વિદેશ મંત્રી એસ જયશંકરે ગુરુવારે રાજ્યસભામાં અમેરિકાથી દેશનિકાલ કરાયેલા 104 ભારતીયો પર નિવેદન આપ્યું છે. તેમણે ગૃહને કહ્યું કે દેશનિકાલની પ્રક્રિયા નવી નથી. વર્ષોથી આવું ચાલતું આવે છે. કયા વર્ષમાં કેટલા ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા તેની માહિતી પણ વિદેશ મંત્રીએ આપી હતી. એસ જયશંકરે જણાવ્યું હતું કે, યુએસમાં દેશનિકાલની પ્રક્રિયા અને અમલ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ દ્વારા કરવામાં આવે છે. તે 2012 થી અસરકારક છે. ICE (ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ) દ્વારા ઉપયોગમાં લેવાતા એરક્રાફ્ટ દ્વારા દેશનિકાલ માટેની પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયા પ્રતિબંધોના ઉપયોગ માટે પ્રદાન કરે છે. તેમણે એમ પણ કહ્યું કે મહિલાઓ અને બાળકો પર પ્રતિબંધ નથી. વિદેશ મંત્રીએ કહ્યું, ભારતીય પ્રવાસીઓ અમાનવીય સ્થિતિમાં ફસાયા હતા. ગેરકાયદેસર રીતે રહેતા લોકોને તેમના વતન પરત મોકલવામાં આવે છે. આપણા ઘણા નાગરિકો ભૂલથી અમેરિકા પહોંચી ગયા હતા. ગેરકાયદેસર વસાહતીઓને પાછા લાવવા પડ્યા. તેને પહેલીવાર લાવવામાં આવ્યો નથી.

**કયા વર્ષમાં કેટલા ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા...**

| | | | |
|---|---|---|---|
| 2009: | 734 | 2018: | 1,180 |
| 2010: | 799 | 2019: | 2,042 |
| 2011: | 597 | 2020: | 1,889 |
| 2012: | 530 | 2021: | 805 |
| 2013: | 550 | 2022: | 862 |
| 2014: | 591 | 2023: | 670 |
| 2015: | 708 | 2024: | 1,368 |
| 2016: | 1303 | 2025: | 104 |
| 2017: | 1,024 | | |

■ દિલ્હીમાં ચૂંટણી પરિણામ પહેલા જ AAP નેતા સંજય સિંહનો BJP પર મોટો આરોપ


# 'અમારા 7 ધારાસભ્યોને 15 કરોડની ઓફર કરાઇ હતી'

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

દિલ્હીની 70 વિધાનસભા બેઠકો પર ગઈકાલે (5 ફેબ્રુઆરી) ચૂંટણીનું મતદાન પૂર્ણ થવા છતાં રાજકારણમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપ જોવા મળી રહ્યો છે. આઠમી ફેબ્રુઆરીએ ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે, જોકે તે પહેલા આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'ભાજપે ઓપરેશન લોટસ પર કામ શરૂ કરી દીધું છે. ભાજપે અમારા ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કર્યો છે. તેઓ કેટલાકને ખરીદવામાં નિષ્ફળ ગયા છે. તેઓ નાણાં અને તપાસ એજન્સીઓનો ઉપયોગ કરી રહ્યા છે. ભાજપે દિલ્હીમાં અમારા બે મંત્રીઓને ખરીદવાનો પ્રયાસ કર્યો છે. અમે તમામ સંઘર્ષો કર્યા બાદ દિલ્હીને બચાવ્યું છે.'

## ભાજપે ચૂંટણી પરિણામો પહેલા હાર સ્વીકારી લીધી છે

સંજય સિંહે કહ્યું કે આ સમગ્ર મામલામાં અમે તમામ ધારાસભ્યો અને ઉમેદવારોને કહ્યું છે કે આવા દરેક કોલનું ઓડિયો રેકોર્ડિંગ કરો અને જો અન્ય કોઈને મળવું હોય તો તેનો વીડિયો બનાવો અને મીડિયાને તેની જાણ કરો. તેમણે વધુમાં કહ્યું કે, 'બે બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે, એક ભાજપે પરિણામ પહેલા હાર સ્વિકારી લીધી છે, તેઓ ખરાબ રીતે હારવાના છે. બીજી વાત એ કે, ભાજપે (BJP) ખરીદવાની દેશભરમાં જે રીત અપનાવી છે, તેવું દિલ્હીમાં પણ શરૂ કરી દીધું છે. તેઓ ધારાસભ્યોને તોડવા માટે નાણાંનો ઉપયોગ અને દબાણ કરવા માટે તપાસ એજન્સીઓનો ઉપયોગ કરે છે.'



**'અમે અમારા ધારાસભ્યોને એલર્ટ કર્યા' :** ભાજપના ઓપરેશન લોટ્સ બાદ ચૂંટણી લડી રહેલા અમારા ધારાસભ્યોને અમે એલર્ટ કર્યા છે. અમે તમામને કહ્યું છે કે, આવા કૉલ આવે તો રેકોર્ડિંગ કરજો. પછી તેની ફરિયાદ કરવામાં આવશે. જો કોઈ તમારી સાથે મુલાકાત કરી ઓફર આપે તો હિડન કેમેરો લગાવી વીડિયો બનાવજો. અમે અમારા તમામ ધારાસભ્યોને એલર્ટ કરી દીધા છે.'

**ભાજપે એક-બે ધારાસભ્યોને રૂબરૂ મળીને ઓફર આપી : સંજય સિંહ**


સંજય સિંહે કહ્યું કે, 'અમારા અનેક ધારાસભ્યોએ અમને માહિતી આપી છે કે, ભાજપે આમ આદમી પાર્ટીના સાત ધારાસભ્યોને 15-15 કરોડ રૂપિયામાં પાર્ટી છોડવાનો, પાર્ટી તોડવાનો અને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થવાની ઓફર આપી છે. તેઓએ એક-બે ધારાસભ્યોને રૂબરૂ મળીને પણ ઓફર આપી છે. તેઓ આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં સામેલ થઈ સરકાર બનાવવાની વાત કરી રહ્યા છે.'

# જો ખોટી રીતે ઘૂસ્યા તો હાંકી કાઢીશું

## ગેરકાયદે ભારતીયોને ડિપોર્ટ કર્યા બાદ અમેરિકન એમ્બેસીનું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્ર પ્રમુખ પદે સત્તા સંભાળતાની સાથે જ અમેરિકામાં ગેરકાયદે અપ્રવાસી જાહેર કરાયેલા 104 ભારતીય નાગરિકોને ભારત પરત મોકલી દીધા છે. અમેરિકન સેના દ્વારા ખાસ વિમાનમાં આ તમામ ભારતીયોને હથકડી બાંધીને ભારત લાવવામાં આવ્યા હતાં. વિમાનનું લેન્ડિંગ પંજાબના અમૃતસર એરપોર્ટ પર કરવામાં આવ્યું. અમેરિકાથી ભારતીય નાગરિકોને આ પ્રકારે પરત મોકલવા એ ચર્ચાનો વિષય બન્યો છે. વિપક્ષી પાર્ટીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરી રહી છે. ત્યારે અમેરિકન દૂતાવાસ તરફથી અમેરિકાથી પરત આવેલાં ભારતીયોને લઈને નિવેદન આપવામાં આવ્યું છે.



### ■ અમેરિકન દૂતાવાસે આપ્યો જવાબ

અમેરિકન દૂતાવાસે કહ્યું કે, 'જે પણ અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરી કરશે, તેમને પરત મોકલવામાં આવશે. અમેરિકામાં ઇમિગ્રેશન કાયદો લાગુ કરવો રાષ્ટ્રીય સુરક્ષા અને લોકોની સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે'. નોંધનીય છે કે, અમેરિકન દૂતાવાસના નિવેદનમાં ડોનાલ્ડ ટ્રમ્પની જેમ ગેરકાયદે અપ્રવાસીઓનું 'એલિયન્સ' તરીકે સંબોધન કરવામાં આવ્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'આ ગેરકાયદે એલિયન્સ (અપ્રવાસી)ને દેશમાંથી કાઢવા માટે ઇમિગ્રેશન કાયદાનો પ્રામાણિક રૂપે પાલન કરવું અમેરિકાની નીતિ છે'.

# MPના શિવપુરીમાં વાયુસેનાનું ફાઇટર પ્લેન ક્રેશ



## ખેતરમાં પડતાંની સાથે જ મિરાજ-2000માં આગ લાગી; દુર્ઘટના પહેલાં બંને પાઇલટ કૂદી પડ્યા

(એજન્સી) શિવપુરી। તા. 06

મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાના બહરેતા સાની ગામ પાસે વાયુસેનાનું ફાઇટર પ્લેન મિરાજ-2000 ક્રેશ થયું છે. આ ઘટના બાદ ઘાયલ પાયલટની એક તસવીર પણ સામે આવી છે, જેમાં તે મોબાઈલ પર કોઈની સાથે વાત કરતો જોવા મળે છે. સ્થળ પર પહોંચેલા ગામલોકોએ તેની સંભાળ રાખી. કરૈરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ વિનોદ છવાઈએ જણાવ્યું કે વિમાનમાં બે પાઈલટ હતા. દુર્ઘટના પહેલા બંને પાઈલટ્સે પોતાને ઈજેક્ટ કર લીધા હતા. બંને સુરક્ષિત છે. ઘટનાની માહિતી મળતા જ વાયુસેનાની ટીમ હેલિકોપ્ટર દ્વારા ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બંને પાઈલટને ગ્વાલિયર લઈ ગઈ. વિમાન ક્યાંથી ઉડ્યું હતું અને ક્યાં જઈ રહ્યું હતું તેની માહિતી હજુ સુધી મળી નથી. તેમજ અકસ્માતનું કારણ પણ જાણી શકાયું નથી.

### પાયલટને સામાન્ય ઈજાગ્રસ્ત

અકસ્માત પછી સામે આવેલી તસવીરોમાં જોવા મળે છે કે પાયલોટ તેના સાથીદારોને ફોન કરીને અકસ્માત વિશે માહિતી આપી રહ્યો હતો. ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક વહીવટીતંત્રે તાત્કાલિક એક ટીમ ઘટનાસ્થળે મોકલી હતી. જોકે, વિમાન દુર્ઘટના પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્વીન-સીટર મિરાજ 2000 નિયમિત તાલીમ ઉડાન દરમિયાન અકસ્માતનો ભોગ બન્યું. અકસ્માતના કારણો શોધવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો છે

■ મહાકુંભ જતા શ્રદ્ધાળુઓને કાળ ભરખી ગયો

# જયપુરમાં ભયંકર રોડ અકસ્માતમાં આઠ લોકોના કરુણ મોત નિપજ્યાં

(એજન્સી) જયપુર । તા. 06

જયપુરમાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં 8 લોકોના કરુણ મોત થયા છે. આ તમામ લોકો જયપુરથી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન માટે જઈ રહ્યા હતા. મળતી માહિતી અનુસાર, જયપુરના દૂદૂમાં દુર્ઘટના બની છે. ઘટનાની માહિતી મળતાં જ મોખમપુરા પોલીસ સ્ટેશનના કર્મીઓએ ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય શરુ કર્યું. ગુરુવાર બપોરે 3:45 વાગ્યે નેશનલ હાઈવે 48 પર કાર અને ખાનગી બસ વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જણાવાઈ રહ્યું છે કે, બસનું ટાયર ફાટતાં તે બેકાબુ થઈને ડિવાઈડર કૂદીને બીજી તરફ પહોંચી ગઈ હતી. આ દરમિયાન બસ અને કાર વચ્ચે ટક્કર થઈ. જે દુર્ઘટનામાં કારમાં સવાર 8ના મોત થયા, જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ, તમામ મૃતકોના મૃતદેહ દૂદૂ હૉસ્પિટલમાં રખાયા છે.

**તમામ મૃતકો ભીલવાડાના રહેવાસી**

મૃતકો ભીલવાડાના કોટડીના રહેવાસી પુરુષો છે. આ લોકો મહાકુંભ જઈ રહ્યા હતા પરંતુ તે પહેલાં જ તેઓ અકસ્માતનો ભોગ બન્યા. મૃતકોની ઓળખ દિનેશ રેગર, નારાયણ, બબલુ મેવાડા, કિશન, રવિકાંત, પ્રમોદ સુથાર, બાબુ રેગર અને પ્રકાશ મેવાડા તરીકે થઈ છે. મુસાફરો મોહન સિંહ, માયા નાયક અને ગુન્નુ ઈજાગ્રસ્ત થયા હતા તેમની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

**જાણો સી-વોટરનો સર્વે શું કહે છે...** સી-વોટરના સર્વે મુજબ આમ આદમી પાર્ટી (AAP)માં મહિલાઓનો ભરોસો દેખાઈ રહ્યો છે. આમ આદમી પાર્ટીને મહિલાઓના 50.7 ટકા વોટ શેર મળવાની ધારણા છે, ભાજપને 34.3 ટકા વોટ શેર અને કોંગ્રેસને 6.8 ટકા વોટ શેર મળી શકે છે. જો

# મહિલાઓને AAP પર ભરોસો, પુરુષોનો વોટ બીજેપીને

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

દેશની રાજધાની દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થઈ ગયું છે, હવે રાહ 8મી ફેબ્રુઆરીની છે. કારણ કે આ જ દિવસે પરિણામ જાહેર થશે. આ પહેલા સી-વોટર અને ટુડેઝ ચાણક્યના અલગ-અલગ સર્વે બહાર આવ્યા છે. ટુડેઝ ચાણક્ય સર્વે અનુસાર, આમ આદમી પાર્ટીને 19 સીટો મળવાની આશા છે, જ્યારે બીજેપીને 51 સીટો મળી શકે છે. આ સર્વે મુજબ ભાજપનો દુષ્કાળ 27 વર્ષ બાદ ખતમ થઈ શકે છે. જો કે ટુડેઝ ચાણક્યએ 6 સીટોનું માર્જીન રાખ્યું છે, તેનો અર્થ એ છે કે ભાજપ અને આમ આદમી પાર્ટીની 6 સીટો વધી કે ઘટી શકે છે. ટુડેઝ ચાણક્યના સર્વે મુજબ કોંગ્રેસ ખાતું ખોલે તેવું લાગતું નથી. તે જ સમયે, સી-વોટરના સર્વે અનુસાર, આમ આદમી પાર્ટી (આપ) પર મહિલાઓનો વિશ્વાસ દેખાઈ રહ્યો છે.

**આમ આદમી પાર્ટીને મહિલાઓના 50.7 ટકા વોટ શેર** મળવાની ધારણા છે, ભાજપને 34.3 ટકા વોટ શેર અને કોંગ્રેસને 6.8 ટકા વોટ શેર મળી શકે છે. જો પુરૂષ મતદારોની વાત કરીએ તો તેમનો ઝુકાવ ભાજપ તરફ હોવાનું જણાય છે. સી-વોટર્સના સર્વે અનુસાર આમ આદમી પાર્ટીને પુરુષોના 34.4 ટકા વોટ મળવાની આશા છે. જ્યારે ભાજપને 51.4 ટકા વોટ શેર મળવાનું જણાય છે, જ્યારે કોંગ્રેસને માત્ર 6.5 ટકા પુરૂષ વોટ મળવાની ધારણા છે. જોકે સી-વોટરે સીટોનો અંદાજ લગાવ્યો નથી.



**સી-વોટરના સર્વે મુજબ 18-22 વર્ષની વયના 40.7 ટકા મતદારોએ ભાજપને મત આપ્યો છે.**

સમાન વયના 46.7 ટકા મતદારોએ આમ આદમી પાર્ટીને અને 6.9 ટકા મતદારોએ કોંગ્રેસને મત આપ્યો હતો. આ સિવાય AAP 23-35 વર્ષની વયના મતદારોની પહેલી પસંદ છે. આ ઉંમરના 45.4 ટકા મતદારોએ આમ આદમી પાર્ટીને મત આપ્યો છે, જ્યારે 40.1 ટકા મતદારોએ ભાજપને મત આપ્યો છે, જ્યારે આ ઉંમરના 7.4 ટકા મતદારોએ કોંગ્રેસને પસંદ કર્યું છે. 36-45 વર્ષની વયના 44.6 ટકા મતદારોએ ભાજપને મત આપ્યો, 40.8 ટકા મતદારોએ AAPને, જ્યારે 6.1 ટકા મતદારોએ કોંગ્રેસને મત આપ્યો.

## ચંદ્રયાન-4 મિશનનો ઉદ્દેશ્ય ચંદ્ર પરથી ખડકોના સેમ્પલ પૃથ્વી પર લાવવાનો છે

# ઈસરો 2027માં ચંદ્રયાન-4 મિશન લોન્ચ કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ચંદ્રયાન-3 મિશનની સફળતા બાદ ભારત ઈસરોના આગામી મિશન એટલે કે ચંદ્રયાન-4 મિશનની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. એક લેટેસ્ટ રિપોર્ટ મુજબ, ભારત 2027માં ચંદ્રયાન-4 મિશન લોન્ચ કરવા જઈ રહ્યું છે. અને આ માહિતી ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહે આપી છે.

પીટીઆઈને આપેલા એક ઈન્ટરવ્યુમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ભારત 2027માં ચંદ્રયાન-4 મિશન લોન્ચ કરશે, જેનો ઉદ્દેશ્ય ચંદ્ર પરથી ખડકોના સેમ્પલ પૃથ્વી પર લાવવાનો છે. વિજ્ઞાન અને ટેક મંત્રીએ માહિતી આપી હતી કે ચંદ્રયાન-4 મિશન હેઠળ, ઓછામાં ઓછા બે વાર ભારે લિફ્ટવાળા LVM-3 રોકેટને લોન્ચ કરવામાં આવશે, જે મિશનને સફળ બનાવવા માટે તેની સાથે પાંચ ઘટકોને અવકાશમાં લઈ જશે અને તેમને ઓર્બિટમાં એસેમ્બલ કરશે.

## અન્ય બે મિશન વિશે પણ માહિતી આપવામાં આવી



**ચંદ્રયાન-4 મિશનનો ઉદ્દેશ્ય :** ભારતે તેના પ્રથમ મિશનમાં ચંદ્રની સપાટી વિશે માહિતી મેળવી હતી, જ્યારે બીજું મિશન સફળ રહ્યું ન હતું. તેમજ, ત્રીજા મિશનમાં, ભારત ચંદ્રના સાઉથ પોલ વિસ્તારમાં સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો. આ મિશન દ્વારા વૈજ્ઞાનિકોએ ચંદ્રના દક્ષિણ ધ્રુવનો અભ્યાસ કર્યો, તે પ્રદેશની સપાટી અને પ્લાઝમાનો અભ્યાસ કર્યો.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ચંદ્રયાન-4 મિશનનો ઉદ્દેશ્ય ચંદ્રની સપાટી પરથી ખડકોના નમૂનાઓ એકત્રિત કરીને પૃથ્વી પર લાવવાનો છે. તેમણે ચંદ્રયાન-4 ઉપરાંત ગગનયાન મિશન વિશે પણ માહિતી આપી હતી અને કહ્યું હતું કે આવતા વર્ષે ગગનયાન મિશન શરૂ કરવામાં આવશે, જેમાં ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની નીચલી ઓર્બિટમાં મોકલવા અને તેમને સુરક્ષિત રીતે પરત લાવવા સામેલ છે. આ સિવાય તેમણે કહ્યું કે, '2026માં ભારત સમુદ્રયાન પણ લોન્ચ કરશે, જે ત્રણ વૈજ્ઞાનિકોને સબમરીનમાં 6,000 મીટરની ઉંડાઈ સુધી લઈ જશે, જેથી મહાસાગરની સૌથી નીચલી સપાટીનો અભ્યાસ કરી શકાય. તેમણે કહ્યું, 'આ સિદ્ધિ ગગનયાન સહિત ભારતના અન્ય મોટા મિશન સાથે આવશે, જેમાં ગગનયાન મિશન પણ સામેલ છે.

# કોંગ્રેસે મજબૂરીમાં "જયભીમ" બોલવુ પડે છે : વડાપ્રધાન મોદી

### ધન્યવાદ પ્રસ્તાવ પર મોદીનો જવાબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

રાજ્યસભામાં પીએમ મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પરની ચર્ચાનો જવાબ આપ્યો હતો. ધન્યવાદ પ્રસ્તાવ પર મોદીનો જવાબનો અંદાજ કંઈક અલગ જ હતો. તેઓએ સંબોધનમાં જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રપતિનું અભિભાષણ આપણા માટે પ્રેરણારૂપ છે. તો સાથે કહ્યુ હતુ કે, સાંસદોના વિચારોના કારણે આ ચર્ચા સમૃદ્ધ થઈ હતી. તો રાષ્ટ્રપતિએ 'વિકસિત ભારત' મુદ્દે ચર્ચા કરી હોવાનું પણ પીએમે રાજ્યસભામાં કહ્યુ હતુ. તો આ તરફ 'સબકા સાથ, સબકા વિકાસ'માં કોઈ અડચણ નહીં હોવાની વાત પીએમ મોદીએ કરી હતી.

રાજ્યસભામાં પીએમ મોદીએ વિપક્ષ પર પ્રહાર કર્યા હતા. પીએમે જણાવ્યુ હતુ કે, કૉંગ્રેસે રાજનીતિ અને સ્વાર્થનું કૌભાંડ કરે છે. તો સાથે જ કહ્યુ હતુ કે, કૉંગ્રેસે માત્ર વોટ બેંકની જ રાજનીતિ કરીને અને જુઠાણું ફેલાવીને ચૂંટણી લડતી હતી. આ ઉપરાંત તેઓએ કહ્યુ હતુ કે, કોંગ્રેસે મજબૂરીમાં 'જયભીમ' બોલવુ પડે છે, 'જયભીમ' બોલવામાં કૉંગ્રેસને મુશ્કેલી લાગે છે. વિપક્ષ રંગ બદલવામાં માસ્ટર હોવાનો પણ ટોણો માર્યો હતો.

## ખુશ્બૂ પટેલના ભાઈએ કહ્યું- અમેરિકાથી અમૃતસર લાવતા સમયે હાથકડી પહેરાવી કેદી જેવો વ્યવહાર કરાયો

# દીકરી પરત આવતાં પિતા ચોધાર આંસુએ રડી પડ્યા



વડોદરા | અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા 33 ગુજરાતી આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. વડોદરાના લુણા ગામની ખુશ્બૂ પટેલ પણ પરત ફરતાં વડોદરા પોલીસની ટીમ અમદાવાદથી તેને લઈને પાદરા અને બાદમાં લુણા ગામ તેના ઘર પર પહોંચી હતી. દીકરીને જોતાં જ પિતા ચોધાર આંસુએ રડી પડ્યા હતા. માતા-પિતાએ ખુશી વ્યક્ત કરી હતી. જ્યારે ભાઈએ કહ્યું હતું કે પોતાની બહેન સહિત જે લોકોને અમેરિકાથી અમૃતસર લાવવામાં આવ્યા ત્યારે પ્લેનમાં હાથકડી પહેરાવી કેદી જેવો વ્યવહાર કરાયો. ખુશ્બૂ પટેલ યુરોપ થઈને અમેરિકા પહોંચી હતી અને ત્યાંથી ડિપોર્ટ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયોમાં વડોદરાના લુણા ગામની ખુશ્બૂ પટેલ પણ સામેલ છે. મંગળવારે 5 તારીખે અમેરિકન એરફોર્સના વિમાનમાં અમૃતસર આવ્યા બાદ આજે વહેલી સવારના પ્લેનમાં ખુશ્બૂ સહિતના 33 ગુજરાતી અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા.

જ્યાંથી વડોદરા પોલીસની ટીમ ખુશ્બૂને લઈને પાદરા પોલીસ સ્ટેશન પહોંચી હતી અને ત્યાંથી તેના ગામ લુણા તેમના ઘરે લુણા ગામ પહોંચાડી હતી. વડોદરા પોલીસે ખુશ્બુ પટેલની પ્રાથમિક પૂછપરછ તેમના ઘર પર જ કરી હતી. અમેરિકાથી દીકરીને ડિપોર્ટ કરાયાની જાણ થતાં જ પરિવારજનો ચિંતિત બન્યાં હતાં અને હેમખેમ પરત પહોંચી જાય એ માટે પ્રાર્થના કરી રહ્યાં હતાં. સવારે દીકરી ઘરે આવતાં જ તેને જોઈ પિતા ભાવુક બન્યા હતા અને ચોધાર આંસુએ રડી પડ્યા હતા.

ખુશ્બૂને જોઈને માતા-પિતા બંનેએ ખુશી વ્યક્ત કરી હતી. ખુશ્બૂ પટેલના ભાઈ વરુણ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમેરિકાથી અમૃતસર વિમાનમાં લાવવામાં આવ્યા ત્યારે લોકોને હાથકડી પહેરાવી કેદીઓ જેવો વ્યવહાર કરવામાં આવ્યો. ખુશ્બૂ પટેલ વાયા યુરોપ થઈને અમેરિકા ગઈ હોવાનું વરુણ પટેલે જણાવ્યું હતું કે જોકે અમેરિકા પહોંચવા માટે કેટલો ખર્ચ થયો એની જાણકારી ન હોવાનું કહ્યું હતું, સાથે કહ્યું હતું કે તેની બહેનની માનસિક સ્થિતિ હાલ ઠીક ન હોવાના કારણે તે હાલ વાત કરી શકે એમ નથી

**આ મામલે વડોદરા પોલીસે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો:** ખુશ્બૂ પટેલ તેના ઘરે પરત ફરતાં વડોદરા પોલીસની ટીમે તેના ઘર પર જ પ્રાથમિક પૂછપરછ કરી હતી. તેની સ્થિતિ હાલ સારી ન હોઈ, ડિટેઈલ ઈન્ટ્રોગેશન બાદમાં કરાશે. પૂછપરછ કર્યા બાદ વડોદરા પોલીસે વધુ કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો. અમેરિકામાં ગેરકાયદે રહેતા 33 ગુજરાતી સહિત 104 ભારતીયને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. અમેરિકન એરફોર્સના વિમાનમાં તમામને મંગળવારે બપોરે અમૃતસર એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા. ત્યાંથી આજે સવારે ફ્લાઈટમાં તમામ 33 ગુજરાતી અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. અમદાવાદથી અલગ અલગ જિલ્લા પોલીસના વાહનોમાં જે-તે જિલ્લાના લોકોને બેસાડી તેના વતન પહોંચાડવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા પ્રાથમિક પૂછપરછ કરવામાં આવી હતી.

# સુરતમાં ડમ્પર-બસ વચ્ચે અકસ્માતમાં એકનું મોત, સાઈકલને બચાવવા ગયેલા ડમ્પરે બસને ટક્કર મારી

(એજન્સી) સુરત | તા. 06

સુરતના હજીરા સ્થિતિ આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીમાં કામ કરતા કામદારોને લઈને જતી ખાનગી ટ્રાવેલ્સની બસને હજીરા પાસે અકસ્માત નડતા એક કામદારનું મોત નીપજ્યું છે. જ્યારે 15થી વધુ કામદારો ઘાયલ થતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. 50 જેટલા કામદારોને લઈને બસ હજીરા પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે જ ડમ્પર સાથે જોરદાર ટક્કર થતા બસ અને ડમ્પર પલટી ગયાં હતાં. અકસ્માતના પગલે હાઈવે પર ભારે ટ્રાફિકજામનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં.

સુરતના હજીરા પાસે ડમ્પર અને બસ વચ્ચે જે અકસ્માત સર્જાયો છે તેના જીવ અધ્ધર કરી દેતા સીસીટીવી સામે આવ્યા છે. સીસીટીવીમાં જોઈ શકાય છે કે, એક સાઈકલચાલક રસ્તો ક્રોસ કરી રહ્યો છે ત્યારે જ રસ્તા પરથી એક કાર પસાર થઈ રહી છે અને પાછળથી એક ડમ્પર પૂરઝડપે આવી રહ્યું છે. આ સમયે ડમ્પરનો ચાલક બંનેને બચાવવા જતા સામેથી આવી રહેલી બસ સાથે અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે, બસનો કાચ તૂટી જતા ત્રણ લોકો બહાર પટકાયા હતા. બસ અને ડમ્પર બંને પલટી ગયાં હતાં. અકસ્માતના કારણે રસ્તા પર લોકોમાં નાસભાગ મચી હતી.

સુરતના હજીરા વિસ્તારમાં ડમ્પર અને AMNS કંપનીમાં કામ કરતા કામદારોને લઈને જતી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસ અને ડમ્પર બંને પલટી મારી ગયાં હતાં. બસમાં 50થી વધુ લોકો સવાર હતા. આ અકસ્માતના પગલે 15 થી 20 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા.



**ડમ્પર અને બસ પલટી ગયાં:** ડમ્પરચાલક ઓવરટેક કરવા માટે જઈ રહ્યો હતો તે દરમિયાન બે સાઈકલ સવારો પસાર થઈ રહ્યા હતા તે અચાનક જોઈ જતા તેને બચાવવા જતા ડમ્પરને બસ સાથે અથડાવી દીધું હતું. બસની વચ્ચોવચ ડમ્પર ધડાકાભેર અથડાવાના કારણે બસ પલટી મારી ગઈ હતી અને આ સાથે જ ડમ્પર પણ પલટી મારી ગયું હતું. મેઈન રોડ પર જ અકસ્માતના પગલે આસપાસથી લોકો દોડી આવ્યા હતા. આ સાથે જ કંપનીની અન્ય બસમાંથી પણ કામદારો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવારથી ખસેડવામાં આવ્યા છે જેમાંથી એકનું મોત થઈ ચૂક્યું છે.

## બોર્ડ પરીક્ષાનો 12 સાયન્સની પ્રેક્ટીકલ એક્ઝામ સાથે પ્રારંભ

# વિજ્ઞાન પ્રવાહમાં પ્રાયોગિક પરીક્ષાના માર્ક ન ગણાતા કોઈ મહત્વ નહીં, સાયન્સની શાળાઓ લેબ વિકસાવતી નથી

(એજન્સી) રાજકોટ | તા. 06

રાજકોટમાં ધોરણ 12 સાયન્સમાં 7,413 વિદ્યાર્થીઓની પ્રેક્ટીકલ પરીક્ષા આજથી શરૂ થઈ ચૂકી છે. જેમા 3,934 વિદ્યાર્થીઓ બાયોલોજીના વિદ્યાર્થીઓ છે. રાજકોટ શહેર અને જિલ્લાના 21 કેન્દ્રો પરથી વિદ્યાર્થીઓની આજથી પરીક્ષા શરૂ થતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

પરંતુ મહત્વની વાત એ છે કે વિજ્ઞાન પ્રવાહમાં પ્રેક્ટીકલ પરીક્ષાના માર્ક ગણતરીમાં લેવામાં આવતા ન હોવાથી તેનું મહત્વ નહિવત છે અને તેથી જ કેટલીક શાળાઓ વૈજ્ઞાનિક પ્રયોગો માટેની લેબ વિકસાવતી નથી. આ માટે ગુજરાત રાજ્યનું શિક્ષણ વિભાગ થિયરીની જેમ પ્રેક્ટીકલના માર્ક પણ ગણતરીમાં લેવાનો નિર્ણય કરે તો વિદ્યાર્થીઓ તેમાં મહેનત કરે અને એમ પણ વિદ્યાર્થીને ભવિષ્યમાં પ્રેક્ટીકલ જ્ઞાનની જ મુખ્યત્વે જરૂરિયાત રહેવાની છે.

રાજકોટની લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય માં અભ્યાસ કરતી અને કડવીબાઈ વિરાણી હાઈસ્કુલમાં ધોરણ 12 સાયન્સમાં B ગ્રુપ સાથે પરીક્ષા આપવા પહોંચેલી વિદ્યાર્થિની દિયા સાંગાણીએ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષા માટેની તૈયારી ખૂબ જ સારી છે જોકે આ વખતે થોડી વહેલી પરીક્ષા શરૂ થઈ ગઈ હોવાથી તૈયારી પણ ઝડપથી કરવી પડી હતી. 27 મી ફેબ્રુઆરી થી શરૂ થતી ધોરણ 12 સાયન્સની 90 થી વધુ પર્સન્ટાઈલ આવવાની ધારણા છે.

જ્યારે સ્થળ સંચાલક અલ્પેશ જોશીએ જણાવ્યું હતું કે, ધોરણ 12 સાયન્સની પ્રેક્ટીકલ પરીક્ષા સ્વરૂપે બોર્ડ એક્ઝામ નો શુભારંભ થયો છે. 6 થી 17 ફેબ્રુઆરી સુધી આ પરીક્ષા ચાલશે. 2 શિફ્ટમાં પરીક્ષા લેવામાં આવશે. જેમાં સવારે 10 થી 1 અને બપોરે 2 થી 5 વાગ્યા દરમિયાન પરીક્ષા લેવામાં આવશે. જેમાં A ગ્રુપના વિદ્યાર્થીઓને ફિઝિક્સ અને કેમેસ્ટ્રી વિષયની પરીક્ષા આપવાની રહેશે જ્યારે B ગ્રુપના વિદ્યાર્થીઓ બાયોલોજી વિષયની પરીક્ષા આપશે. બોર્ડ પરીક્ષાનો પ્રેક્ટીકલ એક્ઝામ સાથે પ્રારંભ થયો છે.

રાજકોટ શહેર અને જિલ્લાના 21 પરીક્ષા કેન્દ્રો ઉપરથી પ્રેક્ટીકલ એક્ઝામનો પ્રારંભ થયો છે. જેમાં કડવીબાઈ, સેન્ટ મેરી, સરદાર પટેલ વિદ્યા મંદીર, પી. વી. મોદી, સર્વેશ્વર, જી. ટી. શેઠ, વી. જે. મોદી, સાધુ વાસવાણી, તપોવન, સ્કૂલ ઓફ સાયન્સ, કલ્યાણ હાઈસ્કૂલ અને કે. જી. ધોળકિયા સ્કૂલ ખાતેથી આ પરીક્ષાનો પ્રારંભ થશે.

# 52 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે કારચાલકની ધરપકડ...

(એજન્સી) સુરત | તા. 06

સ્પેશિયલ ઓપરેશન ગૃપે એમડી ડ્રગ્સ સાથે ભરત ભગવાનભાઈ પટેલ નામના વ્યક્તિને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી 52 ગ્રામથી વધુ મેથાએમફેટામાઇન ડ્રગ્સ મળી આવ્યું છે, જે શહેરી વિસ્તારના યુવાઓમાં વેચાણ માટે લાવવામાં આવ્યું હતું.

શહેરમાં ડ્રગ્સના ગેરકાયદેસર વેપારને અટકાવવા માટે સુરત પોલીસની વિશેષ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.) સતત કડક કાર્યવાહી કરી રહી છે. શહેરમાં નશાના જાળને ફેલાતાં અટકાવવા, એસ.ઓ.જી.ની અલગ-અલગ ટીમો દ્વારા ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ચોક્કસ ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

સાયણ રોડ, વરીયાવ જંકશન સર્કલ સામે, જાહેર માર્ગ પર ટોયોટા HYRYDER (ફોર વ્હીલ) કાર નંબર GJ-05-RZ-6994 પર શંકાસ્પદ હલચલ જોવામાં આવી હતી. જે બાદ પોલીસ ટીમે આ કારને રોકી તપાસ હાથ ધરી હતી. કારની તલાશી દરમિયાન રૂ. 5,27,700 કિંમતના 52 ગ્રામ મેથાએમફેટામાઇન ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. સાથે જ અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ. 20,37,700ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો.

પોલીસ દ્વારા ઝડપાયેલા આરોપી ભરત ભગવાનભાઈ પટેલ (કળથિયા)ની ઓળખ કરવામાં આવી છે. આરોપી ફ્લેટ નં. 404, બિલ્ડિંગ B-3, અક્ષયજ્યોત એપાર્ટમેન્ટ, ભુલકાભવન સ્કૂલની બાજુમાં, અડાજણ હજીરા રોડ ખાતે રહે છે. મૂળ વતન નાગલપરનો દરવાજો, બોટાદ, તા. જી. બોટાદ છે. પોલીસ દ્વારા આ આરોપીને સખત પૂછપરછ કરવામાં આવતા તેણે કબૂલાત કરી કે તે મુંબઈમાં રહેતા એક વોન્ટેડ આરોપી પાસેથી મેથાએમફેટામાઇન ડ્રગ્સ મંગાવતો હતો. સુરત અને આસપાસના વિસ્તારોમાં છૂટક વેચાણ કરતો હતો.

આ કેસમાં સુરત એસ.ઓ.જી.એ મુંબઈમાં રહેતા એક મોટો ડ્રગ્સ સપ્લાયર વોન્ટેડ હોવાનું ખુલ્યું છે. આરોપી ભરત પટેલે પોલીસને માહિતી આપી કે, તે વોન્ટેડ આરોપી પાસેથી ડ્રગ્સનો જથ્થો મંગાવી સુરતમાં વેચાણ કરતો હતો.

## રખડતા પશુઓની ગંભીર સમસ્યા : વડોદરામાં 10 હજાર ગાયો

# વડોદરા નજીક ખટંબા ખાતે 700 પશુઓની ક્ષમતાવાળો કેટલ શેડ બનાવવામાં આવશે

(એજન્સી) વડોદરા | તા. 06

વડોદરા મહાનગર સેવા સદનના કહેવાતા પ્રયત્નો કરવા છતાં શહેરના માર્ગો ઉપર રખડતી ગાયોનો પ્રશ્ન હલ થવાના બદલે દિવસે દિવસે વધી રહ્યો છે. રખડતી ગાયોના કારણે શહેરમાં અનેક લોકોએ જીવ પણ ખોયા છે અને અનેક લોકો ઈજા પણ પામ્યા છે. ત્યારે વડોદરા કોર્પોરેશન દ્વારા વડોદરા નજીક ખટંબા ખાતે 1000 ગાયો રહી શકે તેવો રૂપિયા 7.53 કરોડના ખર્ચે કેટલ શેડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, શહેરમાં 10 હજાર જેટલી ગાયો છે. તે સામે પાલિકા પાસે હાલ 1000 ગાયો રાખવાની ક્ષમતા ધરાવતા કેટલ શેડ છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશનની ઢોર શાખા દ્વારા અવારનવાર શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તા ઉપર રખડતી ગાયોને પકડવામાં આવે છે અને ઢોર ડબ્બામાં પૂરવામાં આવે છે. પાલિકા હસ્તકના વડોદરા શહેરમાં આવેલા લાલબાગ ખાતે 250, કારેલીબાગ ખાસવાડી ખાતે 180 અને ખટંબા ખાતે 300 + 300 ગાયો રહી શકે તેવી ક્ષમતા ધરાવતા બે કેટલ શેડ છે. વડોદરા



શહેરમાં 10 હજાર જેટલી ગાયો સામે હાલના ઢોર વાડાની ક્ષમતા ઓછી છે. પરિણામે રખડતી ગાયોને ઢોર ડબ્બામાં પૂર્યા બાદ પણ રાખવાની ભારે મુશ્કેલી સર્જાતી હોય છે. ત્યારે વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરમાંથી પકડવામાં આવતી ગાયોને ઢોર ડબ્બામાં પૂરીને ખટંબા ખાતે ઢોર વાડામાં રાખવાના આયોજનના ભાગરૂપે 2 હેક્ટર જમીનમાં વધુ એક કેટલ શેડ બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે, નવા બનનારા કેટલ શેડ સાથે ખટંબા ખાતે 1000 ગાયો રાખી શકાશે. વડોદરા કોર્પોરેશન દ્વારા ખટંબા ખાતે વધુ એક કેટલ શેડ બનાવવા માટે ભાવ પત્રકો મંગાવવામાં આવ્યા છે.

જેમાં બે એજન્સીઓ દ્વારા ટેન્ડરો ભરવામાં આવ્યા હતા. જેમાં પાલિકાના અંદાજીત રૂપિયા 8,75,17,356 કરતાં 13.90 ટકા ઓછું રૂપિયા 7,53,52,443 કમલા ઈલેક્ટ્રિકલ્સ એન્ડ એન્જિનિયરિંગનું આવ્યું છે. જે ભાવ મંજૂર કરવા માટે સ્થાયી સમિતિમાં દરખાસ્ત આવી છે. તા. 7 ફેબ્રુઆરી શુક્રવારે મળનાર સ્થાયી સમિતિમાં આ દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવશે.

# ઘંટનાદ સાથે વિરોધ પ્રદર્શન: પાલનપુર RTO કચેરીમાં ટેક્નિકલ ઓફિસર્સનો આક્રોશ



(એજન્સી) બનાસકાંઠા | તા. 06

પાલનપુર આરટીઓ કચેરીમાં આજે ટેક્નિકલ ઓફિસર્સે તેમના પડતર પ્રશ્નોના નિરાકરણની માંગને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કર્મચારીઓએ કચેરી પરિસરમાં ઘંટનાદ કરીને સૂત્રોચ્ચાર સાથે તેમનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન ટેક્નિકલ ઓફિસર્સે જણાવ્યું કે લાંબા સમયથી તેમની વિવિધ માંગણીઓ પ્રત્યે સરકાર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. આ માંગણીઓના નિરાકરણ માટે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતા આજે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મચારી નેતાઓએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે. આ વિરોધ પ્રદર્શનને કારણે કચેરીના કામકાજ પર અસર પડી હતી અને નાગરિકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# સુરત: ખુલ્લી ગટરમાં પડેલા બાળકનું થયું મોત, પરિવારમાં છવાયો માતમ

(એજન્સી) મહિસાગર | તા. 06

સુરતના કતારગામમાં ખુલ્લી ગટરમાં ગરકાવ થયેલા બાળકનું મોત થયું છે. 24 કલાક બાદ ગટરમાંથી બાળકનો મૃતદેહ મળી આવ્યો છે. બાળકની શોધખોળ માટે NDRFની મદદ લેવામાં આવી હતી. સવારે સ્થાનિકોએ ભેગા મળીને રોડ ચક્કાજામ કરતા પોલીસ પણ પહોંચી હતી અને 24 કલાક વિતી ગયા બાદ ગટરમાંથી બાળકનો મૃતદેહ મળ્યો છે. વરિયાવમાં 2 વર્ષનું બાળક ગટરમાં ગરકાવ થઈ ગયું હતું, માતા બાળકને લઈને બુધવારી બજારમાં ગઈ હતી અને તે દરમિયાન અચાનક બાળક ખુલ્લી ગટરમાં ગરકાવ થઈ ગયું હતું. જો કે સુરત કોર્પોરેશનની બેદરકારીના કારણે વધુ એક માસૂમ બાળકનો જીવ ગયો છે, ગઈકાલે સાંજે કતારગામમાં બાળક ખુલ્લી ગટરમાં ખાબક્યુ હતુ, તંત્રની બેદરકારની કારણે આ ગટર ખુલ્લી હોવાની વાત સામે આવી છે, જેમાં કલાકો બાદ પણ બાળક ન મળતા પરિવારમાં આક્રોશ જોવા મળ્યો છે.



પરિવારજનોએ સ્થાનિક તંત્ર સામે રોષ ઠાલવ્યો અને કતારગામના વરિયાવ વિસ્તારમાં આ ઘટના બની છે, આ બાળકની ઉંમર 2 વર્ષ છે. જોકે બાળકનો કોઈ પત્તો ન લાગતા સ્થાનિકો દ્વારા ફાયર વિભાગ અને 108 એમ્બ્યુલન્સ તેમજ પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને પગલે તાત્કાલિક ફાયર વિભાગ અને પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને બાળકની શોધખોળ હાથ ધરી હતી.

# નવસારી મનપાની લાલ આંખ: 900 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત, 50 વેપારીઓને 1.75 લાખનો દંડ



નવસારી | નવસારી મહાનગરપાલિકાએ શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. નાયબ કમિશનરની આગેવાનીમાં શહેરના હોલસેલ પ્લાસ્ટિક વેપારીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પાલિકાની ટીમે પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. મહાનગરપાલિકાની આ કાર્યવાહીમાં અંદાજે 900 કિલો સિંગલ યુઝ પ્લાસ્ટિક કબજે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાલિકાએ નિયમોનું ઉલ્લંઘન કરીને પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરનારા લગભગ 50 વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી છે. આ વેપારીઓને કુલ રૂપિયા 1.75 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ કાર્યવાહી શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના અભિયાનનો એક ભાગ છે, જેમાં ખાસ કરીને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# ગોધરામાં GST વિભાગની મોટી કાર્યવાહી: તેલ વેપારીની દુકાનમાં સર્વે, દસ્તાવેજોની ચકાસણી

(એજન્સી) પંચમહાલ | તા. 06

ગોધરા શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં આજે સવારથી GST વિભાગની ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી છે. વિભાગના અધિકારીઓએ એક મોટા તેલ વેપારીની દુકાનમાં સર્વેની કામગીરી શરૂ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ, કરચોરીની આશંકાના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. GST વિભાગની ટીમ દ્વારા વેપારીના તમામ વ્યાવસાયિક દસ્તાવેજો, બિલ બુક, સ્ટોક રજિસ્ટર અને અન્ય આનુષંગિક કાગળોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

વડોદરા થી આવેલ GST વિભાગ દ્વારા તેલનાં વેપારીના ત્યાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગોધરાના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ ચોકી નં.6 ની બાજુમાં ભરત મહેતા ટ્રેડર્સ નામના જથ્થાબંધ તેલના વેપારીના સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. જેના કારણે આજુબાજુના વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.ગોધરા શહેરના સ્ટેશન રોડ ચોકી નં.6 ની બાજુમાં મોટાપાયે વેપારીઓ પોતાના ધંધાકીય ક્ષેત્રમાં સંકળાયેલા છે. આજરોજ ગોધરા શહેરના જીએસટી વિભાગ દ્વારા ભરત મહેતા ટ્રેડર્સ નામની વેપારીને ત્યાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતા આજુબાજુના વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

ભરત મહેતા ટ્રેડર્સ નામની દુકાનમાં જીએસટી વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતા મોટાપાયે કરચોરી બહાર આવે તેવી શક્યતાઓ હાલ તો દેખાઈ રહી છે.ગોધરા શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલ ભરત મહેતા ટ્રેડર્સ નામની કપાસ મગફળી તેલના જથ્થાબંધ વેપારીને ત્યાં વડોદરાના જીએસટી વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવતા મોટાપાયે કરચોરી બહાર આવે એવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગોધરા શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલ તેલના વેપારીને ત્યાં જીએસટી વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યું હતું. જે તપાસ હજુ સુધી ચાલુ છે ત્યારે ચાલી રહેલા સર્વેમાં ચોકાવનારા ખુલાસા બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

## હવે બુલડોઝર ફરશે

# મહા નગરપાલિકા જાહેર થયા બાદ ગાંધીધામમાં 3000 ગેરકાયદે દબાણ હટાવવા નોટિસ



(એજન્સી) ગાંધીધામ । તા.06

ગાંધીધામ મહાનગરપાલિકા જાહેર થઈ ગયા બાદ શહેરના માર્ગો પહોળા બને અને દબાણોને હટાવાય તે માટે ગાંધીધામ અને આદિપુરમાં 3000થી વધુ લોકોને દબાણ સ્વેછાએ હટાવી લેવા નોટિસ આપી હતી. જે સમયમર્યાદામાં નહીં હટાવવામાં આવે તો મનપા દબાણ હટાવશે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી. જે અંતર્ગત હવે ગાંધીધામ મનપા દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી આરંભી છે.

આ અંગે નાયબ મ્યુનિસિપલ કમિશ્નર સંજય રામાનુજ પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીધામ મનપા માં અત્યાર સુધી લગભગ 3000થી વધુ દબાણકારોને નોટિસ આપવામાં આવી છે. મનપા માં આવતા વિસ્તારો પૈકીના ગાંધીધામ શહેર અને આદિપુર શહેરમાં આ નોટિસો હાલે અપાઈ છે. જેમાં સમયગાળો પણ આપવામાં આવ્યો હતો. જે બાદ ખાસ કરીને આદિપુરમાં લોકો દ્વારા સ્વેછાએ દબાણ હટાવવાનું શરૂ પણ કરી નાખ્યું હતું અને ગાંધીધામમાં પણ ઘણા લોકો સ્વછાએ દબાણ હટાવતા જોવા મળ્યા છે. આ કામગીરી બંને શહેરોમાં માર્ગોને પહોળા કરવા માટે થઈ રહી છે. દરમિયાન થોડા દિવસો પહેલા ગાંધીધામમાં સુંદરપૂરી, અપના નગર વગેરે વિસ્તારમાં નોટિસ આપવામાં આવી હતી. જે અંતર્ગત અમુક લોકોએ દબાણો હટાવી પણ લીધા હતા અને જેના હવે બાકી રહી ગયા છે તેમણે મનપા હટાવશે. જે માટેની કામગીરી આરંભી દેવામાં આવી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીધામ શહેરની જ્યારે રચના થઈ ત્યારથી જ ખૂબ સારી રીતે પ્લાનિંગ કરવાં આવ્યું હતું. પાકગ, ધંધા માટે દુકાનોનું આયોજન, બાગ-બગીચા વગેરેના નિર્માણ માટે એક ચોક્કસ આયોજન હતું. પરંતુ સમય જતાં તંત્રએ નિયંત્રણ ન રાખતા પરિસ્થિતી એવિ થઈ છે કે જ્યાં જુઓ ત્યાં ગાંધીધામમાં માત્ર દબાણો જ દેખાય છે પરિણામે માર્ગો સાંકડા થયા છે અને વાહન પાકગની ખૂબ મોટી સમસ્યા ઊભી થઈ છે ત્યારે હવે આ બાબતનું સમાધાન કરવા તંત્ર દ્વારા સૌથી પહેલા દબાણ હટાવવા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

# ભાવનગરમાં 6 દિવસમાં રૂ. 2.16 કરોડની વીજચોરી ઝડપાઈ

### પોલીસ પ્રોટેક્સન સાથે કુલ 34 ટીમો દ્વારા 2100 કનેક્શન તપાસ્યા જેમાંથી 499 માં ગેરરીતિ સામે આવતા દંડાત્મક કાર્યવાહી

## વીજચોરીના દુષણ...

## પીજીવીસીએલ દ્વારા ગત સપ્તાહમાં કોર્પોરેટ ડ્રાઈવ આયોજન કરાયું

(એજન્સી) ભાવનગર । તા.06

વીજચોરીના દુષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા અવાર-નવાર વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ભાવનગર જિલ્લામાં ગત સપ્તાહે કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬ દિવસમાં પીજીવીસીએલ દ્વારા ૪૯૯ કનેક્શનોમાં કુલ રૂ.૨.૧૬ કરોડની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે.પીજીવીસીએલ દ્વારા વીજચોરીના દુષણને ડામવા માટે અવાર-નવાર વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ભાવનગર વર્તૂળ કચેરી હેઠળની વિભાગીય અને પેટા વિભાગીય કચેરી હેઠળના વીજ કનેક્શનોમાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગત તા.૨૭ જાન્યુઆરીથી તા.૧લી ફેબુરઆરી એમ કુલ ૬ દિવસના સમયગાળા દરમિયાન પીજીવીસીએલ

**કનેક્શનની કેટેગરી પ્રમાણે ઝડપાયેલી વીજચોરી**

| કેટેગરી | કનેક્શન |
|---|---|
| રહેણાંકી | ૪૭૦ |
| વાણિજ્ય | ૨૦ |
| ખેતીવાડી | ૦૫ |
| સંસ્થા/ટ્રસ્ટ | ૦૩ |
| હંગામી | ૦૧ |
| કુલ | ૪૯૯ |

દ્વારા કોર્પોરેટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. કોર્પોરેટ ડ્રાઈવ અંતર્ગત વીજતંત્રની કુલ ૨૫ અને પોલીસ તથા એસઆરપીની ૧૬ મળી કુલ ૩૪ ટીમો દ્વારા ભાવનગર જિલ્લામાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પીજીવીસીએલની ટીમો દ્વારા ૬ દિવસમાં કુલ



૨૧૦૦ વીજ કનેક્શનોની તપાસણી કરવામાં આવી હતી તેમાંથી ૪૯૯ કનેક્શનોમાં કુલ રૂ.૨.૧૬ કરોડની ગેરરીતિ ઝડપાતા વીજતંત્ર દ્વારા વીજ ચોરી કરનારા ગ્રાહકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૬ દિવસ દરમિયાન વીજતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કોર્પોરેટ ડ્રાઈવમાં સૌથી વધારે રહેણાંકી કનેક્શનોમાં વીજચોરી ઝડપાઈ હતી.

## વિદ્યાનગરમાં રોઝ ફેમેલી સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું


આણંદ : વિદ્યાનગરના આર્યરાજ એસ્પાયરમાં ઉપરના માળે સ્પાની આડમાં ચાલતા કુટણખાના પર આણંદ એસઓજીએ મંગળવારે સાંજે દરોડો કરી મહિલા સંચાલિકા અને મેનેજરને ઝડપી પાડયાં હતાં. તેમજ સ્પા સેન્ટરમાંથી પાંચ યુવતીઓ મળી આવી હતી. વિદ્યાનગર પોલીસે બે સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ત્રણ માસથી ચાલતા કુટણખાના પર એસઓજીએ દરોડો કરતા સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઉઠયા છે. વિદ્યાનગરના રૂદ્રાક્ષ કોર્નર પાસે આવેલા આર્યરાજ એસ્પાયરમાં હોટલની ઉપરના માળે ચાલતા રોઝ ફેમેલી સ્પા સેન્ટર ખાતે સ્પાની આડમાં કુટણખાનું ચાલતું હોવાની બાતમી આણંદ એસઓજીને મળી હતી.

### 7 વોર્ડની 28 બેઠક માટે 16 મીએ મતદાન

# ગારિયાધાર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સામે કોંગ્રેસ-આપનું ગઠબંધન

(એજન્સી) ગારિયાધાર । તા.06

ગારિયાધાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપને હારનો સ્વાદ ચખાડવા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધન કરી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે ભાજપને નગરપાલિકાની સત્તા ઉપર પુનઃ સ્થાપિત થવા માટે કપરા ચઢાણ ચડવા પડે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ગારિયાધાર નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠક માટે આગામી ૧૬મી ફેબુરઆરીએ મતદાન થનાર છે. સાતેય વોર્ડમાં પુરૂષ-સ્ત્રી મળી કુલ ૨૭૦૧૮ મતદાર નોંધાયા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ માટે પરિણામો અણધાર્યા આવ્યા હતા અને આ બેઠક ઉપર આપનો ઉદય થયો હતો. જેથી વિધાનસભાના પરિણામો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ અસર કરે



શકે તેવી ભાજપને ચિંતા સતાવી રહી છે. હવે બે વર્ષ બાદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનારી છે, ત્યારે ભાજપે ફરી સત્તાનો તાજ પહેરવા માટે તમામ સાત વોર્ડમાં ૨૮ ઉમેદવારને ઉભા રાખ્યા છે. તો ભાજપને સત્તાથી દૂર રાખી ન.પા.માં શાસન ચલાવવા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ હાથ મેળવી લીધા છે. બન્ને પક્ષે ટિકિટ ફાળવણીમાં સહમતી સાધી ૨૮ ઉમેદવારને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. જેથી આ વખતની ચૂંટણી ભાજપ-કોંગ્રેસની નહીં, પરંતુ ભાજપ અને ઝાડુ-પંજાના ગઠબંધન વચ્ચે લડાશે. આ ઉપરાંત બહુજન સમાજ પાર્ટી (બસપા)એ પણ નગરપાલિકામાં ખાતું ખોલાવવા ત્રણ ઉમેદવાર ઉતાર્યા છે. જ્યારે અપક્ષમાંથી એકની ઉમેદવારી નોંધાઈ છે. જેથી આગામી ૧૬મીએ ૨૭ હજારથી વધુ મતદારો ભાજપ, ગઠબંધન, બસપા અને અપક્ષના કુલ ૬૦ ઉમેદવારના ભાવિનો ફેંસલો કરી ૧૮મીએ મતગણતરીની સાથે ન.પા.ના નવા શાસકોને ચૂંટશે.

### અન્ય બેન્કોના એટીએમમાં મહત્તમ ત્રણ ટ્રાન્જેક્શન મળે છે

# ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા એટીએમ કાર્ડ ઈસ્યુ નહીં કરાતા ગ્રાહકોને મુશ્કેલી

(એજન્સી) ભાવનગર । તા.06

ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા નવા એટીએમ કાર્ડ છેલ્લા લાંબા સમયથી ઈસ્યુ થતા નથી કે રીન્યુ પણ થતા નથી. આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં હેડ ઓફીસ ભાવનગર ખાતે એકમાત્ર પોસ્ટનું એટીએમ મશીન મુકવામાં આવ્યું છે જેને લઈ ગ્રાહકોમાં અસંતોષની લાગણી ફેલાવા પામી છે.હાલના ઓનલાઈન ફ્રોડના વ્યાપક બનાવ અને ખોટી કંપનીઓના કારણે મોટો વર્ગ બેન્કમાં કે પોસ્ટમાં ડિપોઝીટ રોકવા તરફ વળ્યા છે અને વિવિધ રોકાણોમાં એક વર્ષથી લઈ પાંચ વર્ષ સુધીનું રોકાણ કે રીકરીંગના ખાતા ખોલાવાય રહ્યા છે. પરંતુ આ ગ્રાહકોને સંતોષ પણ મળવો જોઈએ તેવી સર્વિસ પોસ્ટ વિભાગ દ્વારા મળવી જોઈએ. હાલ એટીએમ કાર્ડ એ સૌ કોઈ માટે પૈસા



મેળવવા સરળ ઉપાય છે. પરંતુ ભાવનગર પોસ્ટ વિભાગ દ્વારા છેલ્લા લાંબા સમયથી ગ્રાહકોને નવા એટીએમ કાર્ડ ઈસ્યુ થતા નથી અને જેના કાર્ડ અપાયા છે તે એક્સપાયર થઈ ચુક્યા છે તેને નવા કાર્ડ પણ મળતા નથી ત્યારે ઉપયોગ કરવો પણ શક્ય બનતો નથી. આ અધુરૂ હોય ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકા વચ્ચે ભાવનગર શહેરમાં મુખ્ય પોસ્ટ ઓફીસ પાસે એકમાત્ર પોસ્ટનું એટીએમ મશીન મુકવામાં આવેલ છે જેથી મોટાભાગના પોસ્ટ એટીએમ કાર્ડ ધારકોને અધર બેન્કના મશીનમાંથી પૈસા ઉપાડવાનો વારો આવે છે અને તેમાં પણ ત્રણ ટ્રાન્જેક્શન બાદ પૈસા કપાત થતા હોય કાર્ડ હોવા છતાં એટીએમ મશીનના અભાવે વધારાનો ખર્ચ ભોગવવો પડી રહ્યો છે. ત્યારે નવા એટીએમ કાર્ડ આપવા તેમજ પોસ્ટ એટીએમ મશીનની સંખ્યા વધારવા પણ આમ જનતામાં અને ગ્રાહકોમાં માંગણી ઉઠવા પામી છે.

## પીપલગની મારામારીના કેસમાં આરોપીઓ સિદ્ધાર્થ-શિવાના સાગરિતોને પોલીસ પકડતી નથી

નડિયાદ : ખેડા જિલ્લામાં પોલીસ પ્રશાસન સામે વારંવાર પ્રશ્નાર્થ ઉભા થઈ રહ્યા છે. પીપલગમાં થયેલી હિંસક મારામારીની ઘટનામાં હવે વિકાસ આહીર દ્વારા પોલીસ સામે ગંભીર પ્રશ્નો ઉભા કરતી લેખિત અરજી જિલ્લા કલેક્ટરને આપવામાં આવી છે. જેમાં હિંસક મારામારી કરનારા ઈસમોથી વિકાસ આહીર અને તેના મિત્રોને જાનનું જોખમ હોવાનું જણાવ્યું છે. તેમજ જે વ્યક્તિ સ્થળ પર હાજર જ ન હતો તેની પાસે ખોટી ક્રોસ ફરિયાદ દાખલ કરાવ્યાનો આક્ષેપ પણ રજૂઆતમાં કરાયો છે. નડિયાદના પીપલગમાં મહિના અગાઉ સિદ્ધાર્થ રબારી અને શિવા રબારી અને તેમના સાગરીતો દ્વારા વિકાસ યાદવ અને તેના મિત્રો સાથે હિંસક મારામારી કરી હતી. આ બનાવના દિવસે વિકાસને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બાબતે વિકાસના મિત્રએ સિદ્ધાર્થ અને શિવા સહિત તેમના ટોળા સામે લૂંટ અને રાયોટિંગનો ગુનો દાખલ કરાવ્યો હતો. તેના ત્રણ દિવસ બાદ સિદ્ધાર્થના જૂથમાંથી એક વ્યક્તિએ વિકાસ અને તેના મિત્રો સામે ગુનો નોંધાવ્યો હતો.

# નાગનેશ બ્રાન્ચના પોસ્ટ માસ્તરે 11 ખાતા ધારકોએ જમા કરાવેલ રૂ. 4.80 લાખની રકમની ઉચાપત કરી

(એજન્સી) ભાવનગર । તા.06

બોટાદ જિલ્લાના ચુડા ગામની સબ પોસ્ટ ઓફિસ તાબેની નાગનેશ બ્રાન્ચ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તરે પોસ્ટ ઓફિસ સેવિંગ્સ એકાઉન્ટ અને ડિપોઝિટ એકાઉન્ટ ગ્રાહકો પાસેથી રકમ મેળવી બોગસ પાસબુકમાં સહી કરી રૂ.૪.૮૦ લાખ જેટલી રકમ બ્રાંચમાં જમા નહિ કરાવી કાયમી ઉચાપત કરતા લીંમડી સબ ડિવિઝનના ઈન્સ્પેકટર દ્વારા રાણપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. આ અંગે મળતી વિગત અનુસાર બોટાદ જિલ્લાની ચુડા સબ પોસ્ટ ઓફિસ તાબેની નાગનેશ બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા પ્રવીણ કમાભાઈ મેણીયા ( રહે.મૂળ ભાથરિયા,તા.લખતર, જિ. સુરેન્દ્રનગર ) એ પોસ્ટ માસ્ટર નાગનેશ બ્રાન્ચમાં




તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૧૬/૦૭/૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકેની ફરજ હોવા છતાં તેમને જે ખાતા ધારક ગ્રાહકોએ તેમના ખાતામાં જમા કરાવવા માટે આપેલ રકમ જે તે દિવસે બ્રાન્ચ પોસ્ટ ઓફિસના હિસાબમાં જમા લઈને સરકારી ખાતે પૈસા જમા કરાવવાને બદલે તેમના અંગત ઉપયોગ માટે લઈ સરકારી નાણાની કાયમી ઉચાપત કરી હોવાનું પોસ્ટ ખાતાની તપાસ દરમિયાન ખોલવા પામ્યું હતું. આ તપાસમાં બ્રાન્ચ પોસ્ટ માસ્તર પ્રવીણ મેણીયાએ પોસ્ટ ઓફિસ બેંક એકાઉન્ટના ૦૪ ખાતાધારકોના રૂ. ૧,૫૯,૦૦૦ પોસ્ટ ઓફીસ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ (એક વર્ષ) સ્કીમમાં ૦૪ ખાતા ધારકોના રૂ.૨,૦૦,૦૦૦ તેમજ પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ (પાંચ વર્ષ) સ્કીમના ૦૩ ખાતાધારકો પાસેથી મેળવેલ રૂ.૧,૨૧,૦૦૦ મળી કુલ ૧૧ ખાતાધારકો પાસેથી મેળવેલ રૂ.૪,૮૦,૦૦૦ રોકડા બ્રાન્ચ ઓફિસના હિસાબમાં જમા લઈ સરકારી ખાતે જમા કરાવવાના બદલે પોતાના અંગત ઉપયોગ માટે મેળવી લઈ સરકારી નાણાની કાયમી ઉચાપત કરી હતી. બ્રાન્ચ પોસ્ટ માસ્ટર પ્રવિણ મેણીયાએ પોતાની ફરજ દરમિયાન પોતાની તથા બીજા ગ્રાહકોની જૂની પાસબુકના આગળના પાના ફાડી બોગસ ટી.ડી.ની પાસબુક બનાવી તેને સાચા તરીકે વાપરી ખોટી સહીઓ કરી આ ઉચાપત કરી હોવાનું પોસ્ટ વિભાગની ખાતાકીય તપાસમાં ખુલ્યું હતું.

આ મામલે અધિક્ષક ડાકઘર, સુરેન્દ્રનગર વિભાગ, સુરેન્દ્રનગર દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે લેખિત આદેશ થતા લીમડી સબ ડિવિઝનના સબ ડિવિઝનલ ઈન્સ્પેક્ટર ( પોસ્ટ )એ નાગનેશ બ્રાન્ચ પોસ્ટ ઓફિસના બ્રાન્ચ પોસ્ટ માસ્તર પ્રવીણ કમાભાઈ મેણીયા વિરુદ્ધ રાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેની વિરુદ્ધ આઈપીસી કલમ ૪૦૯,૪૬૫,૪૬૮ અને ૪૭૧ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આણંદમાં સવારે 8 થી રાત્રે 10 સુધી જ લાઉડ સ્પીકર વગાડી શકાશે

(એજન્સી) આણંદ । તા.06

આણંદ જિલ્લામાં ત્રણ નગરપાલિકાઓ સહિતની ચૂંટણી અંગે અક્ષમ અધિકારીની પરવાનગી લઈ સવારે ૮થી રાતે ૧૦ સુધી જ લાઉડ સ્પીકર વગાડી શકાશે. સરઘસમાં ધર્મ- જાતિની લાગણી દૂભાય નહીં અને શાંતિ જોખમાય નહીં તેની તકેદારી રાખવા હુકમ ફરમાવતું જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડયું છે.ત્યારે સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે તે હેતુસર આણંદ જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તા. ૨૧મી ફેબુરઆરી સુધી લાઉડ સ્પીકર વગાડવા માટે હુકમો કર્યા છે. જેમાં કોઈપણ વ્યક્તિ જાહેર કે ખાનગી જગ્યાઓમાં પરવાનગી સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી નહીં શકે. જાહેર સભાઓ, ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ નહીં કરી શકે. પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફક્ત સવારે ૮થી રાતે ૧૦ કલાક સુધી જ જનતાને ત્રાસ કે નુકસાન ન થાય તે રીતે વગાડી શકાશે.

### ચૂંટણીના પગલે રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો

# ચૂંટણીમાંથી ઉમેદવારી પાછી ખેંચવા 3.51 લાખની ઓફર, કોંગ્રેસ ઉમેદવાર સાથે ભાજપની બળજબરી!

(એજન્સી) ભાવનગર । તા.06

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પગલે રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો છે ત્યારે કચ્છમાં મુંદરા તાલુકાના મોટી ભુજપુર-2 ની તાલુકા પંચાયતની સીટના કોંગ્રેસના ઉમેદવારને હરીફ પક્ષ ભાજપના ઉમેદવાર તેમજ આગેવાનોએ 3.51 લાખમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેવાની બળજબરી કરી હોવાનો કિસ્સો ચર્ચામાં આવ્યો છે. કોંગ્રેસના ઉમેદવારના ભાઈને આ અંગેની જાણ થતાં તેમણે સ્ટીંગ ઓપરેશન કરી લીધું અને ઘટનાની વિડીયોગ્રાફી કરી હતી. ત્યારબાદ, કચ્છ જિલ્લા



કોંગ્રેસના પ્રમુખ સહિતનાઓ કલેકટર સમક્ષ પુરાવા સ્વરૂપે વિડીયોગ્રાફી પેન ડ્રાઈવ સ્વરૂપે રજુ કરી ભાજપના ઉમેદવારની દાવેદારી રદ કરવાની માંગ કરી છે.

ભાજપના ઉમેદવાર સહિત મુંદરા તાલુકા ભાજપના આગેવાનોએ રચેલા ખેલનો પર્દાફાશ કરવા કોંગ્રેસના ઉમેદવારના ભાઈએ વિડીયોગ્રાફી કરી લીધી. કચ્છમાં મુંદરા તાલુકા પંચાયતની ભુજપુર- 2 સીટ ઉપર ભાજપમાંથી નારાણ કાના સાંખરા અને કોંગ્રેસમાંથી રતનભાઈ સાંખરા(ગઢવી) ચૂંટણી લડી રહ્યા છે. આ ચૂંટણી યોજાય તે પૂર્વે જ ભાજપ દ્વારા કોંગ્રેસના ઉમેદવારને ફોર્મ પરત ખેંચી લેવા 3.51 લાખમાં વ્યવહાર કરી બળજબરી કરવામાં આવી હોવાનો આક્ષેપ ઉઠયો છે. આ ઘટનાને ટાંકીને આજરોજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા અને મુંદરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ વિરમભાઈ ગઢવીએ ભુજમાં પત્રકારોને માહિતી આપી હતી.

## આણંદના એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવ્યો : સુરતની ગેંગના 4 પકડાયા

### અમેરિકાથી આવતા યુવતીએ વેન્ડર ચોકડી બોલાવ્યો હતો

આણંદ : આણંદના એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવી સુરતની ગેંગે ૭૫૦૦ બળજબરીથી પડાવ્યા બાદ નધુ નાણાંની માંગણી કરી હતી. ત્યારે અમદાવાદના બાપુનગરની આંગડિયા પેઢીમાં છટકું ગોઠવી સુરતની હનીટ્રેપ ગેંગને આણંદ એલસીબીએ ઝડપી પાડી હતી. આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી ગેંગના ચાર શખ્સોના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરાઈ છે. જેમાં સુરતની આ હનીટ્રેપ ગેંગના વધુ કરતૂતો બહાર આવવાની શક્યતા છે. મૂળ આણંદના અને હાલ અમેરિકા રહેતા મનીષકુમાર પટેલને મહિના પહેલા ફેસબૂક પર હેતલ પટેલ નામના આઈડી પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી. બાદમાં બંને વચ્ચે મેસેજની આપ-લે થતી હતી. જાન્યુઆરી-૨૦૨૫માં મનીષકુમારે ભારત આવ્યા હોવાનું જણાવતા આણંદના નવા બસ સ્ટેન્ડ બહાર બંને મળ્યા હતા. ત્યાં પોતાની ઓળખ કિંજલ પટેલ જણાવી યુવતી મનીષકુમાર પટેલના ટુવ્હીલ પાછળ બેસી વેન્ડોર ચોકડી ખાતે લઈ આવી હતી.



### જ્યુબેલી સર્કલ પાસે બેભાન મળેલી અજાણી સ્ત્રીનું મૃત્યુ

# ભુજમાં બાઈક સ્લીપ થતા આધેડનું મોતઃ હાજીપીર અને બારોઈમાં બે યુવાનોના આપઘાત

(એજન્સી) ભુજ । તા.06

પશ્ચિમ કચ્છમાં અકસ્માત આપઘાતના અલગ અલગ ત્રણ બનાવ સામે આવ્યા છે. જેમાં બે યુવાનને અકડ કારણે ફાંસો ખાઈ જીવનનો અંત આણી દીધો છે. તો, એક્ટિવા પરથી પડી જવાથી ગંભીર રીતે ઘવાયેલા આધેડ પુરૂષનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે ભુજ જ્યુબેલી સર્કલ નજીક બેભાન અવસ્થામાં મળી આવેલીનું હોસ્પિટલ બીછાને મૃત્યુ થયું હતું. પોલીસે બનાવોની નોંધ લઈ તપાસ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ મુળ બીહારના અને હાલ ભુજ આર.ટી.ઓ. સર્કલ પાસે રહેતો અને હાજીપીર રોડ પર પંકચરની દુકાન ચલાવતો સાહેનવાઝ વકીલઅહેમદ શેખ નામના યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાની ટાયર પંકચરની દુકાનમાં મંગળવારની રાત્રીથી બુધવારની સવાર દરમિયાન લોખંડના એંગલ પર દોરી બાંધીને આપઘાત કરી લીધો હતો. નરા પોલીસે બનાવની નોંધ લઈને યુવકના આપઘાત પાછળના કારણો જાણવા તપાસ હાથ ધરી છે. તો, મુંદરાના બારોઈ ખાતે મહેશ્વરીવાસમાં રહેતા ૨૭ વર્ષીય શૈલેષભાઈ ફફલ નામના યુવાને રવિવારની રાત્રી દરમિયાન કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરના રૂમની છત પર લોખંડના હુંકમાં દોરી બાંધીને આપઘાત કરી લીધો હતો. મુંદરા પોલીસે બનાવની નોંધ લઈને યુવકના આપઘાત પાછળના કારણો જાણવા તપાસ હાથ ધરી છે. બીજીતરફ ભુજના પખાલી ફળિયું ઘોરાડ ચોકમાં રહેતા કિરણભાઈ પરમાર રવિવારે સવારે એક્ટિવા પર જઈ રહ્યા હતા. ત્યારે તેમની એક્ટિવા મહાદેવ નાકા પાસે સ્લીપ થઈ જતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને પ્રથમ જી. કે.જનરલ હોસ્પિટલમાં લઈ જવાયા બાદ અમદાવાદ રીફર કરતાં ત્યાં સારવાર દરમિયાન બુધવારે અંતિમ શ્વાસ લીધો હતો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે.




**વૃષભ (બ,વ,ઉ)**
તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો.



**મિથુન (ક,છ,ઘ)**
મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ.



**કર્ક (ડ,હ)**
તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.




**સિંહ (મ,ટ)**
મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે.




**કન્યા (પ,ઠ,ણ)**
તમારો હકારાત્મક દ્રષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે.




**તુલા (ર,ત)**
તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે.




**વૃશ્ચિક (ન,ય)**
હ્રદયરોગના દર્દીઓ માટે કોફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હ્રદય પર બિનજરૂરી દબાણ વધારશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચેહરા પાર સ્મિત લાવી શકે છે.




**ધન (ભ,ધ,ફ)**
તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે.



**મકર (ખ,જ)**
ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.



**કુંભ (ગ,શ,સ)**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારે અનેક ટેન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ.



# સોનું રૂ. 87300 અને ચાંદી રૂ. 95000

(એજન્સી) મુંબઈ | તા.06

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ તેજી વેગથી આગળ વધતાં નવી ઉંચી ટોચ દેખાઈ હતી. અમદાવાદ બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના ઝડપી રૂ.૧૫૦૦ ઉછળી રૂ.૮૭ હજારની સપાટી પાર કરી જતાં બજારના ઝવેરીઓ સ્તબ્ધ બની ગયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ પણઆજે કિલોના રૂ.૧૫૦૦ ઉછળી રૂ.૯૫ હજારને આંબી ગયા હતા. અમદાવાદ સોનાના ભાવ વધી ૯૯.૫૦ના રૂ.૮૭૦૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૭૩૦૦ બોલાતા થતાં નવો ઈતિહાસ સર્જાયો હતો. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઉછળતાં તથા ઘરઆંગણે રૂપિયો ગબડતાં દેશમાં આયાત થતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચકાઈ છે તથા તેના પગલે ઝવેરી બજારોમાં તોફાની તેજી દેખાઈ રહી છે. એવું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઉંચા મથાળેથી નીચે ઉતરતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યું હતું. અમેરિકામાં ટ્રમ્પના આગમન પછી ટ્રેડવોર સહિતની વિવિધ અનિશ્ચિતતાઓ સર્જાતાં વિશ્વ બજારમાં સોનામાં સેફ-હેવન સ્વરૂપનું બાઈંગ પણ આવી રહ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૮૧૯થી ૨૮૨૦ ડોલરવાળા ઉછળી ઉંચામાં ૨૮૭૭ થઈ ૨૮૭૦થી ૨૮૭૨ ડોલર રહ્યા હતા. હવે ૨૯૦૦ ડોલર તથા ત્યાર પછી ૩૦૦૦ ડોલરના ભાવ પર બજારની નજર મંડાઈ છે. દરમિયાન, વિશ્વ બજારમાં આજે ચાંદીના ભાવ ઔંશના ૩૧.૬૪ વાળા વધી ૩૨.૫૪ થઈ ૩૨.૪૧ થી ૩૨.૪૨ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ વધી ૯૮૭ થઈ ૯૮૪થી ૯૮૫ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ વધી ૧૦૦૭ થઈ ૧૦૦૩થી ૧૦૦૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૨૧ ટકા પ્લસમાં રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધી ૯૯.૫૦ના રૂ.૮૪૩૧૮ તથા ૯૯.૯૦ના રૂ.૮૪૬૫૭ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ વધી જીએસટી જીએસટી વગર રૂ.૯૫૪૨૫ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં બેતરફી વધઘટ દેખાઈ હતી. અમેરિકામાં ક્રૂડતેલનો સ્ટોક લ૫૦થી ૫૧ લાખ બેરલ્સ વધ્યાનું અંમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટીટયુટેજણાવ્યું હતું. વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૪.૫૭ વાળા ઉંચામાં ૭૬.૩૪ થયા પછી નીચામાં ભાવ ૭૫.૨૩ થઈ ૭૫.૩૨ ડોલર રહ્યા હતા. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ હવે ઈરાન સામે કેવા પગલાં ભરે છે તેના પર ક્રૂડતેલ બજારના ખેલાડીઓની નજર રહી હતી.

### આરોગ્યના હેતુ માટે ઉપાડશે તો માતા-પિતાની આવકમાં ઉમેરાશે નહિ

# NPS વાત્સલ્યમાં કરેલું રોકાણ આરોગ્ય કે એજ્યુકેશન માટે ઉપાડશે તો ટેક્સ નહિ લાગે

(એજન્સી) મુંબઈ | તા.06

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રજૂ કરેલા બજેટના માધ્યમથી કરવામાં આવેલી નવતર જોગવાઈથી એનપીએસમાં કરેલા રોકાણના નાણાં બાળકોના એજ્યુકેશન કે આરોગ્ય માટે ઉપાડ કરવામાં આવે તો તે ઉપાડને માતાપિતાની આવકમાં ઉમેરવામાં આવશે નહિ. તેથી જ ઉપાડની આ રકમ ટેક્સેબલ પણ બનશે નહિ.



બાળકના શિક્ષણના ખર્ચ માટે કે પછી ચોક્કસ પ્રકારની બીમારી માટે એનપીએસ વાત્સલ્યમાંથી ઉપાડ કરવામાં આવશે તો તેના પર ટેક્સ લગાડવામાં આવશે નહિ. તેને માતા-પિતાની જે તે નાણાંકીય વર્ષની આવકમાં ઉપાડવામાં આવશે નહિ. ૭૫ ટકાથી વધુની પંગુતા આવી હોય અને તેની સારવાર માટે ખર્ચ કરવા તેમાંથી ઉપાડ કરવાનો આવે તો તે રકમ જે તે વર્ષની આવકમાં ઉમેરાશે નહિ. આ રીતે કરવામાં આવેલો ઉપાડ વ્યક્તિએ જમા કરાવેલી રકમના ૨૫ ટકાથી વધુ ન હોવો જોઈએ તેવી શરત તેની સાથે રાખવામાં આવી છે. એનપીએસ વાત્સલ્ય તરીકે ઓળખાતી આ યોજના ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૪ના લોન્ચ કરવામાં આવી હતી. યુવાનો અને વયસ્કો માટેની એનપીએસની યોજનાની જેમ જ આ યોજના નાના બાળકો માટે ચાલુ કરવામાં આવી હતી. સમાજના નોકરિયાત વર્ગને ધ્યાનમાં રાખીને આ યોજના ખાસ કરીને તૈયાર કરવામાં આવી હતી. સગીર વયના બાળકોના શિક્ષણ, આરોગ્ય માટે આ યોજના ચાલુ કરવામાં આવેલી છે. બાળક જન્મે ત્યારથી તેની નિવૃત્તિ માટેનું તેના શિક્ષણની જરૂરિયાત માટેનું ભંડોળ આ યોજના હેઠળ એકત્રિત કરી શકાય છે. એનપીએસનું નિયમન પીએફઆરડીએ દ્વારા કરવામાં આવે છે. વયસ્કો માટેની એપીએસનું નિયમ પણ પીએફઆરડીએ જ કરે છે. એનપીએસ વાત્સલ્યને બજાર સાથે લિન્ક કરવામાં આવેલી છે. બાળક માટે ચાલુ કરવામાં આવેલી એનપીએસ યોજના તે ૧૮ વર્ષનું થાય તે પછી તેના નામે રૂપાંતરિત કરી આપી શકાય છે. બાળક ઈચ્છે તો તે રોકાણની મર્યાદાને તેની પોતાની નિવૃત્તિ વય સુધી લંબાવી શકે છે. એનપીએસ વાત્સલ્યમાં કરવામાં આવતા રોકાણમાં વેરા રાહતની કોઈ જ જોગવાઈ કરવામાં આવેલી નથી.

૨૦૨૫-૨૬ના બજેટમાં નવી સિસ્ટમમાં રિટર્ન ફાઈલ કરનારને રૂ. ૧૨ લાખ સુધીની આવક ટેક્સ ફ્રી કરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો તેમાં એનપીએસના કે અન્ય કોઈ રોકાણને વેરાલાભ ન જ આપવાનું નિશ્ચિત કરી દેવામાં આવ્યું છે. બાળકના શિક્ષણના ખર્ચ માટે કે પછી ચોક્કસ પ્રકારની બીમારી માટે એનપીએસ વાત્સલ્યમાંથી ઉપાડ કરવામાં આવશે તો તેના પર ટેક્સ લગાડવામાં આવશે નહિ. તેને માતા-પિતાની જે તે નાણાંકીય વર્ષની આવકમાં ઉમેરવામાં આવશે નહિ. ૭૫ ટકાથી વધુની પંગુતા આવી હોય અને તેની સારવાર માટે ખર્ચ કરવા તેમાંથી ઉપાડ કરવાનો આવે તો તે રકમ જે તે વર્ષની આવકમાં ઉમેરાશે નહિ. આ રીતે કરવામાં આવેલો ઉપાડ વ્યક્તિએ જમા કરાવેલી રકમના ૨૫ ટકાથી વધુ ન હોવો જોઈએ તેવી શરત તેની સાથે રાખવામાં આવી છે. એનપીએસ વાત્સલ્યમાં કરવામાં આવેલા રોકાણના કુલ નાણાંમાંથી ત્રણ વાર ૨૫-૨૫ ટકાનો ઉપાડ કરવાની છૂટ આપવામાં આવી છે. જોકે આ ઉપાડ ૧૮ વર્ષના ગાળામાં ત્રણ જ વાર કરવા દેવામાં આવશે. અન્યથા બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી આ નાણાંનો ઉપાડ થઈ શકે જ નહિ. માઈનોરના નામે ખાતું ખોલ્યા પછી બાળકનું અવસાન થાય તો તે સંપૂર્ણ રકમનો ઉપાડ કરવામાં આવે ત્યારે પણ તે માતા-પિતાની આવકમાં ઉમેરાશે નહિ.

# હીરો ફિનકોર્પની લોન રાઈટ ઓફમાં 80%નો વધારો

(એજન્સી) મુંબઈ | તા.06

અભિમન્યુ મુંજાલની આગેવાની હેઠળની એનબીએફસી હીરો ફિનકોર્પમાં નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રણ ક્વાર્ટરમાં લોન રાઈટ-ઓફમાં ૮૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. એક વર્ષ અગાઉના સમાન સમયગાળાના રૂ. ૧૨૧૫ કરોડથી વધીને લોન માંડવાળ રૂ. ૨૧૮૦ કરોડ થઈ ગઈ છે. રેગ્યુલેટરી ફાઈલિંગ અનુસાર કંપનીએ રૂ. ૧૮૭૫ કરોડ રૂપિયાની ૨.૯૫ લાખથી વધુની રાઈટ-ઓફ કરેલ લોન માત્ર ૪૯.૮૫ કરોડ રૂપિયામાં વેચી દીધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ નવ મહિનામાં ધિરાણકર્તાએ ૧૨૧૪.૭ કરોડ રૂપિયાની લોન રાઈટ-ઓફ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ હીરો ફિનકોર્પની કુલ એનપીએ ૫.૩૬ ટકા હતી. બેડ લોન વધતા કંપનીના નફા પર અસર પડી છે૩૦, સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં હીરો ફિનકોર્પની એસેટ અન્ડર મેનેજમેન્ટ ૫૩,૬૪૨ કરોડ રૂપિયા હતી, જેમાં પર્સનલ લોન (૩૦.૭ ટકા), ટુ-વ્હીલર ફાઈનાન્સ (૧૬.૯ ટકા), સિક્યોર્ડ સ્મોલ અને મીડિયમ સાઈઝ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ લોન- ૧૨.૯ ટકા), અનસિક્યોર્ડ એમએસએમઈ લોન (૧૧.૨ ટકા), કોર્પોરેટ લોન (૯.૭ ટકા), યુઝ્ડ કાર ફાઈનાન્સ (૭.૩ ટકા), હોમ લોન (૬.૭ ટકા) અને લોન અગેન્સ્ટ પ્રોપર્ટી અને અન્ય (૪.૭ ટકા)નો સમાવેશ થાય છે.




# મહિન્દ્રા ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવી 14 ફેબ્રુઆરી, 2025થી તમામ 9 વેરિઅન્ટ્સ માટે બુકિંગ શરૂ કરશે

(એજન્સી) મુંબઈ | તા.06

મહિન્દ્રાની ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવીએ વિશ્વ-સ્તરીય સુવિધાઓ સાથે નવા બેંચમાર્ક સ્થાપિત કર્યા છે, જે તેને ★UnlimitIndia ગૌરવની ક્ષણ બનાવે છે. વિવિધ પ્રાઈઝ પોઈન્ટ્સ ઉપર આ વર્લ્ડ બીટર્સને એક્સેસ કરવા ઈચ્છતા ગ્રાહકો તરફથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને જોતાં મહિન્દ્રા 14 ફેબ્રુઆરી, 2025 ના રોજ સવારે 9 વાગ્યાથી XEV 9e અને BE 6ના તમામ પેક માટે બુકિંગ શરૂ કરી રહી છે. તેનો સપોર્ટ કરવા એક સ્ટ્રક્ચરલ પ્રોડક્શન રેમ્પ-અપ અમલમાં મૂકવામાં આવી રહ્યું છે, જેમાં દરેક વેરિઅન્ટ માટે ટાઈમલાઈન શેર કરવામાં આવી છે.

XEV 9e અને BE 6 ની સંપૂર્ણ લાઈનઅપ 14 ફેબ્રુઆરી, 2025ના રોજ સવારે 9 વાગ્યાથી બુકિંગ માટે ઉપલબ્ધ છે, જે ગ્રાહકોને પસંદગીની પાવર પ્રદાન કરે છે.




વધતી માંગને પહોંચી વળવા માટે વેરિઅન્ટ્સનું ઉત્પાદન તબક્કાવાર વધારવામાં આવશે. પેક થ્રી માટે ડિલિવરી માર્ચ 2025ના મધ્યમાં શરૂ થશે; બાકીના બધા પેક જૂન અને ઓગસ્ટ 2025 ની વચ્ચે. ગ્રાહકો 6 ફેબ્રુઆરી, 2025ના રોજ સવારે 10 વાગ્યાથી સત્તાવાર વેબસાઈટ પર તેમની પસંદગીના મોડેલ અને વેરિઅન્ટ માટે તેમની પસંદગી ઉમેરી શકે છે. (https://www.mahindraelectricsuv.com/).

# એક્સિસ સિક્યોરિટીઝ સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિ.ના સ્ટોક ઉપર ₹1,645ના ટાર્ગેટ સાથે ખરીદીની ભલામણ

(એજન્સી) મુંબઈ | તા.06

એક્સિસ સિક્યોરિટીઝે સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડ (સિગ્નેચર) સ્ટોક પર 1,645ની ટાર્ગેટ કિંમત સાથે ખરીદીની ભલામણ કરી છે, જે વર્તમાન બજાર કિંમત (CMP) કરતાં 29% વધુ સૂચવે છે. સિગ્નેચર ગ્લોબલ એ દિલ્હી/એનસીઆર ક્ષેત્રમાં એક અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની છે જે એફોર્ડેબલ એવા અને મિડ-સેગમેન્ટ હાઉસિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સિગ્નેચર ગ્લોબલ એફોર્ડેબલમાંથી મિડ-ઈન્કમ અને ત્યારબાદ પ્રીમિયમ હાઉસિંગ તરફ સ્થળાંતર થયું હોવાથી, માંગ ઝડપથી વધી, પરિણામે તે સેગમેન્ટ માટે ઓછી ઈન્વેન્ટરી ઓવરહેંગ થઈ. કંપનીએ ટ્રેન્ડમાં આ ફેરફારની નોંધ લીધી અને તેનું ધ્યાન રૂ.2 કરોડથી રૂ.6 કરોડની વચ્ચેના હાઉસિંગ સેગમેન્ટ તરફ વાળ્યું. આ સેગમેન્ટમાં માત્ર થોડી જ જાણીતી બ્રાન્ડ્સ છે અને છેલ્લા એક દાયકામાં સિગ્નેચર ગ્લોબલે આ બજાર પર પ્રભુત્વ મેળવવાની તેની ક્ષમતા સાબિત કરી છે. સિગ્નેચરની યોજના ઊભરતાં સૂક્ષ્મ બજારોમાં પ્રોજેક્ટ્સ વિકસાવીને ગુરુગ્રામના શહેરી વિકાસમાં લાભ મેળવવાની છે. તેના મોટા ભાગના આગામી પ્રોજેક્ટ સેક્ટર 71, સેક્ટર 37D અને સોહના/માનેસર કોરિડોરમાં છે. આ વિકસતા વિસ્તારોમાં વ્યૂહાત્મક લાભો છે અને વધુ સારી ભાવિ કનેક્ટિવિટી છે તથા ઉચ્ચ મિલકત મૂલ્યો જોવા મળે તેવી શક્યતા છે. હસ્તાક્ષર ઉત્તર ભારતના વેપાર અને IT હબમાં પોતાને સ્થાપિત કરીને મધ્યમ આવક અને પ્રીમિયમ હાઉસિંગ માટેની ગુરુગ્રામની માંગનો લાભ મેળવી રહ્યાં છે.

### નાણાકીય કામગીરી અને અંદાજો

સિગ્નેચર ગ્લોબલની આવક FY24માં 1,241 કરોડથી વધીને FY27માં 7,197 કરોડ થવાની ધારણા છે, જે 80%ના મજબૂત CAGRને પ્રતિબિંબિત કરે છે. FY25 થી FY27 સુધી સરેરાશ 36% CAGR ની મજબૂત ગતિએ વધવાની આગાહી કરવામાં આવી છે. બુકિંગ 18,129 કરોડ સુધી પહોંચવાની આગાહી છે જે લગભગ 25 મિલિયન ચોરસ ફૂટના આગામી લોન્ચને કારણે છે. કંપનીના EBITDA માર્જિનમાં FY24માં -2.1% થી FY27માં 27% સુધી નોંધપાત્ર સુધારો થવાની ધારણા છે. ચોખ્ખો નફો FY24માં 16 કરોડથી FY27માં 1,654 કરોડ થવાનો અંદાજ છે. ઓપરેટિંગ કેશ ફ્લો FY25માં 621 કરોડથી વધીને FY27માં 2,708 કરોડ થવાની ધારણા છે. FY27E સુધીમાં કંપનીએ નેગેટિવ નેટ ડેટની જાણ કરવાની અપેક્ષા છે, જે મજબૂત નાણાકીય સ્વાસ્થ્યનો સંકેત આપે છે.

**સ્પર્ધાત્મક સ્ટ્રેન્થ અને એક્ઝેક્યુશન ક્ષમતા |** કંપની ઝડપી ટર્નઅરાઉન્ડની ક્ષમતા ધરાવે છે, જેમાં લેન્ડ-ટુ-લોન્ચમાં માત્ર 18 મહિનાનો સમય લાગે છે, જે ઈન્ડસ્ટ્રીઝના ધોરણ કરતાં વધુ ઝડપી છે. તે ગુરુગ્રામના સૂક્ષ્મ બજારોમાં 27% બજાર હિસ્સો ધરાવે છે, તેના બજાર નેતૃત્વને મજબૂત બનાવે છે. વધુમાં, તેનું વ્યૂહાત્મક જમીન સંપાદન ઉચ્ચ માળખાકીય વૃદ્ધિ અને કનેક્ટિવિટી સાથેના સ્થાનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# શેરબજાર લાલ નિશાનમાં બંધ, સેન્સેક્સ 78,058 અંકે

### નિફ્ટી 23,625 અંકે બંધ

(એજન્સી) મુંબઈ | તા.06

ગુરુવારે બપોરે 3.30 કલાકે શેરબજાર નબળી સ્થિતિમાં જ બંધ થયું, સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં જ બંધ થયા. સેન્સેક્સ 138 પોઈન્ટના ઘટાડા સાથે 78,133.23 અંક પર બંધ થયો. જ્યારે નિફ્ટી 92.95 પોઈન્ટના ઘટાડા સાથે 23,603 અંક પર બંધ થયો.



### આજે પણ માર્કેટ લાલ નિશાને બંધ

નિફ્ટીની સમાપ્તિના દિવસે બજારમાં દબાણ હતું અને સેન્સેક્સ અને નિફ્ટી બંને અંતે ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ, સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી જ્યારે રિયલ્ટી, પીએસઈ, એફએમસીજી શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓટો, મેટલ, ઓઈલ અને ગેસ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા. ફાર્મા, આઈટી, બેંકિંગ સૂચકાંકો નજીવા વધારા સાથે બંધ થયા. ખાનગી બેંકોમાં રિકવરીને કારણે નિફ્ટી બેંક નીચા સ્તરથી ઉપર બંધ થયો. ફાર્મા, આઈટી અને ખાનગી બેંકોને બાદ કરતાં, બધા ક્ષેત્રના સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા. ઓટો, એફએમસીજી, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલ, પીએસયુ બેંક સૂચકાંકો 1-2 ટકા ઘટ્યા હતા. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1 ટકાના ઘટાડા સાથે બંધ થયો. જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.3 ટકાના ઘટાડા સાથે બંધ થયો.

# રજિસ્ટ્રેશન રિન્યુઅલ માટે ટ્રસ્ટો પાસે ઢગલાબંધ વિગતો માગતા પરેશાન

(એજન્સી) મુંબઈ | તા.06

કેન્દ્ર સરકારની સૂચના મુજબ રજિસ્ટ્રેશન પૂરું થવાના છ મહિના પહેલાથી ટ્રસ્ટના રજિસ્ટ્રેશનને રિન્યુ કરવા માટે અરજી કરનારા ચેરિટેબલ ટ્રસ્ટો પાસે કમિશનર એક્ઝમ્પ્શનની કચેરીના અધિકારીઓ બિનજરૂરી દસ્તાવેજોની માગણી કરીને તેમની પરેશાની વધારી રહ્યા છે. આ દસ્તાવેજોમાં ટ્રસ્ટની રચનાની કોપી ગુજરાતીમાં હોય તો તેને અંગ્રેજીમાં રૂપાંતરિત કરાવી રજૂ કરવા જણાવવામાં આવી રહ્યું છે. તેવી જ રીતે મેનેજિંગ ટ્રસ્ટીઓના આઈડી પ્રુફ પણ માગવામાં આવી રહ્યા છે. ટ્રસ્ટની છેલ્લા પાંચ વર્ષની નફાનુકસાનની બેલેન્સશીટ, ખર્ચના દરેક વાઉચર્સ, પાંચ વર્ષના ઓડિટ રિપોર્ટ, ટ્રસ્ટની પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ, ટ્રસ્ટની તમામ મિલકતોના દસ્તાવેજો અને ફોટોગ્રાફ્સ, ભાડાની મિલકત હોય તો લીઝ ડીડ, છેલ્લા ત્રણ વર્ષમાં મળેલા દરેક ડોનેશનની વિગતો, ટ્રસ્ટેને પહેલા આપવામાં આવેલી માન્યતા વખતે આપવામાં આવેલા તમામ સર્ટિફિકેટ્સની નકલો પણ માગવામાં આવી રહી છે. આ તમામ ઉપરાંત ટ્રસ્ટની કોઈ ધંધાકીય પ્રવૃત્તિ હોય તો તેના હિસોબો પણ માગવામાં આવ્યા છે. ૨૦૨૧માં આ ટ્રસ્ટોના રજિસ્ટ્રેશન પાંચ વર્ષ માટે રિન્યુ કરવામાં આવ્યા ત્યારે પણ આટલી વધારે વિગતો માગવામાં આવી નહોતી. હવે પ્રમાણમાં વધુ વિગતો માગવામાં આવતી હોવાથી ચેરિટેબલ ટ્રસ્ટોની પરેશાની વધી ગઈ છે. એક તરફ નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૫-૨૫ના બજેટનું ઓપનિંગ કરતાં જ કર્યું હતું કે વી ટ્રસ્ટ ટેક્સ પેયર્સ-અમે કરદાતાઓનો વિશ્વાસ કરી રહ્યા છીએ. પરંતુ ચેરિટેબલ ટ્રસ્ટો પાસેથી માગવામાં આવેલી વિગતો જોતાં તેમને કરદાતાઓ પર રતિભાર વિશ્વાસ ન હોય તેમ જણાઈ રહ્યું છે. ચેરિટેબલ ટ્રસ્ટોએ એક વાર રજિસ્ટ્રેશન કરાવ્યા પછી ૧૦ વર્ષ સુધી તે રિન્યુ કરાવવું નહિ પડે તેની પણ જાહેરાત ૨૦૨૫-૨૬ના બજેટમાં કરવામાં આવી છે. ચેરિટેબલ ટ્રસ્ટોને રિન્યુઅલની નોટિસ મળ્યા પછી તેમને માથે જવાબદારીનો મોટો બોજ આવી ગયો હોય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. ટેક્સના નિષ્ણાત પ્રમોદ પોપટનું કહેવું છે કે એક તરફ સરળતાની વાત કરવામાં આવી રહી છે, બીજીતરફ દર વર્ષે રિટર્ન ફાઈલ કરતી વખતે તમામ હિસાબો રજૂ કરવામાં આવે જ છે. આ સંજોગમાં છેલ્લા પાંચ વર્ષના હિસાબો નવેસરથી મંગાવવાનો કોઈ જ અર્થ નથી. દર વર્ષે આપવામાં આવતા ફાઈલ કરવામાં આવતા રિટર્ન સાથે ડોનેશનની વિગતો સાથેનું ફોર્મ ૧૦ - બી.ડી. ફાઈલ કરવામાં આવે જ છે. તેમ જ ગુજરાતના ૯૦ ટકાથી વધુ ટ્રસ્ટોને ટ્રસ્ટડીડ ગુજરાતી ભાષામા જ હોય છે. દરેક ટ્રસ્ટે તેનું ટ્રાન્સલેશન કરાવવા માટે રૂપિયા પાંચથી દસ હજારનો ખર્ચ કરવો પડી રહ્યો છે.૩૧મી માર્ચ ૨૦૨૫ કે પછી ૩૧મી માર્ચ ૨૦૨૬માં રજિસ્ટ્રેસન પૂરું થઈ રહ્યું હોય તેવા તમામ ટ્રસ્ટોએ દસ વર્ષ માટે રિન્યુઅલ કરાવવાની નોટિમ આપવામાં આવી રહી છે.



# બજેટ 2025ને વેગ મળતાં MTNL ના શેર 20 ટકાના અપર સર્કિટે પહોંચ્યા

મુંબઈ | મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (MTNL) ના શેરોમાં બુધવારે, 5 ફેબ્રુઆરીએ, 20% નો ઉછાળો આવ્યો છે, જેનો મુખ્ય કારણ કંપનીના સંપત્તિ મોનિટાઈઝેશન યોજનાઓ અને 2025ના બજેટમાં ટેલિકોમ ક્ષેત્રને મળેલા પ્રોત્સાહનને માનવામાં આવે છે. આ વધારાને કારણે MTNLના શેર ભાવ રૂ. 57.21 સુધી પહોંચ્યા છે. મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (MTNL) ના શેરોમાં બુધવારે, 5 ફેબ્રુઆરીએ, 20% નો ઉછાળો આવ્યો છે, જેનો મુખ્ય કારણ કંપનીના સંપત્તિ મોનિટાઈઝેશન યોજનાઓ અને 2025ના બજેટમાં ટેલિકોમ ક્ષેત્રને મળેલા પ્રોત્સાહનને માનવામાં આવે છે. આ વધારાને કારણે MTNLના શેર ભાવ રૂ. 57.21 સુધી પહોંચ્યા છે. વિત્ત મંત્રી નિર્મલા સીતારમણે યુનિયન બજેટ 2025ના ભાષણમાં પસંદગીના સરકારી શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે નવી યોજના જાહેર કરી છે, જે ટેલિકોમ ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપે છે. આ જાહેરાતો પછી, BSE ટેલિકોમ ઈન્ડેક્સમાં 1.4% નો વધારો થયો છે, જે 2,806 પર પહોંચ્યો છે. હાલમાં, MTNL ભારે દેવાના ભાર હેઠળ છે અને ઓક્ટોબર 2024માં મોટાભાગના સરકારી બેન્કો દ્વારા નોન-પરફોર્મિંગ એસેટ (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું.

# ટૂંક સમયમાં રૂ.80,000 કરોડના શેર IPO લોક-ઈનમાંથી બહાર આવશે

(એજન્સી) મુંબઈ | તા.06

નુવામા ઓલ્ટરનેટિવ એન્ડ ક્વોન્ટિટેટિવ રિસર્ચ અનુસાર, 32 નવી લિસ્ટેડ કંપનીઓના રૂ.80,000 કરોડના શેર માટેનો લોક-ઈન સમયગાળો ફેબ્રુઆરીમાં સમાપ્ત થવાનો છે. આ સ્ટોક્સ આઈપીઓ પહેલાં રોકાણકારો અને પ્રમોટર્સને આપવામાં આવેલા પ્લેસમેન્ટનો ભાગ છે. બેન્કર્સ અને બ્રોકર્સે જણાવ્યું હતું કે, આ શેરોનો એક હિસ્સો બજારમાં આવી શકે છે, કેમ કે, વિવિધ રોકાણકારો શેરબજારની અનિશ્ચિતતા વચ્ચે નફો કમાવવાનો પ્રયાસ કરશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, લોક-ઈનમાંથી એક્ઝિટનો અર્થ આવશ્યકપણે બજારમાં વધુ પડતાં પુરવઠાની અપેક્ષા હશે, જે બદલામાં શેરના ભાવ પર અસર કરે છે. સમજદાર રોકાણકારો માટે અમે અપેક્ષા કરીએ છીએ કે, તેમના રોકાણ માટે શિસ્ત અને રણનીતિ હશે. જે માંગ આપૂર્તિના વિચારોથી પ્રેરિત હશે. જ્યારે કેટલીક વેચણી પોર્ટફોલિયોના પુનઃસંતુલનને કારણે હોઈ શકે છે. માર્કેટ નિરિક્ષકો બ્રેઈનબીઝ, ઓલા ઈલેક્ટ્રિક મોબિલીટી, પ્રીમિયર એનર્જી, અકુમ્સ ડ્રગ્સ એન્ડ ફાર્મા, કોનકાર્ડ બાયોટેક, જ્યુનિપર હોટેલ્સ, સીગલ ઈન્ડિયા અને સ્વિગી જેવી કંપનીઓમાં પ્રી-આઈપીઓ રોકાણકારો તથા પ્રમોટર્સની ક્રિયાઓ પર ચુસ્તપણે નજર રાખશે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, લોક-ઈનના અંતનો અર્થ તાત્કાલિક વેચવાલી ન હોઈ શકે. જો કે નબળી સંભાવના ધરાવતી કંપનીઓના શેર વધુ સંવેદનશીલ છે. નબળું અથવા નેગેટિવ પર્ફોર્મન્સ ધરાવતાં શેરોમાં એન્કર રોકાણકારો તેમના હોલ્ડિંગમાં ઘટાડો કરી શકે છે. છ મહિનાથી વધુ લોક-ઈન સામાન્ય રીતે વ્યૂહાત્મક રોકાણકારો અને પ્રમોટરો દ્વારા રાખવામાં આવે છે. જે ઓપન માર્કેટ વેચાણમાં પરિણમી શકે તેવી શકયતા ઓછી છે. આવા કિસ્સામાં કોઈપણ એક્ઝિટ બ્લોક ડીલ દ્વારા થવાની શકયતા છે.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-10

# શિક્ષણની ગુણવત્તા વધારવાનો પડકાર



એ કોઈથી છૂપું નથી કે શિક્ષણ સમાજને યોગ્ય અને સમર્થ બનાવવાની દિશામાં કેટલું મહત્ત્વનું છે. શિક્ષણનાં પરિસર એક પરિપક્વ અને સર્જનશીલ મનુષ્ય બનાવવાની પ્રયોગશાળા હોય છે. જ્યાં વિદ્યાર્થી જીવન મૂલ્યોની દીક્ષા મેળવે છે. તેના વ્યક્તિત્વની બનાવટ પણ ઘણી હદે ત્યાં જ થાય છે. ભારતમાં શિક્ષણ ઐતિહાસિક રૂપે અનેક પડકારોથી ઘેરાયેલું રહ્યું છે, તેથી તેની સમસ્યાઓ ભેગી થતી ગઈ છે. ભારતીય રાજકારણ શિક્ષણ પ્રત્યે અલગ-અલગ દૃષ્ટિકોણથી સંવેદનશીલ રહ્યું છે. પરિણામે શિક્ષણમાં પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે રાજકીય પ્રયોગ થતા રહે છે. જોકે શિક્ષણ સમાજના વર્તમાન અને ભવિષ્ય, બંને સાથે જોડાયેલ રહે છે, તેથી તેમાં રાજકીય દિલચસ્પી સ્વાભાવિક છે. આઝાદી બાદ સેક્યુલર દૃષ્ટિ શિક્ષણની આધારશિલા બની, જેણે ઘણું બધું જે ભારતીય હતું તે ભુલાવી દીધું, બહિષ્કૃત કરી દીધું કે ઘટાડી-વધારીને વિકૃત રૂપે સામેલ કર્યું. શિક્ષણની પ્રક્રિયાને પશ્ચિમી દુનિયાને અનુકૂળ બનાવવા અને તેના જ માપદંડ પર ચલાવવાનો ઉદ્યમ ચાલતો રહ્યો. અંગ્રેજોના સમયમાં જ્ઞાન અને સંસ્કૃતિના એકલ પ્રતિમાન રૂપે જે અંગ્રેજિયત સ્થાપિત થઈ, તે વર્ચસ્વ વધારતી ગઈ. સ્વતંત્ર ભારતમાં અપનાવવામાં આવેલ શિક્ષણની નીતિઓ, યોજનાઓ, જોગવાઈ અને તેનો અમલ મોટાભાગે જૂના ચીલે જ ચાલતો રહ્યો. સ્વતંત્રતા બાદ અપનાવવામાં આવેલ પશ્ચિમી મોડલમાંથી આપણે બહાર ન આવી શક્યા. પરિણામ એ થયું કે ભારતીય શિક્ષણના સમગ્ર, સમાવેશી અને સ્વાયત્ત રૂપને વિકસિત કરવાની વાત ભૂલાઈ ગઈ. અમૃતકાળમાં ભારતે ૨૦૪૭ સુધી દેશને વિકસિત કરવાનો સંકલ્પ લીધો છે, જેથી આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને જીવનની ગુણવત્તાની દૃષ્ટિએ દેશના સામર્થ્યમાં અભિવૃદ્ધિ થાય અને તે વિકસિત રાષ્ટ્રોની શ્રેણીમાં પહોંચી જાય. કેટલાય વર્ષોથી શિક્ષણ પર દેશના બજેટમાં છ ટકા ખર્ચ કરવાની વાત થતી રહી છે, પરંતુ વાસ્તવિક ખર્ચ ત્રણ ટકા પણ માંડ થઈ શકે છે. વિકાસના પૈડાંની ધરી શિક્ષણ હોય છે. તેથી તે રાષ્ટ્રીય નિયોજનમાં યોગ્ય મહત્ત્વનું હકદાર છે. આજે શૈક્ષણિક પરિવેશ શિક્ષકોની અછત અને તેમની બિન-અકાદમિક આકાંક્ષાઓથી દૂષિત થઈ રહ્યું છે. પેપર લીકની ઘટનાઓ, શોધમાં ચોરીનું ચલણ વધી રહ્યું છે. જ્ઞાનમાં વૃદ્ધિ અને નવોન્મેષની જગ્યાએ દોહરાવ અને કોપી-પેસ્ટ પ્રવૃત્તિ ઝડપથી ફેલાઈ રહી છે. જ્ઞાનની કવાયત તો થઈ જ રહી છે, પરંતુ શિક્ષણની ગુણવત્તા ઘટી રહી છે. ખસ્તાહાલ શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓ નું શિક્ષણ અપૂરતું થઈ રહ્યું છે. તેની ભરપાઈ કરતા કોચિંગ સંસ્થા લોકપ્રિય અને નફાકારક વેપાર બની ચૂક્યો છે. તેના દબાણમાં વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય નકારાત્મક રૂપે પ્રભાવિત થઈ રહ્યું છે. લોકહિતના વ્યાપક લ-યો માટે સમાનતા અને સમતા જરૂરી છે, પરંતુ ભારતમાં શિક્ષણ કેટલીય રીતે વિભેદકારી થતું જાય છે. આજે સરકારી, અર્ધ-સરકારી અને સ્વનિર્ભર સંસ્થાઓ ચાલી રહી છે. તેમાં ફીસ, પ્રવેશ, શિક્ષણ અને પરીક્ષાની રીતભાતો પણ મેળ વગરની છે. બાળકને ભણાવવાં વાલીઓ માટે વર્ષો સુધી ચાલતો સંઘર્ષ બની ગયો છે. કેન્દ્રીય બજેટમાં શિક્ષણનો વારો બહુ પછી આવે છે. દુનિયાના અન્ય દેશોની સરખામણીએ શિક્ષણ માટે છ ટકા ફાળવણીની તરફદારી કેટલાય વર્ષોથી કરાતી આવી છે. દેશના ૧૪.૭૨ લાખ શાળાઓમાં ૯૮ લાખ શિક્ષકો ૨૪.૮ કરોડ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રદાન કરે છે. નાણાં મંત્રીએ બજેટમાં બધા બાળકોને સો ટકા સ્કૂલ મોકલવાનું લ-ય નક્કી કર્યું છે અને ટેકનિકલ શિક્ષણ અને શોધ વિશેષતઃ કૃત્રિમ મેધા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેના માટે ૫૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત ડિજિટલ ઈન્ડિયા ઈ-લર્નિંગ માટે ૬૮૧ કરોડની ફાળવણી કરાઈ છે. મેડિકલ કોલેજોમાં ૧૦ હજાર વધારાની સીટો હશે. સ્કૂલો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે ડિજિટલ પુસ્તકો આપવાની તૈયારી છે આઈઆઈટીનો વિસ્તાર કરતાં પાંચ આઈઆઈટી માટે વધારાનું બુનિયાદી માળખું શિક્ષણ, રોજગાર અને કૌશલ વિકાસ માટે ૧.૪૮ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. સ્કૂલી શિક્ષણના પડકારો બહુ મોટા છે, પરંતુ નવોદય વિદ્યાલયોનું બજેટ કપાયું છે. કેન્દ્રીય વિદ્યાલયો, યુજીસી, એનસીઈઆરટી, કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોનું બજેટ વધ્યું છે.

# ડોકટર પતિએ પોતાની તલાટી પત્નીને કારથી કચડી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો

કિશન રોહિડા | જરોદ






વાઘોડિયા થી ખેરવાડી ના જાહેર માર્ગ પર આવેલ તવરા ગામ પાસે સાંજે વ્યારા ગ્રામ પંચાયત ના મહિલા તલાટી અમિબહેન શાહ તવરા ગામ પાસે થી પસાર થતા હતા તે સમયે તેમનાં ડોક્ટર પતિ ડો પ્રતિક મહેતા પોતાની કાર વડે આગળ એકવીટા પર સવાર તેમના પત્ની ને કચડી નાખી તેમને મારી નાંખવાનો પ્રયાસ કર્યો હતો આશરે છ માસ પહેલા વાઘોડિયા તાલુકાના વ્યારા ગ્રામ પંચાયત નો ચાર્જ સંભાળી તલાટી કમ મંત્રી ની ફરજ બજાવતા અમીબહેન પ્રકાશભાઈ શાહ ઉ વર્ષ 30 હાલ રહે વાઘોડિયા નગર ખાતે પોતાની ફરજ વ્યારા ગ્રામ પંચાયત કચેરી ખાતે બજાવી ને પોતાના ઘર તરફ એકવીટા મારફતે જતી વેળા એ પાછળ થી ચોરી છુપી પીછો કરી સ્વિફ્ટ મારૂતિ કાર હંકારી લાવીને તેમના પતિ ડો પ્રતિક રસીકભાઈ મહેતા હાલ રહે અમદાવાદે આગળ ચાલતી એકટીવા પર સવાર પોતાની પત્ની ને કાર દ્વારા કચડી જાનથી મારી નાંખવાનો પ્રયાસ કર્યો હતો જે અકસ્માત થી પત્ની એકવીટા સહિત સો ફૂટ દૂર સુધી ઘસેડાઈ જતાં અમીબહેન ને માથા અને રહ્યા ના અહેવાલ પ્રાપ્ત થ ઈ રહ્યા છે અકસ્માત ના પગલે જાહેર માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ ના ટોળેટોળાં વળી જતાં રાહદારીઓ દ્વારા અકસ્માત સ્થળ થી થોડે દૂર અકસ્માત સર્જી ને કાર લઈને ભાગતા આરોપી ડો પ્રતિક મહેતા ને આંતરી ને ઝડપી પાડયો હતો ત્યારે ડો પતિ નો માસ્ટર પ્લાન હતો પોતાની પત્ની ને પતાવી દેવાનો પરંતુ સદનસીબે પત્ની બચી જતા આરોપીએ પોતાના શરીર પર ઈજાઓ પહોંચાડી હતી જેને વાઘોડિયા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખાતે લઈ જ ઈ મારપીટ કરી હતી વારંવાર ફોન કરી ધમકી આપતો હતો જેથી મારી દીકરી એ બે દિવસ અગાઉ જ વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે અરજી કરી હતી પોલીસે તેને જવાબ આપવા હાજર રહેવા ફોન કરતાં હતાં પ્રતિકે મારી દીકરી ને જાન થી મારી નાંખવાના પ્રયાસ ના ભાગ રૂપે અકસ્માત સર્જ્યો હતો તેની સામે સખત કાયદેસર ની કાર્યવાહી થાય તેવી મારી માંગ છે મહિલા તલાટી ના પિતા પ્રકાશભાઈ શાહ.

## ધાનપુર તાલુકાના હાટ બજારમાં સ્પર્શ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન” અંતર્ગત ભવાઈ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ | દાહોદ લીમખેડા



ધાનપુર તાલુકાના હાટ બજારમાં ‘સ્પર્શ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન” અંતર્ગત ભવાઈ દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. જેમા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદય ટીલાવત, જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ડૉ.આર.ડી.પહાડીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.બી.પી.રમનના માર્ગદર્શન હેઠળ હાલમાં ચાલી રહેલ સ્પર્શ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન અંતર્ગત ધાનપુર ખાતે હાટ બજારમાં પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું હતું. જિલ્લા રક્તપિત્ત મેડિકલ ઓફિસરશ્રી ડૉ. શોભના મુનિયા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રાછવાના સુપરવાઈઝરશ્રી સહીત સ્ટાફ, સી.એચ.ઓ. તેમજ લેપ્રસી, ટી.બી., મેલેરીયા, સુપરવાઈઝર, સિકલસેલ તેમજ એચ.આઈ.વી. કાઉન્સેલરની ઉપસ્થિત રહ્યા હતા. દાહોદ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ‘સ્પર્શ ‘ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી.

## ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હડકાયા કૂતરા ઓનો આતંક 1નું મોત

### જીલ્લાના મુખ્ય મથકમાં આવેલ સરકારી હોસ્પિટલમાંમાં કુતરાની રસીનો અભાવને લઈ મોત થયાનો પરિવારનો આક્ષેપ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા




ખાનપુર તાલુકામાં ઘર કામ અને શાળા માં અભ્યાસ કરતા બાળકો ને કુતરા એ બચકા ભરતા બાળકો અને મહિલાઓ સહિત 6 લોકો ને ઈજા થઈ હતી જેમાં આજે એક બાળક નું સારવાર દરમિયાન મોત થયું છે. ખાનપુર તાલુકા ના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ કુતરાઓનો આતંક વધ્યો છે હાલ ખાનપુર તાલુકા ના ઘોઘાવાડા ના પિયુષભાઈ મછાર નું સારવાર દરમિયાન 20 દિવસ બાદ મરણ જતા પરિવાર માં રોષ જોવા મળ્યો છે સિમલનાળા ઝેર અને વાવકુવા ગામે કૂતરું કરડવા ના એક જ દિવસ માં 6 થી વધુ કેશ સામે આવ્યા છે જેમાં ઘર કામ અને ગંભીર ઈજા પહોંચાડવામાં આવી છે તો બાળકો ને હાથ પગ માં બચકા ભરી લેતા નાની મોટી ઈજા થયેલ છે જેમાં વાવકુવા પ્રાથમિક શાળા ધોરણ 5 માં અભ્યાસ કરતી હેતલબેન રામાંભાઈ ડામોર તેમજ શિલ્પાબેન મહિન્દ્રભાઈ તાભિયાર આંબલિગાટી પીયૂષભાઈ હરીશભાઈ મછાર ઘોઘાવાડા શ્રમિષ્ટાબેન પર્વતભાઈ તાભિયાર સહિત 5 લોકો કુતરા નો શિકાર બનેલ લોકો ને સારવાર માટે જીલ્લા દ્વારા જણાવતા પરિવાર ના પગ નીચે જમીન સરકી ગઈ હતી જોકે ત્યાર બાદ હોસ્પિટલ દ્વારા પરિવાર ને સારવાર માટે ગોધરા જનરલ હોસ્પિટલમાં સ્વીફ્ટ કરવામાં આવ્યા હતા જ્યાં તેમને હડકવાની રસી આપી અને સારવાર કરવામાં આવી જોકે ત્યાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં 20 દિવસ ની સારવાર બાદ આજે એક બાળક નું મોત થતાં હડકપ મચી ગયો છે.

## બગસરામાં ટ્રાફિક સમસ્યા વિકરાળ બની

### ટ્રાફિક જામના લીધે રાહદારીઓ અને વાહન ચાલકો ત્રાહીમામ પોકારી ઊઠયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



બગસરામાં ટ્રાફિક સમસ્યા અંકુશ મેળવવા માંગ ઉઠી ટ્રાફિક જામ ના લીધે રાહદારીઓ અને વાહન ચાલકો હેરાનપરેશાન બન્યા બગસરામાં ટ્રાફિક સમસ્યા બેકાબૂ બની ગઈ હોય તેવું જોવા મળી રહ્યું છે અહીં અવારનવાર ટ્રાફિક જામની ઘટના અવારનવાર સર્જાય રહી છે. જેના કારણે રાહદારીઓ અને વાહન ચાલકો ને હાડમારી વેઠવી પડી રહી છે. હાલમાં એટ્લી હદે ટ્રાફિક જામ થઈ જાય છે જ્યારે અહીં આવેલા કુંકાવાવ નાકાં, બસસ્ટેશન રોડ, ગોંડલીયા ચોક જેવા અનેક વિસ્તારમાં ટ્રાફિક ની સમસ્યા બેકાબૂ થઈ ગઈ છે. જ્યારે આ તમામ પોઈન્ટ ઉપર પોલીસ તૈનાત હોવા છતાં ટ્રાફિક સમસ્યા એમની એમ જોવા મળી રહી છે અહીં પોલીસ ટીઆરબી જવાનો અને હોમ ગાર્ડ તેમજ ટ્રાફિક પોલીસ મુકેલી છે. છતાં આ તમામ કર્મચારીઓ પોતાના મોબાઈલ માં વ્યસ્ત રહેલા જોવા મળી રહ્યાં હોય છે. અમુક વિસ્તારમાં હોમ ગાર્ડ માં મુકેલાં કર્મચારીઓ પોતાના મોબાઈલ માં મશગુલ રહ્યા હોય જેના હિસાબે ટ્રાફિક સમસ્યા ખૂબ બે કાબુ બની રહીં છે. આ ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે બગસરાની જનતા જનાર્દન માંથી માંગ ઉઠી છે.

## સંતરામપુર તાલુકાના દોડી લીમડી ગામે દીપડો પાંજરે પુરાયો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

વન વિભાગ અને એનિમલ હેલ્થ ટ્રસ્ટની ટીમે દીપડાનું સફળ રેસ્ક્યુ કર્યું. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલા ડોળી લીમડા ગામની અંદર એક દિપડો દેખા દેતા ગામના રહી સોમવારે ભાઈ પ્રવર્તી જવા પામ્યો હતો ત્યારે ગામના રહીશોએ દીપડાની જોતા જ તાત્કાલિક વન વિભાગ અને એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટની જાણ કરાઈ હતી ત્યારે ઉપરોક્ત ટીમો દોડી ગામે પહોંચી ગઈ હતી અને બંને ટીમો મળીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

## શ્રી એસ કે શાહ એન્ડ શ્રી કૃષ્ણ ઓ એમ આર્ટ્સ કોલેજ મોડાસા, ઈનોવેશન ક્લબ દ્વારા તાલીમ યોજાઈ

રાકેશ મહેતા | ધનસુરા



આર્ટ્સ કોલેજ મોડાસાના ઈનોવેશન ક્લબ દ્વારા બે દિવસની પ્રબોધ લેવલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કોલેજના 50 જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. માસ્ટર ટ્રેનર તરીકે મુંબઈ થી શ્રી અનુજ ગુરવ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ કિટ્સ વિશે પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. તાલીમના પ્રારંભિક સેશન્સમા કોલેજના આચાર્ય ડૉ દીપકભાઈ જોષી, ડૉ. પિયુષભાઈ સિંહ, ડૉ ઈશ્વરભાઈ ચૌધરી અને ડૉ ભગુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ઈનોવેશન ક્લબના કો-ઓર્ડીનેટર ડૉ જે એસ વાઢેર દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા ફિડબેક આપવામાં આવેલ હતાં. તાલીમની સફળતા બદલ મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ.વિ.શાહ સાથે હોદ્દેદારશ્રીઓએ અને કૉલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચાણસ્મા નગર પાલિકાની ચૂંટણી... વૉર્ડનાં ઉમેદવારોએ પોત પોતાના વૉર્ડમાં પ્રચારનાં શ્રી ગણેશ કર્યા



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા પાલિકા ની 16 ફેબ્રુઆરી નાં રોજ ચૂંટણી યોજાઈ રહી છૅ ત્યારે ભાજપ કોંગ્રેસ અને અપક્ષ નાં ત્રણે પક્ષ નાં ચૂંટણી લડતા હોઈ ત્રિપાખીયો જંગ જમ્યો છૅ ત્યારે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો પોતાના વૉર્ડ માં મતદારો નાં સંપર્ક સાથે રાત્રી પ્રચાર સભાઓ શરુ કરી દેતા ચાણસ્મા નગર માં ભર શિયાળે રાજકીય ગરમાવો તેજ બન્યો છૅ.

## મહીસાગર | ખાનપુર અને લુણાવાડા તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરાયું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, કોર્પોરેટ ઓફિસ, વડોદરા દ્વારા મહીસાગર જિલ્લાના ખાનપુર અને લુણાવાડા તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં કુલ ૨૬ જેટલી વીજ ચેકિંગ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં કુલ ૫૫૯ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૫૬ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૯.૩ લાખ જેટલું થાય છે. અને લુણાવાડા તાલુકામાં ૧૦૦ વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૧૩ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૫.૭૫ લાખ જેટલું થાય છે. આમ મહીસાગર જીલ્લાના ખાનપુર અને લુણાવાડા તાલુકાના કુલ ૬૫૯ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ હતા. આ વીજ જોડાણમાંથી કુલ ૬૯ જેટલા વીજ જોડાણોમાં ગેરરિતી અટલે કે વીજ ચોરી કરતાં પકડાયેલ છે. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૧૫.૦૫ લાખ જેટલું થાય છે. આમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અચાનક સરપ્રાઈઝ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## ધો.10-12 બોર્ડની પરીક્ષાઓ : શિક્ષણ બોર્ડ લાગ્યુ તૈયારીઓમાં, 14.26 લાખ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા

(એજન્સી) ગાંધીનગર | તા.06

ગુજરાતમાં આગામી થોડા દિવસમાં શરૂ થતી બોર્ડની પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ તૈયારીઓમાં લાગ્યું છે અને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ફેબ્રુઆરીમાં શરૂ થઈ રહેલી બોર્ડની પરિક્ષા માટે શિક્ષણ વિભાગે એક્શન પ્લાન પણ જાહેર કર્યો છે. તમને જણાવી દઈએ કે આગામી 27 ફેબ્રુઆરીથી ધોરણ 10ની પરીક્ષાઓ શરૂ થઈ જશે. આ વર્ષે 8.92 લાખ વિદ્યાર્થીઓ ધોરણ 10ની પરીક્ષા આપવા માટે બેસશે. જેમાં 82,132 રીપીટર વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ધોરણ 10ની પરીક્ષા રાજ્યભરમાં 989 કેન્દ્ર પર તો ધોરણ 12ની પરીક્ષા 672 કેન્દ્ર પર લેવામાં આવશે. ધોરણ 12 સામાન્ય પ્રવાહ માટે રાજ્યભરના 4.23 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે તો વિજ્ઞાન પ્રવાહમાં 1.11 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ઉલ્લેખનીય છે કે ધોરણ 10 તથા 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 27 ફેબ્રુઆરીથી 10 માર્ચના રોજ યોજાશે અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 27 ફેબ્રુઆરીથી 17 માર્ચ સુધી યોજાશે.




**GSHSEBના વિનિયોગ 1974માં સુધારા કરવા શિક્ષણ વિભાગે કમિટીની કરી જાહેરાત :** GSHSEBના વિનિયોગ 1974માં સુધારા કરવા શિક્ષણ વિભાગ દ્વારા કમિટીની જાહેરાત કરવામાં આવી છે. જોગવાઈમાં સ્પષ્ટતા ન હોવાથી અનેક મુશ્કેલી પડતી હતી. સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કમિટીની જાહેરાત કરવામાં આવી છે. આ કમિટી જરૂરી સુધારા કરવાની કામગીરી કરશે.

## મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીનો જન્મ-દિવસ અને વિદાય સમારંભ યોજવામાં આવ્યો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીની બદલી થતા તેમના જન્મદિવસે એક અનોખી રીતે તેમનો વિદાય સમારંભ યોજવામાં આવી ગયો. મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી ની બદલી પાટણ ખાતે થઈ ત્યારે જિલ્લા વિકાસ અધિકારી એ જિલ્લા પંચાયતમાં આવેલા તમામ વિભાગોમાં રૂબરૂ જઈને દરેકની મુલાકાત લીધી હતી અને દરેકને લેખિતમાં આભાર સંદેશો પણ પાઠવ્યો હતો. આવી અનોખી રીતે ઉજવવામાં આવેલ વિદાય સમારંભ જિલ્લાના ઈતિહાસમાં કદાચ પ્રથમવાર બનવા પામ્યો હોય તેવું મનાઈ રહ્યું છે. મહીસાગર જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલના આ અનોખા વિદાય સમારંભમાં જિલ્લા કલેકટર નેહા કુમારી, જિલ્લા પંચાયત પ્રમુખ, પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ દરમિયાન મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલની કામગીરીને ખૂબ જ સારી રીતે બિરદાવવામાં આવી હતી. આ વિદાય સમારંભમાં હાજર રહેલા સૌ એ જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ ઉપર પુષ્પો વર્ષા કરી હતી અને તેમની ભાવભીની વિદાય આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલે તેમના પોતાના સંબોધનમાં મહીસાગર જિલ્લામાં જે કામગીરી કરવામાં આવી હતી તેના સંસ્મરણો તેમની વાઘોડિયા હતા જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલના જન્મદિવસે જે તેમનો વિદાય સમારંભ દરેકે સાથે મળીને તેમના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી.

## કરંટથી મોતને ભેટેલા કર્મચારીના પરિવારજનોના વીજ કંપનીની ઓફિસ બહાર ધરણા, ન્યાયની માગ

(એજન્સી) વડોદરા | તા.06


વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં ઝાંસીની રાણી સર્કલ પાસે આવેલા જ્યોતિનગરમાં વીજ લાઈન પર કામ કરી રહેલા મધ્ય ગુજરાત વીજ કંપનીના કોન્ટ્રાકટના કર્મચારીનુ કરંટ લાગવાના કારણે ગઈકાલે, બુધવારે મોત થયું હતું. આ બનાવ બાદ મૃતકના પરિવારજનોએ ન્યાયની માગ સાથે બુધવારથી ગોત્રી ખાતે આવેલી વીજ કંપનીની ઓફિસ પર ધરણા શરુ કર્યા છે અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.બપોરથી શરુ થયેલા ધરણા સાંજે પણ ચાલુ રહ્યા હતા.

પરિવારજનોએ તો ચોંકાવનારો આક્ષેપ કરતા કહ્યું હતું કે મૃતક ધર્મેન્દ્ર હસમુખભાઈ જયસ્વાલને ખાડો ખોદવાનું કામ આપવામાં આવ્યું હતું અને તે પછી તેમને થાંભલા પર ચઢાવવામાં આવ્યા હતા.આ નિર્ણય કોણે લીધો હતો? હસમુખભાઈના પરિવારમાં હવે માત્ર દીકરો અને દીકરી રહ્યા છે.તેમના મોત બાદ આ પરિવારને ગુજરાન ચલાવવાના ફાંફા પડશે.જ્યાં સુધી તેમને ન્યાય અને યોગ્ય વળતર નહીં મળે ત્યાં સુધી અમે ધરણા કરીશું. કલાકો બાદ પણ પરિવારજનોના ધરણા ચાલુ રહ્યા હતા અને તેના પગલે પોલીસ પણ વીજ કચેરીની ઓફિસ ખાતે દોડી આવી હતી. ઉલ્લેખનીય છે કે, બુધવારે વીજ લાઈનના સમારકામ દરમિયાન અચાનક જ વીજ લાઈનમાંથી કરંટ પસાર થવા માંડતા લાઈન પર કામ કરી રહેલા હસમુખભાઈનું મોત થયું હતું.આ ઘટનાએ વીજ કંપનીની કામગીરી પર સવાલો ઉભા કર્યા છે.

## નડિયાદમાં સ્ટેશન રોડ પર આવેલી દુકાનમાં લાગી ભીષણ આગ

(એજન્સી) નડિયાદ | તા.06

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાથી ઘટના બનતી હોય છે. ત્યારે ખેડાના નડિયાદમાં ફરી એક વાર આગ લાગવાની ઘટના બની છે. નડિયાદમાં સ્ટેશન રોડ પર આવેલી દુકાનમાં ભીષણ આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પાન બીડીના દુકાનમાં ભીષણ આગ લાગી હતી. નડીયાદ શહેરમાં ટાઉન પોલીસ સ્ટેશન સામે આવેલી એક દુકાનમાં આગની ઘટના બની હતી. આગના લાઈવ દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. નડિયાદ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો છે.



# વજન ઘટાડવા માટે, સવારે ખાલી પેટ પીવો અશ્વગંધા ટી

## મળશે જોરદાર ફાયદો

જો તમે વજન ઘટાડવા માટે કુદરતી અને આરોગ્યપ્રદ રીત શોધી રહ્યા છો, તો અશ્વગંધા ચા તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે. આયુર્વેદમાં અશ્વગંધા એક શક્તિશાળી ઔષધિ માનવામાં આવે છે, સવારે આ હર્બલ ટી પીવાથી શરીર દિવસભર ઉર્જાવાન રહે છે અને શરીરની ચરબી ઘટાડવામાં મદદ કરે છે. આ ચાનો સ્વાદ થોડો કડવો હોઈ શકે છે, પરંતુ તેમાં મધ અથવા તજ ઉમેરીને તેને સ્વાદિષ્ટ બનાવી શકાય છે. તેનું સેવન માત્ર વજન ઘટાડવામાં મદદ કરે છે, પરંતુ તે તણાવને પણ ઘટાડે છે, જેનાથી ભાવનાત્મક આહારને નિયંત્રિત કરવામાં સરળતા રહે છે. જો તમે તમારી વજન ઘટાડવાની યાત્રામાં હેલ્ધી ડ્રિંક સામેલ કરવા માંગો છો, તો અશ્વગંધા ચા તમારા માટે અસરકારક ઉપાય બની શકે છે. પરંતુ તેને પીતા પહેલા તેની યોગ્ય માત્રા અને યોગ્ય રીત જાણવી જરૂરી છે, જેથી તેનાથી વધુ લાભ મેળવી શકાય. આવો, હવે જાણીએ તેની રેસિપી અને અન્ય સ્વાસ્થ્ય લાભો.

### અશ્વગંધા ચા વજન ઘટાડવામાં કેવી રીતે મદદ કરે છે?

1. ચયાપચયની ઝડપ વધે છે » અશ્વગંધા ચા શરીરના ચયાપચયને વધારવામાં મદદ કરે છે, જે ઝડપથી કેલરી બર્ન કરે છે અને વજન ઘટાડવામાં મદદ કરે છે.
2. ભાવનાત્મક આહાર અટકાવે છે » વજન વધવાનું મુખ્ય કારણ તણાવયુક્ત આહાર અથવા ભાવનાત્મક આહાર છે. અશ્વગંધા તણાવ હોર્મોન કોર્ટિસોલના સ્તરને ઘટાડીને ભાવનાત્મક આહારને રોકવામાં મદદ કરે છે.
3. બ્લડ શુગર કંટ્રોલમાં રહે છે » આ ચા બ્લડ શુગર લેવલને સંતુલિત કરવામાં મદદ કરે છે, જે અચાનક ભૂખ લાગવાની સમસ્યાને ઘટાડે છે અને વધુ પડતું ખાવાથી બચાવે છે.
4. ચરબી બર્ન કરવાની પ્રક્રિયા વધે છે » તેમાં હાજર એન્ટી-ઓક્સિડન્ટ્સ શરીરમાંથી ઝેરી તત્વોને દૂર કરવામાં મદદ કરે છે, જે ચરબી બર્ન કરવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.
5. પાચનતંત્ર મજબૂત બને છે » અશ્વગંધા પાચનતંત્રને મજબૂત બનાવે છે અને પેટની સમસ્યાઓ જેવી કે પેટનું ફૂલવું, ગેસ અને કબજિયાત દૂર કરે છે, પેટને હલકું લાગે છે.
6. ઉર્જા સ્તર વધે છે » સવારે અશ્વગંધા ચા પીવાથી દિવસભર તાજગી અને ઉર્જા જળવાઈ રહે છે, જેનાથી કસરત કરવાની ક્ષમતા પણ વધે છે.

# શિયાળામાં આ ફળો-શાકભાજીનો પીવો રસ, બીપી રહેશે કંટ્રોલમાં



**અત્યારે શિયાળો છે. શિયાળામાં લીલોતરી શાકભાજી અને ફળ અને તમામ પ્રકારના શાકભાજીઓ સરળતાથી મળી રહે છે. ત્યારે શિયાળામાં જ જો ખોરાક ખાવામાં પુરતુ ધ્યાન રાખવામાં આવે તો સ્વાસ્થ્યને સુધારી શકાય છે, ત્યારે જો તમે પણ બીપીના પેશન્ટ હોવ તો શિયાળામાં મળતા સિઝનલ ફ્રુટ અને શાકભાજીનુ સેવન બીપીને કંટ્રોલમાં રાખશે, ત્યારે આવો જાણીએ કેવા ફળો અને શાકભાજીના રસથી બીપી રાખશો કંટ્રોલમાં .**

અત્યારે શિયાળો છે. શિયાળામાં લીલોતરી શાકભાજી અને ફળ અને તમામ પ્રકારના શાકભાજીઓ સરળતાથી મળી રહે છે. ત્યારે શિયાળામાં જ જો ખોરાક ખાવામાં પુરતુ ધ્યાન રાખવામાં આવે તો સ્વાસ્થ્યને સુધારી શકાય છે, ત્યારે જો તમે પણ બીપીના પેશન્ટ હોવ તો શિયાળામાં મળતા સિઝનલ ફ્રૂટ અને શાકભાજીનુ સેવન બીપીને કંટ્રોલમાં રાખશે, ત્યારે આવો જાણીએ કેવા ફળો અને શાકભાજીના રસથી બીપી રાખશો કંટ્રોલમાં .

### દાડમનો રસ

દાડમના રસનું સેવન કરવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ વધશે. તેને દરરોજ પીવાથી શરીરમાં લોહીની ઉણપ પણ દૂર થશે. તમને જણાવી દઈએ કે દાડમમાં રહેલું પોટેશિયમ શરીરમાં રક્ત પરિભ્રમણને સરળ રાખે છે અને બ્લડ પ્રેશર ઘટાડે છે.

### ટામેટાંનો રસ

ટામેટાંનો રસ પીવાથી ખરાબ કોલેસ્ટ્રોલ ઓછું થાય છે, જે બ્લડ પ્રેશર વધવાનું જોખમ ઘટાડે છે અને હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે. જોકે, ધ્યાનમાં રાખો કે શરીર વધારાનું સોડિયમ શોષી શકતું નથી, તેથી આ રસમાં મીઠુ નાંખવુ નહી. .

### બીટરૂટનો રસ

બ્લડ પ્રેશર ઓછું કરવા માટે, તમે બીટરૂટના રસનું સેવન કરી શકો છો. બીટરૂટમાં નાઈટ્રેટ્સ હોય છે, જે આપણા શરીરમાં પ્રવેશતા જ નાઈટ્રિક ઓક્સાઈડમાં રૂપાંતરિત થાય છે. તે આપણી રક્તવાહિનીઓને આરામ આપે છે અને બ્લડ પ્રેશર ઘટાડે છે. આ બ્લડ પ્રેશરની સમસ્યા ઘટાડે છે.

### નારંગીનો રસ

નારંગીનો રસ તમને હાઈ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરી શકે છે. આ પીવાથી બ્લડ પ્રેશર નિયંત્રણમાં રહે છે. નારંગીમાં ફ્લેવોનોઈડ્સ હોય છે. તેમાં એન્ટીઑકિસડન્ટ, બળતરા વિરોધી, એન્ટિવાયરલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો છે. તેનો રસ પીવાથી બ્લડ પ્રેશર નિયંત્રણમાં રહે છે અને રોગપ્રતિકારક શક્તિ પણ મજબૂત બને છે.

# વાળની સાર-સંભાળ કઈ રીતે કરવી, અપનાવો આ ટ્રીક

**આજકાલના વ્યસ્ત સમયમાં ઘણી મહિલાઓને વાળ ખરવાની સાથે સાથે છેડેથી બે મોઢાવાળા(સ્પ્લિટ એન્ડ્સ) વાળની સમસ્યાથી પીડાતી હોય છે. કારણકે આજકાલના આ પ્રદુષણવાળુ વાતાવરણ, ખાવા-પીવાની આદત અને રહેવાની રહેણીકરણીના કારણે વાળની સમસ્યાઓ ખુબ જ સામાન્ય બનતી જાય છે. જેમાં બે મોઢાંવાળા વાળની સમસ્યાનો સમાવેશ થાય છે. આ સમસ્યાથી દરેક મહિલાઓ પરેશાન હોય છે. જેના લીધે વાળ રુખાસુખા દેખાવા લાગે છે અને તેની સીધી અસર વાળના ગ્રોથ પર પડે છે. ફ્રિઝી અને બે મોઢાવાળા વાળોથી છુટકારો મેળવવા માટે મહિલાઓ ઘણા પ્રકારના હેર પ્રોડક્ટસનો ઉપયોગ કરતી હોય છે. પરંતુ આના પછી પણ કઈ વધારે સારી અસર નથી દેખાતી. હકિકતમાં જો વધારે પડતો ઉપયોગ જો કરવામાં આવે તો એમાં રહેલા કેમિકલ અને રસાયણો વાળને બગાડી શકે છે. જેથી તમે બે મોઢાવાળા(સ્પ્લિટ એન્ડ્સ) વાળને નેચરલ રીતે સારા કરી શકો છો. તો આ ઘરેલું ઉપચારો અપનાવી શકો છો.**



**લીમડાનુ તેલ |** લીમડાના તેલમાં એન્ટિફંગલ અને એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે, જે માથાના ખોપરીના અંદરના ભાગને મજબૂત અને સ્વસ્થ બનાવવાની સાથે સાથે બે મોઢાવાળા(સ્પ્લિટ એન્ડ્સ) વાળથી પણ રાહત આપે છે. લીમડાના તેલથી વાળની માલિશ કરો તે તમારા માથાના ભાગને ઠંડક આપશે. તેલ લગાવ્યાના 30 મિનિટ પછી વાળને શેમ્પૂથી વાળને ધોઈ લો.

**કેળા અને મધ |** રુખાસુખા અને બે મોઢાવાળા(સ્પ્લિટ એન્ડ્સ) વાળની સમસ્યાને ઓછી કરવા માટે તમે કેળા અને મધનો હેરમાસ્ક બનાવીને લગાવી શકો છો. હવે એક પાકેલું કેળુ લેવુ અને તેમાં મધ ઉમેરીને પેસ્ટ બનાવો. હવે તેને તમારા વાળ પર 20થી 25 મિનિટ સુધી લગાવી રાખીને પછી વાળને શેમ્પૂથી ધોઈ નાખો.

**એલોવેરા જેલ |** તાજા એલોવેરા જેલ લઈને વાળના છેડા પર લગાવો તેને 20થી 30 મિનિટ સુધી લગાવ્યા પછી વાળને ધોઈ નાખો. તમે એલોવેરા અને નારિયેળ તેલ, મધ અને નારિયેળ તેલ લગાવી શકો છો અથવા તો દૂધમાં એલોવેરા જેલ પણ મિક્સ કરીને તેનો ઉપયાગ કરી શકો છો.

**ચા પત્તી |** એક વાસણમાં પાણી લો તેમાં ચા પત્તી ઉમેરી તેને ઉકાળો હવે તે પાણી ગાળી લઈને તેને ઠંડુ કરવા મુકી દો. ચા પત્તીના પાણીમાં એલોવેરા જેલ મિક્ષ કરીને વાળ પર લગાવી શકો છો.

**યોગ્ય રીતે સુકાવો |** વાળને ટુવાલથી ઘસીને કે ખેંચીને ન સુકવો તે હેરફોલ અને ડ્રાયનેસનું કારણ બનશે. એક મુલાયમ ટુવાલ વડે વાળનું પાણી શોષી લો. તેના પછી કુદરતી વાળને સુકાવા દો.


**ટ્રિમિંગ કરો |** વાળમાં મે મોઢાવાળા વાળ થવાનું કારણ વાળનાં છેડામાંથી પોષક તત્વોનું ઓછું થવાના લીધે વાળમાં સ્પ્લિટ એન્ડ્સ થતુ હોય છે. વાળનો છેવાડાનો ભાગ સુકાવા લાગે છે અને વાળ તુટવા લાગે છે. દરેક 2-3 મહિને વાળને ટ્રિમિંગ કરતા રહેવું જોઈએ. જેથી વાળ સારા અને સ્વસ્થ રહેશે.

**વાળને મોઈશ્ચરાઈઝ કરો |** ડ્રાય-સુકા અને વાંકળિયા વાળમાં છેવાડાના ભાગમાં બે મોઢાવાળા વાળની સમસ્યા વધુ હોય છે. વાળમાં મોઈશ્ચરાઈઝ બનાવી રાખવા માટે એક સારા કંડીશનરનો ઉપયોગ કરવો જોઈએ. જે તમારા વાળને નરમ અને સુંવાળા રાખશે. તમે ઘરે બનાવેલા હેર માસ્ક પણ લગાવી શકો છો. જે વાળને પોષણ આપવામાં મદદ કરશે.

**હીટ સ્ટાઈલથી બચો |** હીટ સ્ટાઈલિંગ જેમકે ટનર્સ, કર્લિંગ આયર્ન અથવા હેર ડ્રાયરનો વધારે પડતા ઉપયોગથી વાળને નુકસાન અવશ્ય પહોંચે છે. જેનાથી વાળની નમી જતી રહે છે અને તે વાળને રુખાસુકા બનાવી દે છે. એટલે જેટલુ બને તેટલું હીટ સ્ટાઈલિંગ ટૂલ્સનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.

**તેલ માલિશ કરો |** અઠવાડિયામાં 2-3 વાર હલકા હાથે વાળમાં માલિશ કરવી જોઈએ અને તેલને ઓછામાં ઓછું 1-2 કલાક માટે રહેવા દો. પછી શેમ્પૂથી વાળ ધોઈ લો. જે વાળને નમી અને પોષણ પ્રદાન કરશે.

**સ્વસ્થ આહાર |** તમારા વાળના સ્વાસ્થયનો સીધો જ સંબંધ તમારા આહાર પર હોય છે. જો તમે પોષણથી ભરપૂર આહાર લો છો તો તમારા વાળ મજબૂત અને સ્વસ્થ રહેશે. પ્રોટીન, વિટામિન સી, વિટામિન ઈ અને આયર્નથી ભરપૂર ખોરાક જેમ કે લીલા પાંદડાવાળા શાકભાજી, ફળો, સૂકામેવા વાળ માટે લાભદાયી હોઈ શકે છે.




# વાસ્તુમાં દરેક દિશાનું વિશેષ મહત્વ છે. વિવિધ દિશાઓ જુદા જુદા ગ્રહો સાથે સંબંધિત છે...



## માનવ જીવનમાં સુખ-શાંતિ માટે દિશાઓ યોગ્ય રાખવી જરૂરી મનાય છે....



વાસ્તુ શાસ્ત્રનું મહત્વ
- રુપાલી દવે

યે તેરા ઘર યે મેરા ઘર,
યે ઘર બહોત હસીન હૈ,

“ધરતી નો છેડો ઘર” આમજ તો નથી કીધું,નિર્જીવ ઘર ની ચાર દીવાલોની લોટસ ઓફ કહાનીઓ સાથે ધબકતી હોય છે. કોણે કીધું ઘર ને સુખ દુઃખ નો એહસાસ નથી હોતો,જ્યારે બુઝુર્ગ દાદાજી ની અંતિમ યાત્રા ઘર માંથી નીકળે છે ત્યારે સદસ્યો ની માફક ઘર પણ ડુસકા લેતું હોય છે પરંતુ એનો અવાજ અન્ય આવજો માં દબાઈ જતો હોય છે. આ અવાજ ના ધબકાર માં બુઝુર્ગ સાથે વિતાવેલ અનેક દિવસો,મહિનાઓ અને વર્ષ હોય છે. પરિવાર અન્ય સભ્યો કરતા ગૃહિણીઓ માટે પોતાના ઘર પ્રત્યે રીતસરનો લગાવ હોય છે.ઘર ના કલર થી લઈને નાનકડા હેન્ડ મિક્ષી ના કલર બ્રાન્ડ વિશે પણ ઝીણવટ પૂર્વક વિચારતી હોય છે.કદાચ તમને મારી વાત પર વિશ્વાસ પડશે નહિ પરંતુ ગૃહિણીઓ ની કિચન ના ફર્નિચર ના કલર સાથે મેચ થાય એવું જ હેન્ડ મીક્ષી થી લઈને નાનકડી ચમચી નો આકાર પર પસંદગી ઉતરે છે. બેત્રણ દિવસ પહેલા હું અને મારી ફ્રેન્ડ વાસણ વાળા ના દુકાને હેન્ડ મિક્ષિ રિપેર કરવવા ગયા. કારીગર એ કીધું કે હેન્ડ મિકશી નું બોડી તૂટી ગયું છે નવું નાખવું પડશે. કારીગર એ બતાવેલ નવા બોડી ના કલર ફ્રેન્ડને પસંદ ના પડતાં કારીગર બોલ્યો કે નાનકડા મીક્ષિ માટે કલર નું શું મહત્વ? ત્યારે અમે બોલ્યા કે ભઈલા,કિચન માં બેઢંગ કલર નું હેન્ડ મિક્ષી દેખાય તો સારું ના લાગે છે. કમ સે કમ દસ મિનિટ ની ચર્ચા બાદ કારીગર એ કીધું કે તમારી પસંદ ના ક્લરનું બોડી મંગાવવું પડશે બેત્રણ દિવસ બાદ નવું બોડી આવશે ત્યારે નવું નકોર તમારા મનપસંદ કલર નું હેન્ડ મિક્સર બની જશે.

સામન્ય રીતે વિચારો કે ગૃહિણીઓ કિચન ના નાનકડા સાધન ના કલર બ્રાન્ડ પર સમાધાન કરતી નથી. ઘર ને સજાવવા માટે અન્ય સાજ સજાવટ, રંગરોગાન,ફર્નિચર, પડદા,ટાઈલ્સ,ક્રોકરી,વગેરે વગેરે માટે સમાધાન અશક્ય છે. આધુનિક સમયમાં લોકો ઘરને સજાવવા માટે ઈન્ટીરિયર ડેકોરેટર ની મદદ લેતા હોય છે.ઈન્ટીરીયર ડેકોરેટર ઘરની સાજ સજાવટ માટે વાસ્તુ શાસ્ત્ર ની મદદ લેતા હોય છે. ટાઉન શિપમાં બનેલા મકાનો બહારથી એકસરખા કલર માં લાઈન બંધ દેખાતા હશે પરંતુ દરેક ઘર કઈક કહેતું હોય છે? એ બોલી નથી શકતું કે હાસ્ય વ્યક્ત નથી કરતું પરંતુ એની અંદર વસતા લોકો અને લોકોની પસંદ ના પસંદ ની સ્ટોરી હોય છે.પ્રત્યેક ઘરની અંદર સોફા થી લઈને અન્ય ફર્નિચર ટાઈલ્સ કે રાચ રચિલા માં આંખે ઉડીને વિવિધતા જોવા મળશે. પ્રત્યેક ની ઘર પ્રત્યેની લાગણીઓ ખાસ હોવાના લીધે ખુદની પસંદ ના કલર અને ડિઝાઈન હોવાના. આની પાછળ નું મુખ્ય કારણ એ છે કે આ સૃષ્ટી માં મનુષ્ય ની આંખ માંજ રંગો ની રંગીન દુનિયા વસે છે.

વર્તમાન સમયમાં લોકો બંગલા, ફ્લેટ કે ટેનામેંટ લેતા પ્રથમ વાસ્તુ દોષ અંગેની ઝીણવટ ભરી તપાસ કરતા હોય છે. આમ તો વાસ્તુ શાસ્ત્ર એ ભારત નો પ્રાચીન ઈતિહાસ છે પરંતુ વાસ્તુ શાસ્ત્ર અંગેનું પુસ્તક કે માહિતીઓ ક્યાંથી અને કોણે આપી? આ અંગેની ખાસ માહિતીઓ નથી પરંતુ ઈતિહાસ કહે છે કે વાસ્તુ શાસ્ત્ર અંગે માહિતી આપતાં પુસ્તક ની રચના વિશ્વ કર્માં કરી છે.બૃહદ સંહિતા માં ૫૩ માં અધ્યાય નું શીર્ષક સ્થાપત્ય પર છે.અથર્વવેદ માં રહસ્મય બ્રહ્માંડ શાસ્ત્ર ના શ્લોકો ઉપલબ્ધ છે.આમ તો વાસ્તુ શાસ્ત્ર નું મૂળ પ્રથમ સદી ના પૂર્વ ઈતિહાસ માં હોય એવું અનુમાન છે. કંબોડિયન મંદિર ભારતીય સ્થાપત્ય માં વર્ણવ્યા મુજબ નું સુંદર પ્રતીક છે.

તો ચાલો જાણીએ વાસ્તુ શાસ્ત્ર એટલે શું? વાસ્તુ એટલે ચાર દિશા ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને ચાર ખૂણા ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય છે. પ્રાચીન સમયમાં ચાર દિશા અને ચાર ખૂણા ને ધ્યાન માં રાખીને ઘર બનતા હતા. તમે પ્રાચીન ઈમારતો ને ઝીણવટ પૂર્વક જોશો તો સમજાશે કે એની ક્લા કારીગીરી સાથે વાસ્તુ શાસ્ત્ર નું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યુ હોય છે. બેત્રણ મહિના પહેલા દિલ્હી માં સ્થિત હુમાયુ ટોમ્બ જવાનું થયું ત્યારે હુમાયુ ટોમ્બ ની જાજાર માન ઈમારત પર નજર પડતાં જ મોઢા માંથી “વાહ” નીકળી ગયું. હુમાયુ ટોમ્બ ની ઈમારતની બાંધણી બિલકુલ આગ્રાના તાજ મહેલ જેવીજ લાગે છે. તાજ મહેલ સફેદ આરસ થી બનેલ છે ને હુમાયુનો મકબરો રેડ સફેદ આરસથી બનાવ્યો છે. ઈમારત ની અંદર પ્રવેશ્યા બાદ વાસ્તુ શાસ્ત્ર નું ઝીણા માં ઝીણું ધ્યાન રાખ્યું છે એ સમજાયું.આ કારણોસર મકબરાની અંદર પ્રવેશતા જ ભરપુર કુદરતી હવા ઉજાશ હતો. મકબરો હોવા છતાંય સકારાત્મક ઉર્જા અનુભવાતી હતી.

જો તમે મધ્ય પ્રદેશ માં ખજુરાહો ના ગયા હોય તો જરૂર જજો.ખજુરાહો ના અતિ સુંદર શિલ્પ કલા કારીગીરી ના વખાણ કરો એટલા ઓછા છે. ત્યાં આવેલ મંદિરો ની અંદર લાઈટ નથી છતાંય મંદિર ની અંદર ના શિલ્પ ની ઝીણવટ ભરી કોતરણી ચશ્મા વગર જોય શકાય છે. તમને આશ્ચર્ય થશે કે ખજુરાહો ના મંદિરો ૮૮૫ CE અને ૧૦૦૦ CE વચ્ચે રાજા ચંદેલા એ બનાવડાવ્યા હતા. મંદિરની અંદર ના શિલ્પો તરફ નજર કરશો ને તો તમારું મન ગોથા ખાઈ જશે. યુગો જૂની ખજુરાહો ના મંદિર ની ઈમારત હવા ઉજાસ અને સુર્ય પ્રકાશ થી ભરપુર છે રાતના સમય માં ચંદ્ર ના કિરણો ના લીધે મંદિરો ની અંદર ભરપુર અજવાળું રહે છે.પ્રાચીન સમયમાં વાસ્તુ શાસ્ત્ર અનુસાર જ ઈમારત બનતી હતી એટલે બાંધકામ ના મૂળ માં વાસ્તુ નું ખાસ ધ્યાન રાખવામાં આવતું હતું.

આલીશાન મકાન બનાવી ને એમાં અમુક સમય વસ્યા બાદ શારીરિક,માનસિક અને આર્થિક સમસ્યા માં વધારો થવા લાગે તો સમજવું કે વાસ્તુ દોષ છે.ઘર બનાવતી વખતે કે ખરીદતી



વખતે વાસ્તુ દોષનો મુદ્દો ધ્યાન માં રાખવો જરૂરી છે. સામન્ય રીતે વાસ્તુ દોષ અંગે સમજીએ તો પૂર્વ અને ઉતર દિશા વચ્ચે માં ઈશાન કોણ આવતો હોવાથી વાસ્તુ અનુસાર આ ખૂણા માં ટોયલેટ કે વોશિંગ પ્લેસ આવતું હોય તો વાસ્તુ દોષ માનવામાં આવે છે. વાસ્તુ શાસ્ત્ર અનુસાર ઘર નો મુખ્ય દરવાજો એ શક્તિઓ નો સ્ત્રોત માનવામાં આવે છે.ઘર ના મુખ્ય દરવાજા થી જ આવવાનું અને નીકળવાનું રહે છે એટલે ઘરનો મુખ્ય દરવાજો દક્ષિણ,ઉતર દિશા માં ક્યારેય રાખવો ના જોઈએ.વાસ્તુ શાસ્ત્ર અનુસાર ઘરનો મુખ્ય દરવાજો ઈશાન કોણમાં,પૂર્વ અને પશ્ચિમ દિશા માં જ રાખવું ફાયદાકારી માનવામાં આવે છે.

આધુનિક યુગમાં મોટાભાગ ના લોકો ની પસંદ રેડી મેડ ટેનામેંટ,બંગલા અને ફ્લેટ ખરીદવાની હોય છે.વર્તમાન સમયમાં વાસ્તુ દોષ પિરામિડ પદ્ધતિ અપનાવી ને મહદઅંશે દૂર કરી શકાય છે.ચાર દિશા ના દેવતાઓ નું નિયમિત ઘર માં પૂજન થવાથી પણ વાસ્તુ દોષ નડતો નથી જેમકે પૂર્વ માં સુર્ય નારાયણ ના લીધે નિત્ય અર્ઘ્ય અર્પણ કરીને આદિત્ય હદય નો પાઠ કરવો,પશ્ચિમ માં શનિ દેવ નો વાસ હોય છે એટલે નિત્ય હનુમાન ચાલીસા ના પાઠ કરવા,ઊતર માં બુધ દેવતા વસે છે એટલે ગણપતિ પૂજન નિયમિત કરવું,દક્ષિણ માં મંગલ દેવ અને યમરાજા ના નિવાસ ના લીધે હનુમાન ચાલીસા કે સુંદર કાંડ ના પાઠ કરવા.

વાસ્તુ દોષ નો અકસીર ઉપાય : બંગલા,મકાન કે ફ્લેટ ના ઘર મંદિર મા નિત્ય પાંચ દેવ શિવજી,વિષ્ણુ, ગણપતિ,માતાજી અને હનુમાનજી ની સ્થાપિત કરી ને પૂજા અર્ચના કરવાથી વાસ્તુ દોષ નડતો નથી. ખાસ ઈશાન ખૂણા સ્વચ્છ રાખી ને ત્યાં તુલસી નો ક્યારો મૂકીને નિત્ય સંધ્યા સમયે ઘી નો દીવો પ્રગટાવવો..

# ભાઈના લગનમાં પરિણીતી ચોપરા રિસાઈ...!

## હલ્દી-મહેંદીમાં 'દેશી ગર્લ' પ્રિયંકાનો ટ્રેડિશનલ અવતાર, સાસુની સાડી સરખી કરતી જોવા મળી










ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા હંમેશા હેડલાઈન્સમાં રહે છે. પ્રિયંકા ચોપરા હાલમાં ભારતમાં છે અને હાલમાં તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્ન ફંકશનમાં હાજરી આપી રહી છે. પ્રિયંકાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. પીસી પોતાના 'દેશી ગર્લ' અંદાજમાં જોવા મળી હતી. ભાઈની પ્રી-વેડિંગ ઈવેન્ટમાં એક્ટ્રેસ સ્ટ્રેપલેસ ગાઉનમાં પહોંચી હતી. આ દરમિયાન, તેના સાસુ અને સસરા પણ જોવા મળ્યા.

પરિણીતી ચોપરા રિસાઈ! ગઈકાલે રાત્રે યોજાયેલા કાર્યક્રમમાં મન્નારા ચોપરા અને આખો ચોપરા પરિવાર એક ફ્રેમમાં દેખાયો હતો, પરંતુ પ્રિયંકાની કઝિન બહેન પરિણીતી ચોપરા અને તેના પતિ રાઘવ ચઢ્ઢા ગેરહાજર રહ્યા હતા. હવે પરિણીતીએ એક પોસ્ટ શેર કરી છે, જે વાઈરલ થઈ રહી છે.

પરિણીતી ચોપરા હાલમાં શૂટિંગમાં વ્યસ્ત છે. કઝિન ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્ન સમારોહ વચ્ચે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી. તેણે લખ્યું કે- આપણે ખરેખર ઉધારના સમય પર છીએ, એવા લોકોને પસંદ કરો જે તમને પસંદ કરે છે, અને બીજા બધાને પોતાની હાલત પર છોડી દો. સાસુની સાડી સરખી કરતી જોવા મળી પ્રિયંકા પાપારાઝીને પોઝ આપતી વખતે, પ્રિયંકા તેની સાસુની સાડીને સરખી કરતી જોવા મળી. ફેન્સ એક્ટ્રેસના આ અંદાજ પર ફિદા થઈ ગયા. બધા કહે છે કે તે તેના સાસરિયાઓ સાથે કેટલી સારી રીતે વર્તે છે. પ્રિયંકાના આઉટફિટની વાત કરીએ તો, તેણે સફેદ રંગનો સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યો હતો. તેના ગાઉન પર રંગબેરંગી ફૂલો અને પાંદડાઓની ડિઝાઈન જોવા મળી રહી હતી.

હલ્દી સેરેમનીની તસવીરો સિદ્ધાર્થ ચોપરા મોડેલ નીલમ ઉપાધ્યાય સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. આ કપલના લગ્નના કાર્યક્રમો શરૂ થઈ ગયા છે. લગ્ન પહેલા, સિદ્ધાર્થ અને નીલમે હલ્દી અને મહેંદી ફંક્શન અને ત્યારબાદ માતા કી ચોકીનું આયોજન કર્યું હતું. પ્રિયંકા ચોપરાનો દેશી લુક માતા કી ચોકીમાં જોવા મળ્યો હતો અને સાથે તે તેની પુત્રી માલતી મેરી સાથે ફંક્શનમાં જોવા મળી હતી.

માતા કી ચોકીની તસવીરો તે જ સમયે, પ્રિયંકા ચોપરાએ માતા કી ચોકી માટે રસ્ટ બ્રાઉન રંગનો સૂટ પહેર્યો છે. તેણે કાનની બુટ્ટીઓ અને ગ્લેમરસ મેકઅપ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. એક્ટ્રેસ માતાના મંદિરે માથું ઢાંકીને માતા પાસેથી આશીર્વાદ લેતી જોવા મળે છે. પ્રિયંકા ચોપરા રસ્ટ બ્રાઉન રંગના સૂટમાં પોતાના મંગળસૂત્ર સાથે જોવા મળી હતી. પુત્રી માલતી સાથે મેચિંગ કપડાં પહેર્યા હતા.

**ભાભી માટે છાબ લઈ જતી જોવા મળી એક્ટ્રેસ :** સિદ્ધાર્થ-નીલમ લાંબા સમયથી ડેટિંગ કરતા હતા નીલમ અને સિદ્ધાર્થ ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. નીલમ અગાઉ ઘણા કાર્યક્રમોમાં ચોપરા પરિવાર સાથે જોવા મળી ચૂકી છે. નીલમના જન્મદિવસ પર સિદ્ધાર્થ અને તેની માતા મધુ ચોપરા પણ એક્ટ્રેસ સાથે જોવા મળ્યા હતા. કોણ છે નીલમ ઉપાધ્યાય? નીલમ છેલ્લા 9 વર્ષથી સાઉથ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. તેમની પહેલી ફિલ્મ 2010માં રિલીઝ થવાની હતી પરંતુ તે મુલતવી રાખવામાં આવી. આ પછી, નીલમે 2012માં તેલુગુ ફિલ્મ 'મિસ્ટર 7' થી ડેબ્યૂ કર્યું. તે જ વર્ષે, તેણે 'ઉન્નોડુ ઓરુ નાલ' ફિલ્મથી તમિલ ફિલ્મમાં પણ એન્ટ્રી કરી. છેલ્લે 2018 માં રિલીઝ થયેલી તેલુગુ ફિલ્મ 'તમાશા' માં જોવા મળી હતી. સિદ્ધાર્થે 2019માં ઈશિતા કુમાર સાથે સગાઈ કરી હતી સિદ્ધાર્થની અગાઉ 2019માં ઈશિતા કુમાર સાથે સગાઈ થઈ હતી. પ્રિયંકા અને નિક બંનેએ આ ફંક્શનમાં હાજરી આપી હતી. સિદ્ધાર્થ અને ઈશિતા એપ્રિલ 2019માં લગ્ન કરવાના હતા પરંતુ તેઓ અલગ થઈ ગયા. 2021માં, ઈશિતાએ બીજા કોઈ સાથે લગ્ન કર્યા.

# સંજય દત્ત અને અભિષેક મોગલ રાજાઓની ભૂમિકા ભજવશે...



મુંબઈ : રિતેશ દેશમુખ હાલ શિવાજી મહારાજ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. રિતેશ દેશમુખ આ ફિલ્મના દિગ્દર્શનની સાથેસાથે છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિકામાં પણ જોવા મળવાનો છે. આ ફિલ્મ મરાઠી અને હિંદી એમ બે ભાષામાં રિલીઝ કરવામા આવશે.

સંજય દત્ત અને અભિષેક બચ્ચન મોગલ રાજાઓના પાત્રમાં જોવા મળવાના છે. જ્યારે ફરદીન ખાન પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં હશે. હાલ આ ફિલ્મનું શૂટિંગ મુંબઈમાં ચાલી રહ્યું છે. આ ફિલ્મનું નિર્માણ જ્યોતિ દેશપાંડે તેમજ રિતેશ દેશમુખની પત્ની જેનેલિયા ડિસોઝા કરી રહી છે.

# ખુશી કપૂર સાથેની ઇબ્રાહિમ અલી ખાનની ડેબ્યૂ ફિલ્મ નાદાનિયાનું પહેલું ટ્રેક 'ઇશ્ક મેં' રિલિઝ થયું

(એજન્સી) મુંબઈ | તા.06

સચિન-જીગર, અમિતાભ ભટ્ટાચાર્ય, સચેત ટંડન અને અસીસ કૌરે ખુશી કપૂર સાથે ઈબ્રાહિમ અલી ખાનની ડેબ્યુ ફિલ્મ નાદાનિયામાંથી 'ઈશ્ક મેં' માં મેજિક જોવા મળ્યું.

નેશનલ, 3rd ફેબ્રુઆરી 2025: પ્રતીક્ષા પૂરી થઈ! ઈબ્રાહિમ અલી ખાનની પહેલી ફિલ્મ વિશેની ચર્ચા આખરે વિરામ પામી છે કારણ કે દુનિયાએ 'ઈશ્ક મેં' માં ખુશી કપૂર સાથે રોમાન્સ કરતા અભિનેતાની ઝલક જોવા મળી રહી છે આ સૌથી અપેક્ષિત ફિલ્મ નાદાનિયાનું પ્રથમ ગીત છે જેનું દિગ્દર્શન નવોદિત દિગ્દર્શક શાઉના ગૌતમ દ્વારા કરવામાં આવ્યું હતું અને કરણ જોહર, અપૂર્વ મહેતા અને સોમન મિશ્રાએ નિર્મિત કર્યું હતું. ઈશ્ક મેં, તેના વાસ્તવિક સ્વરૂપમાં પ્રેમની ભાવનાપૂર્ણ ઉજવણી છે, જે દર્શકોને આકર્ષિત કરવાનું વચન આપે છે. ટ્રેક ફેમશ મ્યુઝિકલ જોડી સચિન-જીગર દ્વારા કંપોઝ કરવામાં આવ્યો છે, સુપ્રસિદ્ધ અમિતાભ ભટ્ટાચાર્ય દ્વારા ગીતો અને પાવરહાઉસ ઓફ ટેલેન્ટ




સચેત ટંડન, અસીસ કૌર દ્વારા સ્વર આપવામાં આવ્યા છે. નેક્સ્ટ ઓન નેટફ્લિક્સ ઈવેન્ટમાં 'ઈશ્ક મેં' નું અનાવરણ કરવામાં આવ્યું હતું. જ્યાં ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂરે ગીત રજૂ કર્યું હતું અને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા, કરણ જોહરે ફિલ્મ - નાદાનિયાં, ફિલ્મનું સંગીત અને તેના વિશે માહિતી શેર કરી હતી. ઈશ્ક મેં પ્રેમનો સંપૂર્ણ સ્વર સેટ કરે છે. એક મધુર જે હૃદયના તારને ખેંચે છે અને એક કેમિસ્ટ્રી છે જે અવિસ્મરણીય હશે.

ઈશ્ક મેંમાં ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂરની કેમિસ્ટ્રી એવી છે કે જે તમને ફરીથી પ્રેમમાં વિશ્વાસ કરાવે છે.

# દીકરાની ડેબ્યૂ ફિલ્મને લઈ આમિર ઉત્સાહિત

## 'લવયાપા'ના સ્ક્રીનિંગમાં ત્રણેય ખાન દેખાયા, સલમાન-શાહરુખે શુભેચ્છા પાઠવી






(એજન્સી) મુંબઈ | તા.06

બુધવારે સાંજે શાહરુખ અને સલમાન ખાન આમિર ખાનના પુત્ર જુનૈદની ફિલ્મ 'લવયાપા'ના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં પહોંચ્યા હતા. શાહરુખે આમિરને કિસ કરી હતી, જ્યારે સલમાન તેને ગળે લગાવતો જોવા મળ્યો હતો. શાહરુખ-સલમાને આમિર અને તેના દીકરા જુનૈદ સાથે તસવીરો પણ ક્લિક કરાવી.

જુહી ચાવલા, સિંગર-રેપર હની સિંહ, અર્જુન કપૂર અને જાહ્નવી કપૂર જેવા સેલેબ્સ પણ સ્ક્રીનિંગમાં જોવા મળ્યા હતા.

ફિલ્મ 'લવયાપા' 7 ફેબ્રુઆરીએ રિલીઝ થશે ફિલ્મ 'લવયાપા' 7 ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં જુનૈદ સાથે શ્રીદેવીની નાની પુત્રી ખુશી કપૂર પણ છે. જુનૈદ અને ખુશી કપૂરની આ પહેલી થિયેટર રિલીઝ ફિલ્મ છે.

અગાઉ, જુનૈદ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થયેલી ફિલ્મ મહારાજમાં જોવા મળ્યો હતો. જ્યારે ખુશીએ ફિલ્મ ધ આર્ચીઝ દ્વારા અભિનયની શરૂઆત કરી હતી. આ ફિલ્મ નેટફ્લિક્સ પર પણ રિલીઝ થઈ હતી.



# બોલિવૂડની ડાન્સિંગ ક્વીન નોરા ફતેહી

## 10 છોકરીઓ સાથે ફ્લેટ શેર કરતી, ઈંડા-બ્રેડ પર દિવસો વિતાવ્યા, આજે એક ઈવેન્ટનો ચાર્જ 2 કરોડ રૂપિયા

(એજન્સી) મુંબઈ | તા.06

આ લાઈન નોરા ફતેહીના જીવન પર સંપૂર્ણ રીતે બંધબેસે છે. એક સમય હતો જ્યારે નોરા કેનેડાથી માત્ર 5,000 રૂપિયા લઈને મુંબઈ આવી હતી અને હવે તે એક ઈવેન્ટ માટે 2 કરોડ રૂપિયા ચાર્જ કરે છે. આજે નોરા તેનો 33મો જન્મદિવસ છે. તેના જન્મદિવસ અવસરે, આપણે તેના જીવન સાથે જોડાયેલી કેટલીક અજાણી વાતો જાણીશું-

બાળપણમાં બાળકો ડાન્સની મજાક ઉડાવતા હતા નોરાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે જ્યારે તે 11 વર્ષની હતી, ત્યારે તેને સ્કૂલમાં એમ કહીને ચીડવવામાં આવતી હતી કે તે ખૂબ જ પાતળી છે અને તેને ડાન્સ પણ આવડતો નથી. તેણે ત્યારે જ નક્કી કરી લીધું હતું કે એક દિવસ તે બધાને ખોટા સાબિત કરશે.

એક્ટ્રેસે જણાવ્યું કે તેના સ્કૂલના દિવસોમાં, તે એવી છોકરીઓના જૂથમાં રહેવાનો પ્રયાસ કરતી હતી જે વધુ સારી રીતે ડાન્સ કરતી હોય. નોરાએ કહ્યું- હું હંમેશા તેની કોપી કરતી, તેના ડાન્સ સ્ટેપ્સ કરવાનો પ્રયાસ કરતી જેથી તે મને તેના ગ્રુપમાં સામેલ કરે, પરંતુ તેણે ક્યારેય મને સ્વીકારી નહીં. મને લાગતું હતું કે હું તેના લેવલનો ડાન્સ કરી શકતી નથી.

ડાન્સ કરવા બદલ માતાએ મને માર માર્યો હતો નોરા માટે આ સફર સરળ નહોતી. તેણે પોતાના જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો. તેનો જન્મ એક રૂઢિચુસ્ત મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેના માતા-પિતાએ તેના ડાન્સ સામે વાંધો ઉઠાવ્યો, પરંતુ નોરા ડાન્સર બનવા માટે મક્કમ હતી. નોરાને બાળપણથી જ ડાન્સનો શોખ હતો. નોરા તેના માતા-પિતાથી છુપાઈને ઘરમાં બંધ રૂમમાં ડાન્સ કરતી હતી. એક દિવસ નોરાની માતાએ તેને ડાન્સ કરતા જોઈ ગઈ.

નોરાનો ડાન્સ જોઈ તેની માતા તેને ખૂબ માર માર્યો. માતા-પિતાના વિરોધ છતાં, નોરાએ ડાન્સ ન છોડ્યો. તેમણે અભ્યાસ પૂર્ણ કર્યા પછી ભારત આવવાનું નક્કી કર્યું. 5 હજાર રૂપિયા લઈને ભારત આવી હતી લગભગ 10 વર્ષ પહેલાં, નોરા કેનેડાથી માત્ર 5,000 રૂપિયા લઈને ભારત આવી હતી. મેશેબલ ઈન્ડિયા સાથે વાત કરતી વખતે, નોરાએ તેના શરૂઆતના સંઘર્ષો વિશે વાત કરી.

એક સમય હતો જ્યારે થેરેપીની જરૂર હતી ઈન્ટરવ્યૂ દરમિયાન, નોરાને પૂછવામાં આવ્યું કે તે મુંબઈમાં ઘરનું ભાડું કેવી રીતે ચૂકવતી હતી. તેણીએ કહ્યું, તે સમયે હું જે એજન્સીમાં કામ કરતી હતી તે અમારા એપાર્ટમેન્ટનું ભાડું ચૂકવતી હતી અને તેનું કમિશન કાપી લેતી હતી. આ પછી મારી પાસે બહુ ઓછા પૈસા બચતા . મેં ઘણા દિવસો ઈંડા, બ્રેડ અને દૂધ પર ગુજાર્યા છે. તે મારા માટે ખૂબ જ ખરાબ સમય હતો અને જો હું ગંભીરતાથી કહું તો, તે સમયે મને થેરેપીની જરૂર હતી 2019માં એક ઈન્ટરવ્યૂમાં તેના સંઘર્ષના તબક્કા વિશે વાત કરતા, નોરાએ કહ્યું કે તે દિવસોમાં તે જે એજન્સીમાં કામ કરતી હતી તે તેને દર અઠવાડિયે ફક્ત 3,000 રૂપિયા ચૂકવતી હતી. આટલા ઓછા પૈસામાં રોજિંદા ખર્ચનું સંચાલન કરવું તેના માટે ખૂબ જ મુશ્કેલ બની ગયું. એજન્સીએ મારી સાથે 20 લાખ રૂપિયાની છેતરપિંડી કરી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં નામ બનાવતા પહેલા નોરા સાથે છેતરપિંડી થઈ હતી.

# વિમેન સેક્શનમાંથી કપડાં ખરીદે છે ચંકી પાંડે

## મારા માતા-પિતાને છોકરી જોઈતી હતી એટલે બાળપણમાં મને એવા કપડાં જ પહેરાવ્યાં હતા



(એજન્સી) મુંબઈ | તા.06

તાજેતરમાં, એક ઈન્ટરવ્યૂ દરમિયાન, એક્ટર ચંકી પાંડેએ તેના વ્યક્તિત્વ અને પુત્રી અનન્યા પાંડે વિશે કેટલીક રસપ્રદ વાતો જણાવી. એક્ટરે કહ્યું કે મને વિમેન સેક્શનમાંથી કપડાં ખરીદવા ગમે છે.

ચંકીએ જણાવ્યું કે જ્યારે તે નાનો હતો ત્યારે તેની માતા તેને છોકરીઓના કપડાં પહેરાવતી હતી. અને આ કારણે, તેની અસર મોટા થયા પછી પણ ફેશન સેન્સ પર દેખાય છે.

મારા માતા-પિતાને છોકરી જોઈતી હતી મેશેબલ ઈન્ડિયા સાથે વાત કરતા ચંકીએ કહ્યું કે જ્યારે તેનો જન્મ થયો ત્યારે તેના માતા-પિતા પુત્રીના આગમનની તૈયારી કરી રહ્યા હતા. તે કહે છે- મારા પિતા ખરેખર એક છોકરી ઈચ્છતા હતા. તે છોકરા માટે તૈયાર નહોતા. મારી માતાએ છોકરી માટે બધી ખરીદી કરી. એટલા માટે મારા બાળપણના બધા ફોટામાં હું ફ્રોક, બિંદી અને નાના કાનની બુટ્ટી પહેરેલો જોવા મળું છું. બે વર્ષ પછી હું છોકરો બન્યો.

ચંકી પાંડે ઈન્ડસ્ટ્રીમાં કોમિક હીરો તરીકે જાણીતા છે.

ચંકી પાંડે ઈન્ડસ્ટ્રીમાં કોમિક હીરો તરીકે જાણીતા છે.

મારી ઊર્જા અને કલામાં સ્ત્રીત્વની શક્તિ છે ઈન્ટરવ્યૂમાં, એક્ટર કહે છે કે પ્રથમ ચાર વર્ષ કોઈપણ વ્યક્તિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. આ તેમના જીવનનું એ વર્ષ હતું જ્યારે તેમને છોકરીઓના કપડાં પ્રત્યે પ્રેમ થઈ ગયો હતો.


# નિક સાથે લગ્ન કરવાને લઈ પ્રિયંકા મૂંઝવણમાં હતી

## એક્ટ્રેસે કહ્યું- લાઈફમાં ઘણા લોકોએ મારું દિલ તોડ્યું છે, એટલે હું પ્રામાણિક વ્યક્તિની શોધમાં હતી

(એજન્સી) મુંબઈ | તા.06

હાલ પ્રિયંકા ચોપરા તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્નમાં હાજરી આપવા માટે મુંબઈમાં છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં, તેણે નિક જોનાસ સાથેના તેના લગ્ન અને તેના જૂનાં રિલેશનશીપ વિશે વાત કરી. તેણે કહ્યું કે તે તેના જીવનમાં એક એવી વ્યક્તિની શોધમાં હતી જે પ્રામાણિક હોય.

હાર્પર્સ બજાર સાથે વાત કરતા પ્રિયંકા ચોપરાએ કહ્યું, શરૂઆતમાં મને નિક સાથે લગ્ન કરવા અંગે શંકા હતી. મને એવો છોકરો જોઈતો હતો જે પરિવાર રાખવા માગતો હોય. તે સમયે નિક 25 વર્ષનો હતો અને હું 35 વર્ષની હતી. મને લાગ્યું કે કદાચ તે હમણાં તેના વિશે વિચારશે નહીં. પ્રિયંકાએ કહ્યું, હું મારા પતિમાં પાંચ ગુણો ઈચ્છતી હતી. આમાં સૌથી મહત્વપૂર્ણ પ્રમાણિકતા હતી, કારણ કે મારા ભૂતકાળના સંબંધોમાં મને ક્યારેક અપ્રમાણિકતાનો ભોગ બનવું પડ્યું હતું. બીજું, તેણે પરિવારનું મહત્વ સમજવું જોઈએ. ત્રીજું, તેણે પોતાના વ્યવસાયને ખૂબ ગંભીરતાથી લેવો જોઈએ, કારણ કે હું મારા કામને ખૂબ ગંભીરતાથી લઉં છું. ચોથું, હું ઈચ્છતો હતો કે તે ક્રિએટિવ હોય અને મારી સાથે મોટા સપના જુએ. અને પાંચમું, મને એવી વ્યક્તિની જરૂર હતી.




જેનો મારા જેવો જ જુસ્સો હોય. જો નિકમાં આમાંથી કોઈ ગુણ ન હોત, તો હું તેની સાથે લગ્ન ન કરત.

બંનેના લગ્ન 2018માં થયા હતા પ્રિયંકાએ 1 ડિસેમ્બર 2018 ના રોજ નિક સાથે લગ્ન કર્યા. બંનેએ ભારતમાં ખ્રિસ્તી અને હિન્દુ રીતરિવાજ મુજબ લગ્ન કર્યા. આ પછી, વર્ષ 2022માં બંનેએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે તેઓ સરોગસી દ્વારા માતા-પિતા બન્યા છે.

# ICC T-20 રેન્કિંગ જાહેર, અભિષેક શર્મા નંબર-2 બેટર

## અભિષેકે 38 સ્થાનનો કૂદકો માર્યો; ટ્રેવિસ હેડ ટોચ પર, સ્પિનર વરુણ ત્રીજા નંબરે




(એજન્સી) દુબઈ તા 06

ભારતીય ઓપનર અભિષેક શર્મા ICC T-20 રેન્કિંગમાં નંબર-2 પર પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડ સામેના પ્રભાવશાળી પ્રદર્શન બાદ તે 829 રેટિંગ પોઈન્ટ પર પહોંચી ગયો. ઈંગ્લેન્ડ સામે 14 વિકેટ લીધા બાદ પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર થયેલા વરુણને અભિષેકે ઈંગ્લેન્ડ સામેની પાંચમી T20 મેચમાં 135 રન બનાવ્યા. તેણે 7 ચોગ્ગા અને 13 છગ્ગા ફટકાર્યા. અભિષેકે માત્ર 37 બોલમાં પોતાની સદી પૂરી કરી. તે પ્લેયર ઑફ ધ મેચ બન્યો હતો. બોલરોના રેન્કિંગમાં 3 સ્થાનનો ફાયદો થયો છે. હવે તે છઠ્ઠા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. T20 સિરીઝમાં તેના શાનદાર પ્રદર્શનને કારણે, તેને 6 ફેબ્રુઆરીથી શરૂ થતી વન-ડે શ્રેણી માટે પણ પસંદ કરવામાં આવ્યો છે. ટ્રેવિસ હેડ ટોચ પર છે અને તિલક વર્મા ત્રીજા સ્થાને છે. તેણે એક પોઈન્ટ ગુમાવ્યો છે. ICC એ બુધવારે નવી રેન્કિંગ જાહેર કરી. વરુણ ચક્રવર્તીએ T20 બોલિંગ રેન્કિંગમાં ત્રણ સ્થાનનો ફાયદો મેળવ્યો છે. હવે તે પાંચમા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. વરુણના 705 રેટિંગ પોઈન્ટ છે, જ્યારે ઈંગ્લેન્ડનો આદિલ રશીદ 705 પોઈન્ટ સાથે બીજા અને વેસ્ટ ઈન્ડિઝનો અકીલ હુસૈન (707 પોઈન્ટ) ટોચ પર છે. T20 ઓલરાઉન્ડરોના રેન્કિંગમાં ટોપ-10માં કોઈ ફેરફાર થયો નથી. દરમિયાન, મહિશ થિક્સાના 663 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને આવી ગયો છે. તેને 4 સ્થાનનો ફાયદો થયો છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા T20 ઓલરાઉન્ડર્સ રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત છે. તેણે ચોથી T20માં શાનદાર બેટિંગ કરી અને 30 બોલમાં ફિફ્ટી ફટકારી. પંડ્યાએ 30 બોલમાં 53 રનની ઈનિંગ રમી. બુમરાહ (645 પોઈન્ટ) એક સ્થાન ગુમાવ્યો છે. વન-ડે ઓલરાઉન્ડરોના રેન્કિંગમાં કોઈ 10માં કોઈ ફેરફાર થયો નથી. દરમિયાન, બેટિંગમાં ઓસ્ટ્રેલિયાનો સ્ટીવ સ્મિથ 784 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને પહોંચી ગયો છે. તેને ત્રણ સ્થાનનો ફાયદો થયો. તે જ સમયે, ટ્રેવિસ હેડ 2 પોઈન્ટના નુકસાન સાથે સાતમા સ્થાને પહોંચી ગયો છે.

### વરુણ ચક્રવર્તી પ્લેયર ઓફ ધ સિરીઝ બન્યો

ઈંગ્લેન્ડ સામે 14 વિકેટ લીધા બાદ પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર થયેલા વરુણને બોલરોના રેન્કિંગમાં 3 સ્થાનનો ફાયદો થયો છે. હવે તે છઠ્ઠા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. T20 સિરીઝમાં તેના શાનદાર પ્રદર્શનને કારણે, તેને 6 ફેબ્રુઆરીથી શરૂ થતી વન-ડે શ્રેણી માટે પણ પસંદ કરવામાં આવ્યો છે.

### હાર્દિક 1 પર યથાવત, ત્રીજી T20માં ફિફ્ટી

સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા T20 ઓલરાઉન્ડર્સ રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત છે. તેણે ચોથી T20માં શાનદાર બેટિંગ કરી અને 30 બોલમાં ફિફ્ટી ફટકારી. પંડ્યાએ 30 બોલમાં 53 રનની ઈનિંગ રમી.

### ઈંગ્લેન્ડ સામે સારા પ્રદર્શનને કારણે અભિષેક ટોપ 2માં

અભિષેકે ઈંગ્લેન્ડ સામેની પાંચમી T20 મેચમાં 135 રન બનાવ્યા. તેણે 7 ચોગ્ગા અને 13 છગ્ગા ફટકાર્યા. અભિષેકે માત્ર 37 બોલમાં પોતાની સદી પૂરી કરી. તે પ્લેયર ઑફ ધ મેચ બન્યો હતો.

### સ્મિથ ટોપ-5માં, 3 ભારતીય ટોપ-10માં

ટેસ્ટ ટીમ રેન્કિંગમાં ટોપ-10માં કોઈ ફેરફાર થયો નથી. દરમિયાન, બેટિંગમાં ઓસ્ટ્રેલિયાનો સ્ટીવ સ્મિથ 784 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને પહોંચી ગયો છે. તેને ત્રણ સ્થાનનો ફાયદો થયો. તે જ સમયે, ટ્રેવિસ હેડ 2 પોઈન્ટના નુકસાન સાથે સાતમા સ્થાને પહોંચી ગયો છે. તેના 773 પોઈન્ટ છે. આ યાદીના ટોપ-10માં યશસ્વી જયસ્વાલ ચોથા અને રિષભ પંત નવમા સ્થાને છે.

### રોહિત-ગિલ અને કોહલી ટોપ-5માં સામેલ

ODI ટીમ રેન્કિંગમાં ટોપ-10માં કોઈ ફેરફાર થયો નથી. આ ફોર્મેટ માટે બેટિંગ રેન્કિંગ પણ ગયા અઠવાડિયા જેટલું જ છે. કુલદીપ યાદવ (665 પોઈન્ટ) વન-ડે બોલિંગ રેન્કિંગમાં બીજા ક્રમે છે.

# કાવ્યા મારનનો મોટો દાવ, 500 કરોડની બોલી લગાવીને ખરીદી નવી ટીમ


(એજન્સી) નવી દિલ્હી તા 06

ઈન્ડિયન પ્રીમિયર લીગના ત્રીજા ફ્રેન્ચાઈઝ માલિકે ઈંગ્લેન્ડની ટુર્નામેન્ટ ધ હન્ડ્રેડમાં પણ એક ટીમ ખરીદી છે. સન નેટવર્કે નોર્ધન સુપરચાર્જર્સમાં હિસ્સો ખરીદ્યો છે. એટલે કે કાવ્યા મારન હવે IPL અને SA20 પછી ધ હન્ડ્રેડમાં જોવા મળશે. ઈન્ડિયન પ્રીમિયર લીગના ફ્રેન્ચાઈઝ માલિકોએ વિદેશી ક્રિકેટ લીગમાં પણ ઘણી ટીમો ખરીદી છે. તાજેતરમાં, મુંબઈ ઈન્ડિયન્સના માલિક મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને લખનૌ સુપર જાયન્ટ્સના માલિક સંજીવ ગોયન્કાએ ઈંગ્લેન્ડની ટુર્નામેન્ટ ધ હન્ડ્રેડમાં પોતાનો દાવ લગાવ્યો છે. હવે કાવ્યા મારનના પિતા કલાનિધિ મારનની કંપની સન નેટવર્ક પણ આ લીગમાં પ્રવેશી છે. IPLમાં રમી રહેલી સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમ આ જૂથની છે. હવે તેમનો જાદુ ધ હન્ડ્રેડમાં પણ જોવા મળશે. સન ગ્રુપે નોર્ધન સુપરચાર્જર્સમાં હિસ્સો ખરીદવા માટે સૌથી વધુ બોલી લગાવી હતી. સન ગ્રુપે સુપરચાર્જર્સનું 100% ફ્રેન્ચાઈઝી માટે મૂલ્ય 100 મિલિયન પાઉન્ડ (આશરે રૂ. 1,000 કરોડ) આંક્યું, જેની સાથે તેમણે બે અન્ય રસ ધરાવતી પાર્ટીને પાછળ છોડી દીધા. યોર્કશાયર અને સન ગ્રુપ બંનેએ હવે ધ હન્ડ્રેડના વેચાણના આઠ અઠવાડિયાની અંદર સોદો પૂરો કરવો પડશે તમને જણાવી દઈએ કે, ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે હાલમાં ધ હન્ડ્રેડ ટીમોમાં મહત્તમ 49% હિસ્સો વેચવાનો નિર્ણય લીધો છે. આવી સ્થિતિમાં, કાવ્યા મારનને આ ટીમમાં મહત્તમ 49% હિસ્સો મળશે. 49% હિસ્સો મળે તે માટે સન ગ્રુપે લગભગ 500 કરોડ રૂપિયા ખર્ચ કરવા પડશે.

# ટેનિસ ખેલાડી સિમોના હાલેપે નિવૃત્તિ

(એજન્સી) બુકારેસ્ટ (રોમાનિયા) તા 06

બે વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સિમોના હાલેપે ટેનિસમાંથી નિવૃત્તિ લીધી છે. રોમાનિયામાં ટ્રાન્સીલ્વેનિયા ઓપનના પહેલા રાઉન્ડમાં હાર્યા બાદ હાલેપે મંગળવારે નિવૃત્તિની જાહેરાત કરી. તેનો ઈટાલીની લુસિયા બ્રોન્ઝેટ્ટી સામે 6-1, 6-1થી પરાજય થયો હતો. 26 વર્ષીય હાલેપે તેના ચાહકોને કહ્યું, ‘મને ખબર નથી કે હું આ જાહેરાત ખુશીથી કરી રહી છું કે દુ:ખથી પણ મને લાગે છે કે મને બંનેનો અનુભવ થઈ રહ્યો છે, પણ આ નિર્ણયથી હું શાંત છું. હું હંમેશા વાસ્તવિકવાદી રહી છું. મારું શરીર હવે પહેલા જેવું રહ્યું નથી. ભલે મારું પ્રદર્શન સારું ન હતું. હું તમારી સામે રમીને ટેનિસને અલવિદા કહેવા માગતી હતી.‘



### હાલેપને વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી આપવામાં આવી

સિમોનાને ગયા મહિને યોજાયેલા વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ, ઓસ્ટ્રેલિયા ઓપનમાં પણ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી આપવામાં આવી હતી. જોકે, તેને ઘૂંટણ અને ખભામાં દુખાવો થયો અને મેલબોર્નમાં ટુર્નામેન્ટના ક્વોલિફાઈંગ રાઉન્ડમાં તે બહાર થઈ ગઈ.

**2017માં વર્લ્ડ નંબર-1 બની, વિમ્બલ્ડન પણ જીત્યો :** હાલેપ 2017માં પહેલીવાર વર્લ્ડ રેન્કિંગમાં નંબર વન પર પહોંચી હતી. હાલમાં, તે 870મા ક્રમે છે. તે 2019માં વિમ્બલ્ડન ફાઈનલમાં સેરેના વિલિયમ્સને હરાવીને ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઈટલ જીતી હતી અને 2018માં ફ્રેન્ચ ઓપનમાં, ફાઈનલમાં સ્લોએન સ્ટીફન્સને હરાવીને ચેમ્પિયન બની હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ભારતીય ટીમની જર્સી બદલાઈ

(એજન્સી) મુંબઈ તા 06

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 3 મેચોની સીરિઝની પહેલી મેચ નાગપુરમાં ગુરૂવારે (6 ફેબ્રુઆરી) રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (BCCI) ટીમના ખેલાડીઓ માટે સ્પેશિયલ જર્સી તૈયાર કરાવી છે. જર્સીના ખભા પર તિરંગો બનેલો છે. આ જર્સી વૂમેન્સ ક્રિકેટ ટીમને પહેલા જ મળી ચૂકી હતી. પરંતુ મેન્સ ક્રિકેટ ટીમ હવે નવી જર્સીમાં નજરે પડશે. BCCIએ ખેલાડીઓનો ફોટો પણ શેર કર્યા છે. ભારતીય ટીમ નવી જર્સી સાથે નાગપુર વનડે રમવા મેદાનમાં ઉતરશે. ટીમ ઈન્ડિયાની જર્સીનો મુખ્ય રંગ બ્લૂ જ છે. પરંતુ તેને ખુબ જ ખાસ રીતે ડિઝાઈન કરાઈ છે. ખભા પર તિરંગો બનાવાયો છે. જેના ઉપરના ભાગ પર કેસરિયો અને વચ્ચે સફેદ રંગ રખાયો છે. ત્યારબાદ ખભાના નીચેના ભાગ પર લીલો રંગ રખાયો છે. બીજી તરફ આ ફેરફારથી ફેન્સ ખુશ થયા છે અને ગર્વ અનુભવી રહ્યા છે. આ નવી જર્સીમાં હવે ભારતીય તિરંગાના રંગોને વિશેષ રીતે દર્શાવાયા છે. આ ફેરફાર ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં એક ખાસ સંદેશ આપનાર સાબિથ થઈ શકે છે. જો કે, ભારતીય ટીમની જર્સીના આગળના અને પાછળના ભાગમાં વધુ ફેરફાર કરાયો નથી.

# બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં તપાસના આદેશ

## 6 ઈન્ટરનેશનલ સહિત 10 ખેલાડીઓ પર ફિક્સિંગનો આરોપ, 4 ફ્રેન્ચાઈઝીઓ પર પણ શંકા



(એજન્સી) ઢાકા તા 06

ખેલાડીઓના પગારના વિવાદ વચ્ચે બાંગ્લાદેશ પ્રીમિયર લીગ પર મેચ ફિક્સિંગના આરોપો લગાવવામાં આવ્યા છે. આ અંગે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સોમવાર, 3 ફેબ્રુઆરીના રોજ સ્વતંત્ર તપાસ હાથ ધરી હતી. લીગની વર્તમાન સિઝનની 8 મેચની તપાસ ચાલુ છે. આમાંથી 6 આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ અને 7 માંથી 4 ફ્રેન્ચાઈઝી સહિત 10 ખેલાડીઓ પર ફિક્સિંગનો આરોપ છે. બોર્ડના પ્રમુખ ફારૂક અહેમદે કહ્યું, ’જો કોઈ ખેલાડી ખોટા કામમાં સંડોવાયેલો જોવા મળે તો. ત્યારબાદ તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેઓ કોઈ પણ ગુનેગારને છોડશે નહીં.’ તેમણે ક્રિકબઝને કહ્યું, ’જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી શકશે નહીં. કારણ કે તેમણે એક પ્રોટોકોલનું પાલન કરવું પડે છે. ટુર્નામેન્ટ દરમિયાન બનતી બધી ઘટનાઓ નોંધવામાં આવે છે અને પછીથી તેની તપાસ કરવામાં આવે છે.’ BPL-2024-25ની ક્વોલિફાયર-2 બુધવારે સાંજે 6 વાગ્યાથી મીરપુરમાં ચટગાંવ કિંગ્સ અને ખુલના ટાઈગર્સ વચ્ચે રમાશે. ફોર્ચ્યુન બારીશાલ પહેલાથી જ ફાઈનલમાં પહોંચી ગયું છે. તેણે ક્વોલિફાયર-1 માં ચટગાંવ કિંગ્સને 9 વિકેટથી હરાવ્યું હતું. ફાઈનલ મેચ 7 બાંગ્લાદેશના ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ અસરફુલને દોષી ઠેરવવામાં આવ્યા હતા અને તેના પર 8 વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

### લીગ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિઓ જોવા મળી

બાંગ્લાદેશ પ્રીમિયર લીગની કેટલીક મેચમાં ઘણી શંકાસ્પદ પ્રવૃત્તિઓ જોવા મળી હતી. બોલરો દ્વારા સતત ત્રણ વાઈડ અને નો-બોલ ફેંકવાની જેમ, પ્લેઈંગ-11ની પસંદગી અને મોટા ટાર્ગેટ છતાં ધીમી બેટિંગ શંકાસ્પદ છે. આના પર બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના એન્ટી કરપ્શન યુનિટે 8 મેચની તપાસ શરૂ કરી છે.

# 'ધીમી બેટિંગ કરે છે...' કાંગારુઓના કેપ્ટને કોહલીની ઠેકડી ઉડાડી



(એજન્સી) નવી દિલ્હી તા 06

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 શરુ થવામાં હવે બે અઠવાડિયા બાકી છે. વનડે વર્લ્ડકપ અને T20 વર્લ્ડકપની જેમ ચેમ્પિયન્સ ટ્રોફી પણ મર્યાદિત ઓવરો માટેની મહત્ત્વપૂર્ણ ટુર્નામેન્ટ છે. હાલની વર્લ્ડકપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટીમ અને T20 વર્લ્ડકપ ચેમ્પિયન ભારતની ટીમ આ વખતની ચેમ્પિયન્સ ટ્રોફી માટે ફેવરીટ ટીમ માનવામાં આવી રહી છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ઓસ્ટ્રેલિયાના કૅપ્ટન પેટ કમિન્સે એક ટીવીના વિજ્ઞાપનમાં વિરોધીઓને સીધો પડકાર ફેંક્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીનું પ્રમોશન કરતાં આ વીડિયોમાં કમિન્સ કેમેરા સામે સ્લેજીંગ કરતો જોવા મળ્યો હતો. તે નીચેલી લખેલી પંક્તિઓમાં બેન સ્ટોક્સ, ઓલી પોપ, વિરાટ કોહલી જેવા ખેલાડીઓ પર નિશાન સાધતો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન ભારત ગુરુવારે નાગપુરના વિદર્ભ ક્રિકેટ ઍસોસિયેશન સ્ટેડિયમ ખાતે સીરિઝની પહેલી વનડેમાં ઇંગ્લૅન્ડ સામે ટકરાશે. ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે બીજી વનડે મેચ રવિવારે કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 12 ફેબ્રુઆરીએ 50 ઓવરની સીરિઝની ત્રીજી અને અંતિમ મેચ રમાશે.

# વિરાટ, રોહિત કોઈ રોબોટ નથી, દર વખતે રન બનાવે તે જરૂરી નથી

(એજન્સી) નવી દિલ્હી તા 06




ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસને ભારતના સ્ટાર ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેનું માનવું છે કે, તે કોઈ ’રોબોટ’ નથી અને આપણે એ ન ભૂલવું જોઈએ કે, તેઓએ પોતાના સારા દિવસોમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી બધાને ખૂશ કર્યા છે. હાલમાં કોહલી અને રોહિત બંને ખરાબ ફોર્મમાંથી પસાર થઇ રહ્યા છે. ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સીરિઝમાં ભારતને 1-3થી મળેલી હાર બાદ બંને બેટરોને નિવૃત્તિ લઈ લેવાની માંગ ઉઠી હતી. શું કહ્યું કેવિન પીટરસને? પીટરસને જણાવ્યું હતું કે, ’જે ખેલાડીએ અટલા બધા રન બનાવ્યા હોય તેને તમે કઈ રીતે કહી શકો કે, તમે સંન્યાસ લઈ લો? હા, આ અંગે ચર્ચા થઈ શકે છે, પરંતુ હું સમજુ છું કે, તેઓ આનાથી વધારે સન્માનના હકદાર છે. મારી કારકિર્દી દરમિયાન પણ મેં અવા જ પડકારોનો સામનો કર્યો છે. રોહિત અને વિરાટ ’રોબોટ’ નથી. એવું તો ન બની શકે કે, તેઓ સતત સદી જ ફટકાર્યા જ કરે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર તેમના ખરાબ પ્રદર્શનને લીધે તે શું ખરાબ ખેલાડીઓ બની જાય છે. ના, બિલકુલ નહીં.’ આ સિવાય પીટરસને ઈન્ડિયન પ્રિમિયર લીગ (IPL) ના ટીમ માલિકો દ્વારા ઈંગ્લેન્ડમાં ઘરેલું ક્રિકેટમાં કરવામાં આવેલા રોકાણનું સ્વાગત કરતા તેણે ઈંગ્લેન્ડ અને વર્લ્ડ ક્રિકેટ માટે આ કરારને અદ્ભુત ગણાવ્યો હતો. પીટરસને કહ્યું હતું કે, ’ભારત દુનિયાભરમાં ક્રિકેટનું સંચાલન કરી રહ્યું છે. જો તમે આવું નથી વિચારી રહ્યા તો તમે મૂર્ખ છો. આની વિરુદ્ધ દલીલ કરનાર કોઈપણ વ્યક્તિ સ્પષ્ટ રીતે મૂંઝવણમાં છે. જો તમારે જોવું હોય કે, ભારત વર્લ્ડ ક્રિકેટમાં શું કરી રહ્યું છે. તો છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઈંગ્લેન્ડ ક્રિકેટમાં જેટલી રકમ નાખવામાં આવી છે.

# ક્યારે નિવૃત્ત થશો તેવો પ્રશ્ન પૂછતા જ ભડક્યો રોહિત શર્મા

(એજન્સી)નવી દિલ્હી તા 06




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ODI શ્રેણીની પહેલી મેચ નાગપુરના વિદર્ભ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ પહેલા ભારતીય કેપ્ટન રોહિત શર્માએ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન નિવૃત્તિના પ્રશ્ન પર રોહિત શર્મા ગુસ્સે થઈ ગયો હતો. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 6 ફેબ્રુઆરીથી 3 મેચની T20 શ્રેણી શરૂ થવા જઈ રહી છે. શ્રેણીની પહેલી મેચ નાગપુરમાં રમાશે. આ શ્રેણીમાં બધાની નજર રોહિત શર્મા અને વિરાટ કોહલી પર રહેશે. આ બંને ખેલાડીઓ છેલ્લા કેટલાક સમયથી ખરાબ ફોર્મનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં રોહિતના ભવિષ્ય પર સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. નાગપુર મેચ પહેલા ભારતીય કેપ્ટન રોહિત શર્માએ પણ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન રોહિતને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના ભવિષ્ય વિશે પણ સવાલ કરવામાં આવ્યા હતા. આના પર રોહિત ગુસ્સે થઈ ગયો હતો. રોહિત શર્માએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના ભવિષ્ય વિશે વાત કરવાનો ઈનકાર કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ રોહિતને ચેમ્પિયન્સ ટ્રોફી પછી તેની ભવિષ્યની યોજનાઓ વિશે જણાવવા કહ્યું છે. રોહિત હાલમાં આગામી મેચો પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. રોહિતે કહ્યું, ’આ એક અલગ ફોર્મેટ છે, એક અલગ સમય છે. ક્રિકેટર તરીકે ઉતાર-ચઢાવ આવશે અને મેં મારી કારકિર્દીમાં ઘણા બધા ઉતાર-ચઢાવનો સામનો કર્યો છે. આ મારા માટે કંઈ નવું નથી. આપણે જાણીએ છીએ કે દરેક દિવસ એક નવો દિવસ છે, દરેક શ્રેણી એક નવી શ્રેણી છે. હું પડકારની રાહ જોઈ રહ્યો છું અને ભૂતકાળમાં શું બન્યું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો નથી. રોહિતે કહ્યું, ’આ એક અલગ ફોર્મેટ છે, એક અલગ સમય છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાનને મોટો ઝટકો



(એજન્સી) નવી દિલ્હી તા 06

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાનમાં શરૂ થશે. ભારતની મેચો દુબઈમાં યોજાશે. જોકે, આ ટુર્નામેન્ટ પહેલા અનુભવી ભારતીય અમ્પાયર અને સિનિયર મેચ રેફરીએ પાકિસ્તાન જવાનો ઈનકાર કરી દીધો છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાનને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. મોટા સમાચાર એ છે કે ભારતીય અમ્પાયર અને મેચ રેફરીએ પાકિસ્તાન જવાનો ઈનકાર કરી દીધો છે. અગાઉ ભારતીય ટીમે પણ પાકિસ્તાન જવાનો ઈનકાર કરી દીધો હતો, હવે ભારતીય અમ્પાયર નીતિન મેનને પણ આ નિર્ણય લઈને PCBને મોટો ઝટકો આપ્યો છે. આ જ કારણ છે કે ચેમ્પિયન્સ ટ્રોફી માટે જાહેર કરાયેલા અમ્પાયરોની યાદીમાં નીતિન મેનનનું નામ નથી. નીતિન મેનન 40 ટેસ્ટ મેચોમાં અમ્પાયરિંગ કરી ચૂક્યા છે, જેમાં તેઓ 30 વખત ફિલ્ડ અમ્પાયર અને 10 વખત ટીવી અમ્પાયર રહ્યા છે. તેમણે 75 ODI મેચોમાં અમ્પાયરિંગ કર્યું છે. જ્યારે T20 માં પણ તેમણે 75 મેચોમાં અમ્પાયરિંગ કર્યું છે. નીતિન મેનને 13 મહિલા T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં અમ્પાયરિંગ પણ કર્યું છે. જવાગલ શ્રીનાથની મેચ રેફરી તરીકેની કારકિર્દી લાંબી છે. આ દિગ્ગજ ખેલાડી 79 ટેસ્ટ અને 272 વનડેમાં મેચ રેફરી રહી ચૂક્યા છે. આ ઉપરાંત, તેમણે 136 T20 મેચોમાં પણ મેચ રેફરીની ભૂમિકા ભજવી છે.

# IPL 2025માં ફરી કેપ્ટન બનશે વિરાટ કોહલી?

(એજન્સી) નવી દિલ્હી તા 06

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ના મેગા ઓક્શનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ની રણનીતિ પર ભારે ટીકા થઈ હતી. ખાસ કરીને ફ્રેન્ચાઈઝી દ્વારા ’કેપ્ટન્સી મટિરિયલ’ પર પૈસા ખર્ચવામાં કંજૂસાઈ જોવા મળી હતી. RCB ટીમે ઋષભ પંત અથવા કેએલ રાહુલ પર વધારે પૈસા ન લગાવ્યા. મેગા ઓક્શન પછી એવા સમાચાર હતા કે, વિરાટ કોહલી ફરીથી RCBનું નેતૃત્વ કરશે, પરંતુ હવે આ સમગ્ર મામલે RCB ફ્રેન્ચાઈઝના COO એ મોટો ખુલાસો કર્યો છે.

એક રિપોર્ટ પ્રમાણે RCB ના COO રાજેશ મેનને ખુલાસો કર્યો કે, તેમની ટીમમાં ઘણા લીડર છે અને હજુ સુધી કંઈ નક્કી કરવામાં આવ્યું નથી. મેનને કહ્યું કે, હાલ અમે કંઈ નક્કી કર્યું નથી, અમારી ટીમમાં ઘણા લીડરો છે. જેમાંથી 4-5 લીડરો ધ્યાનમાં છે, તેમના વિશે અમે હાલમાં કાંઈ વિચાર્યુ નથી. આ વિશે અમે વિચાર વિમર્શ કરીશું અને પછી કોઈ નિષ્કર્ષ પર પહોંચીશું. કોહલી આઈપીએલના ઈતિહાસમાં ત્રીજા સૌથી અનુભવી કેપ્ટન કોહલી આઈપીએલના ઈતિહાસમાં ત્રીજા સૌથી અનુભવી કેપ્ટન છે. તેમણે 143 મેચોમાં RCBનું નેતૃત્વ કર્યું છે.

# T20 ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ-5 બૉલર? રાશિદ ખાને બનાવ્યો 'ચમત્કારી' વર્લ્ડ રેકૉર્ડ

(એજન્સી) દુંબઈ તા 06

હાલમાં T20 ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ પાંચ બોલરોની યાદીમાં વેસ્ટ ઈન્ડીઝના બે ખેલાડીઓ સામેલ છે. આ યાદીમાં અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમનો સ્પીનર રાશિદ ખાન ટોચના સ્થાન પર છે. પરંતુ અહી આશ્ચર્યની વાત એ છે કે આ યાદીમાં એક ભારતીય ખેલાડીનું નામ સામેલ નથી. અફઘાનિસ્તાનનો જાદુઈ સ્પીનર SA20 (sponsorship reasons) ટુર્નામેન્ટમાં શાનદાર વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. એમઆઈ કેપ ટાઉનની ટીમનો ભાગ રેહેલા રાશિદે પાર્લ રોયલ્સ સામે બે વિકેટ ઝડપીને તે T20 ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારો ખેલાડી બની ગયો છે. તેણે અત્યાર સુધીમાં 461 T20 મેચોમાં



633 વિકેટ ઝડપી છે. જેમાં તેની સરેરાશ 18.07 રહી છે. તેણે ડ્વેન બ્રાવોની પાછળ છોડીને આ ઈતિહાસ રચ્યો હતો. વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોએ T20 ક્રિકેટમાં 24.40ની સરેરાશ સાથે 582 વિકેટ ઝડપી હતી. તેણે વર્ષ 2006 અને 2024 સુધીમાં કુલ 546 T20 મેચ રમી હતી. સુનિલ નારાયણ આ યાદીમાં વેસ્ટ ઈન્ડીઝનો સ્પીનર સુનિલ નારાયણ ત્રીજા સ્થાન પર છે. તેણે અત્યાર સુધીમાં 536 T20 મેચોમાં 21.60ની સરેરાશથી 574 વિકેટ ઝડપી હતી. તે IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) તરફથી રમે છે.

ઈમરાન તાહિર દક્ષિણ આફ્રિકાનો સ્પીનર ઈમરાન તાહિર અત્યાર સુધીમાં T20 ક્રિકેટમાં 531 વિકેટ પોતાની નામે કરી ચૂક્યો છે. આ સિવાય તેણે T20 ફોર્મેટમાં અત્યાર સુધીમાં 428 મેચ રમાયા હતા. જેમાં તેની 19.99ની સરેરાશ રહી હતી. 46 વર્ષનો થયો હોવા છતાં હાલ તાહિર સક્રિય ખેલાડી છે.

## તેમના પિતાના ઘરમાં તોડફોડ-આગ લગાવાઈ; પૂર્વ PMએ કહ્યું- યાદ રાખો ઈતિહાસ બદલો લે છે

# બાંગ્લાદેશમાં હસીના સમર્થકોના પ્રદર્શન પહેલાં ફરી હિંસા

(એજન્સી) ઢાકા તા 06

ઢાકામાં બાંગ્લાદેશના સંસ્થાપક શેખ મુજીબુર્રરહેમાનના ધનમંડી-32 નિવાસસ્થાન પર બુધવારે મોડી રાત્રે હુમલો થયો હતો. બાંગ્લાદેશનાં અનેક શહેરોમાં ગઈ મોડી રાત્રે અવામી લીગના પ્રસ્તાવિત રાષ્ટ્રવ્યાપી વિરોધ પહેલાં ફરી હિંસા ફાટી નીકળી હતી. ઢાકામાં ભૂતપૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના પિતા અને બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબુર રહેમાન 'બંગબંધુ'ના ધનમન્ડી-32 નિવાસસ્થાને વિરોધીઓએ હુમલો કર્યો અને તોડફોડ કરી હતી. બીજી તરફ, ખુલનામાં, શેખ હસીનાના પિતરાઈ ભાઈઓ શેખ સોહેલ, શેખ જ્વેલનાં ઘરોને બે બુલડોઝરથી તોડી પાડવામાં આવ્યાં છે. સોશિયલ મીડિયા પર 'બુલડોઝર રેલી'ની જાહેરાત થયા બાદ હિંસા ફાટી નીકળી હતી. જ્યારે હુમલો થયો.



### પ્રદર્શનકારીઓ 'શેખ હસીનાને ફાંસી આપો' ના નારા લગાવી રહ્યા હતા

પ્રદર્શનકારીઓ શેખ મુજીબુર્રરહેમાનના ઘરનો મુખ્ય દરવાજો તોડીને અંદર ઘૂસી ગયા. આ સમય દરમિયાન તેઓ 'તેને ફાંસી આપો, ફાંસી આપો' ની બૂમો પાડી રહ્યા હતા. શેખ હસીનાને ફાંસી આપો. તેઓ 'આખા બંગાળ (બાંગ્લાદેશ) ને જાણ કરો, મુજીબુર્રહમાનની કબર ખોદો', 'અવામી લીગના લોકોને હરાવો, તેઓ બાંગ્લાદેશમાં નહીં રહે' જેવા નારા લગાવી રહ્યા હતા. વિરોધીઓએ કહ્યું કે મુજીબુર્રહમાનનું ઘર 'ફાશીવાદીઓનો ગઢ' છે

**ગઈકાલે હિંસા કેમ ફાટી નીકળી? :** ખરેખરમાં, શેખ હસીનાની પાર્ટી આવામી લીગે તેના કાર્યકરો અને નેતાઓને 6 ફેબ્રુઆરીએ રસ્તા પર ઊતરવાની અપીલ કરી હતી. પાર્ટીએ ભૂતપૂર્વ પીએમ હસીના વિરુદ્ધ કરાયેલા કથિત કેસ અને લઘુમતીઓ પરના હુમલાઓના વિરોધમાં રેલીનું આહ્વાન કર્યું હતું. શેખ હસીનાને બાંગ્લાદેશ છોડ્યાને ગઈકાલે 6 મહિના પૂર્ણ થયા. શેખ હસીના રાત્રે 9 વાગ્યે તેમના સમર્થકોને ઓનલાઈન ભાષણ આપવાનાં હતાં.

### શેખ હસીનાના કાકા ઓગસ્ટમાં દેશ છોડીને ભાગી ગયા.

તેમના ઘરે તોડફોડ રાત્રે 9 વાગ્યે થઈ હતી. વિદ્યાર્થી આંદોલનના નેતાઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે બુલડોઝર બોલાવ્યાં અને ઘર તોડી પાડ્યું. શેખ હસીનાના કાકા ઓગસ્ટમાં દેશ છોડીને ભાગી ગયા. તેમના ઘરે તોડફોડ રાત્રે 9 વાગ્યે થઈ હતી. વિદ્યાર્થી આંદોલનના નેતાઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે બુલડોઝર બોલાવ્યાં અને ઘર તોડી પાડ્યું. બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબુર્રહમાન આ ઘરમાં રહેતા હતા. 15 ઓગસ્ટ, 1975 ના રોજ, આ ઘરમાં બંગબંધુ, તેમની પત્ની, પુત્ર, પુત્રવધૂ અને ઘણા સંબંધીઓની હત્યા કરવામાં આવી હતી. આ પછી ઘરને સ્મારક સંગ્રહાલય બનાવવામાં આવ્યું. અગાઉ 5 ઓગસ્ટ, 2024ના રોજ, શેખ હસીના દેશ છોડી ગયા પછી આ ઘર પર ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

## અમેરિકા બાદ આર્જેન્ટિનાએ WHO સાથે છેડો ફાડ્યો

(એજન્સી) અમેરિકા તા 06

અમેરિકા બાદ આર્જેન્ટિનાએ પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)માંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઈલીના પ્રવક્તાએ કહ્યું કે, 'યુએન એજન્સી સાથે ગંભીર મતભેદોને કારણે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાંથી ખસી જવાનો આદેશ આપવામાં આવ્યો છે.' ડોનાલ્ડ ટ્રમ્પે પણ 21 જાન્યુઆરીએ સત્તા સંભાળ્યાના પહેલા જ દિવસે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર સાથે યુએસને WHOમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

આર્જેન્ટિનાએ શું કારણ આપ્યું? પ્રવક્તા મેન્યુઅલ એડોર્નીએ એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'COVID-19 દરમિયાન, WHO માર્ગદર્શિકા માનવજાતના ઈતિહાસમાં સૌથી મોટા શટડાઉન તરફ દોરી ગઈ. આર્જેન્ટિના કોઈપણ આંતરરાષ્ટ્રીય સંસ્થાને તેના સાર્વભૌમત્વમાં દખલ કરવાની મંજૂરી આપશે નહીં, સ્વાસ્થ્યની બાબતમાં તો બિલકુલ નહી.' જોકે, એડોર્નીએ એ નથી જણાવ્યું કે રાષ્ટ્રપતિ માઈલીનો નિર્ણય ક્યારે અમલમાં આવશે.

WHO એ કહ્યું કે, 'અમે આર્જેન્ટિનાની જાહેરાત પર વિચાર કરી રહ્યા છીએ. WHO એકમાત્ર સંસ્થા છે જે મુખ્ય આરોગ્ય કટોકટીઓ, ખાસ કરીને નવા રોગ ફાટી નીકળ્યા અને ઈબોલા, એઈડ્સ અને મંકીપોક્સ સહિતના હાલના સ્વાસ્થ્ય જોખમો માટે વૈશ્વિક પ્રતિસાદોનું સંકલન કરવા પર કામ કરી રહ્યું છે.' અત્યાર છે, જેણે વર્ષ 2024માં લગભગ $950 મિલિયન (760 મિલિયન)નું યોગદાન આપ્યું હતું, જે કુલ બજેટના લગભગ 15% છે.

## રહીમ અલ-હુસેનીને આગા ખાનના ઉત્તરાધિકારી જાહેર કરવામાં આવ્યા

(એજન્સી) લિસ્બન તા 06

રહીમ અલ-હુસેનીને આગા ખાનના ઉત્તરાધિકારી જાહેર કરવામાં આવ્યા છે. તેઓ વિશ્વભરના લાખો ઈસ્માઈલી મુસ્લિમોના નવા ધાર્મિક નેતા બનશે. આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક અનુસાર, પ્રિન્સ રહીમ અલ-હુસેની આગા ખાન (પંચમ) ને બુધવારે ઈસ્માઈલી સમુદાયના 50મા આધ્યાત્મિક નેતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કે X પર લખ્યું છે કે, પ્રિન્સ રહીમ અલ-હુસેની આગા ખાન (પંચમ)ને બુધવારે શિયા ઈસ્માઈલી મુસ્લિમોના 50મા વારસાગત ઈમામ (ધાર્મિક નેતા) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પ્રિન્સ રહીમના નામની જાહેરાત તેમના સ્વર્ગસ્થ પિતા, પ્રિન્સ કરીમ અલ-હુસેની આગા ખાન IV (ચતુર્થ)નું વસિયતનામું ખોલ્યા બાદ કરવામાં આવી



હતી. ઈસ્માઈલી મુસ્લિમોના ધાર્મિક અને આધ્યાત્મિક નેતા અને અબજોપતિ આગા ખાનનું મંગળવારે 88 વર્ષની વયે પોર્ટુગલમાં અવસાન થયું. તેઓ શિયા ઈસ્માઈલી મુસ્લિમોના 49મા વારસાગત ઈમામ હતા. આગા ખાનને ૩ દીકરા અને એક દીકરી છે. આગા ખાનને તેમના અનુયાયીઓ પયગંબર મુહમ્મદના સીધા વંશજ માને છે અને તેમને રાષ્ટ્રાધ્યક્ષ માનવામાં આવે છે. ઈસ્માઈલી મુસ્લિમોના 1,400 વર્ષના ઈતિહાસમાં, તેઓનું હંમેશા જીવંત વારસાગત ઈમામે નેતૃત્વ કર્યુ છે. ઈસ્માઈલીઓ 35થી વધુ દેશોમાં રહે છે અને તેમની સંખ્યા આશરે 12 થી 15 મિલિયન છે.આગા ખાનનું સાચું નામ પ્રિન્સ શાહ કરીમ અલ હુસૈની હતું. તેમનો જન્મ 13 ડિસેમ્બર, 1936ના રોજ જીનીવામાં થયો હતો અને તેમનું બાળપણ કેન્યાના નૈરોબીમાં વિતાવ્યું હતું. હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ઈસ્લામિક ઈતિહાસમાં સ્નાતક થયેલા આગા ખાન 20 વર્ષની ઉંમરે ઈસ્માઈલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા બન્યા. ઈસ્માઈલી મુસ્લિમો શિયા ઈસ્લામનો એક સંપ્રદાય છે, જેને ખોજા મુસ્લિમો, આગાખાની મુસ્લિમો અને નિઝારી મુસ્લિમો તરીકે પણ ઓળખવામાં આવે છે.

## "ભૂંસાઈ જશો કશું જ બાકી નહીં રહે, જો મારી હત્યા કરશો તો" : ટ્રમ્પની ઈરાનને ખુલ્લેઆમ ધમકી

(એજન્સી) અમેરિકા તા 06

ટ્રમ્પના પહેલા શાસનકાળમાં ઈરાનના ટોચના જનરલ કાસીમ સુલેમાનની હત્યા પછી બંને દેશોના સંબંધો તળીએ પહોંચ્યા છે

વોશિંગ્ટન : ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખપદ સંભાળ્યા પછી અમેરિકા-ઈરાન વચ્ચેના સંબંધો ઉપર દુનિયાભરની નજર રહેલી છે. પ્રમુખ ટ્રમ્પે સત્તા સંભાળતાં જ ઈરાનને ખુલ્લેઆમ ધમકી આપતાં કહ્યું હતું કે, 'જો મારી હત્યા કરશો તો તમે પૃથ્વીના પટ ઉપરથી ભૂંસાઈ જશો. કશું જ બાકી નહીં રહે.'

આ પૂર્વે પ્રમુખ ટ્રમ્પે ઈરાન ઉપર અનેકવિધ પ્રતિબંધો લાદતા એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ પર હસ્તાક્ષરો કર્યા હતા. પરંતુ તે સાથે તેમ પણ કહ્યું હતું કે, 'આમ છતાં અમેરિકા મંત્રણા માટે તૈયાર છે.' તો બીજી તરફ ઈરાનની ધાર્મિક સરકાર (થિયોક્સ) પૈકી ઘણા આ પ્રકારની કોઈ પણ મંત્રણાના વિરોધી છે. તબક્કે તે ઉલ્લેખનીય છે કે ઈરાને સપ્ટેમ્બર મહીનામાં જ ૫૧ વર્ષના ફરહાદ શાકેરીને ટ્રમ્પ ઉપર સતત નજર રાખવા અને છેવટે તેઓની હત્યા કરવાનું કામ સોંપ્યું હતું, પરંતુ અત્યારે તો શાકેરી લા-પત્તા છે. તે ઈરાનમાં કઈ જગ્યાએ છુપાયો છે તેની (માત્ર ટોચના સત્તાધીશો સિવાઈ કોઈને ખબર નથી) સંભવ તે છે કે ઈરાનના સત્તાધીશોએ જ તેને સંતાડી દીધો હશે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પના પહેલા શાસનકાળ દરમિયાન ઈરાનના ટોચના લશ્કરી અધિકારી કાસીમ સુલેમાનની હત્યા થઈ તે પછી અમેરિકા-ઈરાનના સંબંધો જે પહેલેથી જ સારા ન હતા, તે સાથે ટ્રમ્પની હત્યા અંગેના ઈરાનના પ્રયાસો અત્યંત તંગ બની ગયા છે.

## બ્રાઝિલમાં ભારતીય બ્રીડની ગાય રૂ. 40 કરોડમાં વેચાઈ

(એજન્સી)બ્રાઝિલિયા તા 06

બ્રાઝિલિયા : બ્રાઝિલના મિનાસ ગેરેસમાં ચાલી રહેલા પશુ મેળામાં રેકોર્ડ બન્યો છે. આ મેળામાં ભારતીય બ્રીડની ગાય રૂ. ૪૦ કરોડમાં વેચાઈ છે. નેલ્લોર બ્રીડની વિઆટીના-૧૯ નામની ગાય માટે આ બોલી લગાવવામાં આવી હતી.

ભારતના આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં મળનારી નેલ્લોર બ્રીડની ગાય ચર્ચામાં આવી છે. વિઆટીના-૧૯ નામની ગાયનું વજન ૧,૧૦૧ કિલોગ્રામ છે. જે સામાન્ય ગાય કરતા બમણું છે. અસાધારણ જનીનો અને શારિરીક સુંદરતાના આધારે તે જાણીતી છે. આ પહેલા તેણે મિસ સાઉથ અમેરિકાનું ટાઈટલ પણ જીત્યું હતું. શ્રેષ્ઠ લક્ષણો સાથેની દુર્લભ નેલ્લોર જાતિને ભારતમાં ઓન્ગોલ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ બ્રીડની ગાયો કોઈપણ પ્રકારના હવામાનનો સામનો કરી શકે છે. કોઈપણ પરિસ્થિતિમાં તેની દૂધ આપવાની ક્ષમતાને અસર પડતી નથી. વિયાટીના-૧૯નું વેચાણ નેલ્લોર બ્રીડની વધતી માંગને દર્શાવે છે. તેમની રોગપ્રતિકારક ક્ષમતા પણ વધુ હોય છે. આ બ્રીડની ગાયને બ્રાઝિલમાં ૧૮૦૦ની સાલથી પાળવામાં આવી રહી છે.

# US ઈતિહાસનો સૌથી મોટો ડિપોર્ટ પ્રોગ્રામ

### ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવા પાછળ માસ્ટરમાઈન્ડ કહેવાતો સ્ટીફન મિલર કોણ છે?

(એજન્સી) અમેરિકાત I 06

રાષ્ટ્રપતિ બનતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર કડક કાર્યવાહી શરૂ કરી દીધી. ચૂંટણી પ્રચાર દરમિયાન પણ ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આ લોકો અમેરિકાને બરબાદ કરી રહ્યા છે. હવે તેઓ અમેરિકન વિમાનો દ્વારા ગેરકાયદેસર લોકોને ઓળખી રહ્યા છે અને તેમને તેમના દેશમાં મોકલી રહ્યા છે. આમાં 104 ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સનો પણ સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પ્રત્યે આટલા આક્રમક કેમ છે? આ વ્યૂહરચના પાછળ કોણ છે અને અમેરિકામાં આ એક મોટો મુદ્દો કેમ છે? બીબીસીના અહેવાલ મુજબ, ટ્રમ્પની આ નીતિ પાછળનો મુખ્ય સૂત્રધાર સ્ટીફન મિલર છે. 39 વર્ષીય મિલર એક કટ્ટર રૂઢિચુસ્ત રિપબ્લિકન છે. ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન મિલરે જ ઘણા કડક નિયમો બનાવ્યા હતા. આમાં ઈમિગ્રન્ટ પરિવારોને અલગ કરવાનો પણ સમાવેશ થતો હતો.



### મિલર ટ્રમ્પનો વિશ્વાસુ

મિલર 2009થી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે અવાજ ઉઠાવી રહ્યો છે. તેને ટ્રમ્પનો વિશ્વાસુ માનવામાં આવે છે. તે 2016માં ટ્રમ્પની નજીક આવ્યો હતો. પોલિટિકોના અહેવાલ મુજબ, ટ્રમ્પ પોતાનાં ભાષણોમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અને મુસ્લિમો પ્રત્યે જે કડક વલણ બતાવે છે તેની પાછળ મિલરનો હાથ છે. ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન સ્ટીફન મિલર તેનાં ભાષણો લખવામાં અને કડક ઈમિગ્રેશન નીતિઓ ઘડવામાં સક્રિય ભાગ લેતો હતો.

## સ્પેનમાં કામના કલાકો ઘટાડવાનો પ્રસ્તાવ

(એજન્સી) વોશિંગ્ટન તા 06

સ્પેનિશ સરકારે કર્મચારીઓના અઠવાડિયામાં કામના કલાકો ઘટાડવાનો નિર્ણય લીધો છે. શ્રમ મંત્રી યોલાન્ડા ડિયાઝે મંગળવારે સાપ્તાહિક કેબિનેટ બેઠકમાં આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવમાં, કામના કલાકો દર અઠવાડિયે 40 થી ઘટાડીને 37.5 કલાક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેને કેબિનેટે મંજૂરી આપી હતી. હવે તેને સંસદમાં રજૂ કરવામાં આવશે.

એમ્પ્લોયર્સ એસોસિએશન એટલે કે નોકરી આપતી કંપનીઓના સંગઠન એ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. આમ છતાં, મંત્રી ડિયાઝે તેને રજૂ કર્યો. ડિયાઝ સ્પેનના ડાબેરી પક્ષ સુમારની નેતા છે. આ પાર્ટી સ્પેનની ગઠબંધન સરકારનો ભાગ છે. શ્રમ પ્રધાન ડિયાઝ સ્પેનિશ સરકારમાં નાયબ વડાપ્રધાન પણ છે. મીડિયા સાથે વાત કરતા શ્રમ મંત્રી ડિયાઝે કહ્યું કે આ પ્રસ્તાવનો હેતુ કામના કલાકો ઘટાડીને કર્મચારીઓની પ્રોડક્ટિવિટી વધારવાનો અને તેમના જીવનને વધુ સારું કરવાનો છે.

આ બિલને હજુ સુધી સંસદની મંજૂરી મળી નથી. રોઈટર્સના મતે, વડાપ્રધાન પેડ્રો સાંચેઝના નેતૃત્વ હેઠળની સરકાર પાસે સંસદમાં સ્પષ્ટ બહુમતી નથી. આ બિલ પસાર કરાવવા માટે તેમને નાના પક્ષોનો ટેકો મેળવવો પડશે. પણ એ એટલું સરળ નહીં હોય. આ પક્ષો બિલ અંગે વિવિધ માંગણીઓ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, તેમને સાધવા એ સાંચેઝ માટે એક મોટો પડકાર હશે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, સ્પેનમાં કામકાજના કલાકોમાં ઘટાડા સામે વિરોધ પ્રદર્શનો થયા હતા. સ્પેનના મુખ્ય યુનિયનો કંપનીઓ અને સરકાર પર કામના કલાકો પર નિયંત્રણો લાદવા દબાણ કરી રહ્યા હતા. PM સાંચેઝે સપ્ટેમ્બરથી જ કંપનીઓને આ અંગે મનાવવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા.બીજી તરફ, યુરોપિયન સેન્ટ્રલ બેંકે પણ સ્પેન અને તેના સ્પર્ધકો વચ્ચે પ્રોડક્ટિવિટી અંતર ઘટાડવા માટે એક અહેવાલ રજૂ કર્યો હતો . શ્રમ પ્રધાન ડિયાઝ સ્પેનિશ સરકારમાં નાયબ વડાપ્રધાન પણ છે. મીડિયા સાથે વાત કરતા શ્રમ મંત્રી ડિયાઝે કહ્યું કે આ પ્રસ્તાવનો હેતુ કામના કલાકો ઘટાડીને કર્મચારીઓની પ્રોડક્ટિવિટી વધારવાનો અને તેમના જીવનને વધુ સારું કરવાનો છે. આ પાર્ટી સ્પેનની ગઠબંધન સરકારનો ભાગ છે. શ્રમ પ્રધાન ડિયાઝ સ્પેનિશ સરકારમાં નાયબ વડાપ્રધાન પણ છે. મીડિયા સાથે વાત કરતા શ્રમ મંત્રી ડિયાઝે કહ્યું કે આ પ્રસ્તાવનો હેતુ કામના કલાકો ઘટાડીને કર્મચારીઓની પ્રોડક્ટિવિટી વધારવાનો અને તેમના જીવનને વધુ સારું કરવાનો છે.

## એક નહીં અનેક જન્મ લેવા પડશે, શખ્સને મળી 475 વર્ષની સજા

(એજન્સી)અમેરિકા તા 06

અમેરિકાના જ્યોર્જિયામાં એક વ્યક્તિને એટલી લાંબી આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે કે, તે પૂરી કરવા માટે તેને કેટલાક જન્મ લેવા પડશે. ગેરકાયદેસર કૂતરાંઓના ઝઘડા કરવાનું આયોજન કરવા બદલ એક વ્યક્તિને 475 વર્ષની ચોંકાવનારી જેલની સજા ફટકારવામાં આવી છે. 57 વર્ષીય વિન્સેન્ટ લેમાર્ક બ્યુરેલ પર આરોપ હતો કે તે, 100થી વધુ પિટબુલ કૂતરાંઓને ઝઘડા માટે ઉછેરવા અને તાલીમ આપી રહ્યો હતો. આ ઐતિહાસિક સજાએ અમેરિકામાં સનસનાટી મચાવી દીધી છે. આ પણ વાંચો: સાઉદી અરબનો ટ્રમ્પને મોટો ઝટકો, પેલેસ્ટાઈન દેશના નિર્માણ સુધી ઈઝરાયલને માન્યતા આપવા ઈનકાર ચોંકાવનારા આ કેસના મુખ્ય ફરિયાદી કેસી પેગ્નોટાએ જણાવ્યું હતું કે, 'આ ચુકાદો પ્રાણીઓ સામે ક્રૂરતા કરનારા બધા લોકો માટે ચેતવણી સમાન છે. સમાજે હવે આ પ્રકારના અત્યાચારો બંધ કરાવવા માટે જાગૃત થવું જોઈએ.' જો કે, બરેલના વકીલ ડેવિડ હીથે આ નિર્ણયને કોર્ટમાં પડકારવાની જાહેરાત કરી છે અને અમને તેને ફરીથી પડકારવાનો અધિકાર છે.

# પુતિન સાથે વાત કરવા ઝેલેન્સકી તૈયાર:કહ્યું- અમે એકબીજાને દુશ્મન માનીએ છીએ

(એજન્સી) કિવ તા 06

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ મંગળવારે જણાવ્યું હતું કે, રશિયા સાથેના યુદ્ધમાં અત્યાર સુધીમાં 45,100 યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા છે. જ્યારે 3.90 લાખ સૈનિકો ઘાયલ થયા છે. તેમણે યુટ્યુબ ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેઓ યુદ્ધનો અંત લાવવા માટે રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે વાટાઘાટો કરવા તૈયાર છે. ઝેલેન્સકીએ કહ્યું કે, જો યુક્રેનમાં શાંતિ લાવવાનો આ એકમાત્ર રસ્તો છે, તો આપણો દેશ ચોક્કસપણે તેને અપનાવશે. જોકે સંવાદના ટેબલ પર હું પુતિન પ્રત્યે ખૂબ જ નિર્દય રહીશ. સાચું કહું તો, હું તેમને દુશ્મન માનું છું અને તે પણ મને દુશ્મન માને છે યુક્રેનિયન રાષ્ટ્રપતિ કહે છે કે ત્રણ વર્ષ પછી પણ યુદ્ધના મોરચે સંઘર્ષ હજુ પણ ચાલુ છે.



### દાવો- રશિયાના 3.50 લાખ લોકો માર્યા ગયા

ઝેલેન્સકીએ કહ્યું કે, મારું માનવું છે કે જો આપણે વાતચીત તરફ આગળ વધીએ તો અમેરિકા, યુરોપ, યુક્રેન અને રશિયા તેમાં સામેલ થાય તે જરૂરી છે. અમે યુક્રેનિયન ભૂમિ પર કોઈપણ રશિયન કબજાને માન્યતા આપીશું નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પશ્ચિમી દેશોનો ટેકો રશિયાને આપણી ભૂમિ પરથી હાંકી કાઢવા માટે પૂરતો નથી.

**અમેરિકાએ અત્યાર સુધીમાં 63 બિલિયન ડોલરની સહાય આપી** યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પહેલાથી જ યુદ્ધમાં મદદના બદલામાં દુર્લભ પૃથ્વી સામગ્રી અંગે યુક્રેન સાથે કરાર કરવાની વાત કરી ચૂક્યા છે. તેમણે કહ્યું કે અમેરિકાએ તેના યુરોપિયન સાથી દેશો કરતાં યુક્રેનને વધુ લશ્કરી અને આર્થિક સહાય મોકલી છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી અમેરિકાએ યુક્રેનને લગભગ $63 બિલિયન (રૂ. 5.45 લાખ કરોડ)ની સહાય પૂરી પાડી છે. પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે યુક્રેન યુદ્ધને એક દિવસમાં સમાપ્ત કરવાની વાત કરી હતી.

## આતંકવાદી હાફિઝ સઈદના દીકરાએ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું

(એજન્સી) પાકિસ્તાન તા 06

26/11 મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તૈયબા (એલઈટી) ના આતંકી હાફિઝ સઈદના પુત્ર હાફિઝ તલ્હા સઈદે પાકિસ્તાનના તથાકથિત 'કાશ્મીર એકતા દિવસ' એટલે કે 5 ફેબ્રુઆરીએ લાહોરમાં એક રેલીમાં ભારત વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપ્યું. સભાને સંબોધિત કરતાં તલ્હા સઈદે કોઈ પણ કિંમતે કાશ્મીરને ભારતથી આઝાદ કરાવવાના સોગંધા ખાધા. આ દરમિયાન ભીડે જેલમાં બંધ તેના પિતાની મુક્તિની માગ કરતાં નારા લગાવ્યા. પોતાના ભાષણ દરમિયાન આતંકીના પુત્ર તલ્હા સઈદે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને પણ અપશબ્દ કહ્યાં. તેણે લશ્કર-એ-તૈયબાને વૈશ્વિક આતંકવાદી સંગઠન જાહેર કરવાને પણ ફગાવી દીધું અને દાવો કર્યો કે આ તેના પિતાને બદનામ કરવા માટે મોદીનો પ્રચાર માત્ર છે. તલ્હા સઈદે એ પણ માગ કરી કે પાકિસ્તાની સરકાર પોતાની નીતિની સમીક્ષા કરે અને હાફિઝ સઈદને જેલથી મુક્ત કરે. તેણે કહ્યું કે હાફિઝ સઈદ દોષી નથી તો તે જેલમાં કષ્ટ કેમ સહન કરે. ભીડ અને મંચ પર હાજર લોકોએ જમાત-ઉદ-દાવા (JuD) ના સંસ્થાપક આતંકી સઈદના સમર્થનમાં નારા લગાવતાં તેની માગને બેવડી. લશ્કર-એ-તૈયબા અને જમાત-ઉદ-દાવા (JuD) નો સંસ્થાપક હાફિઝ સઈદ 2008ના મુંબઈ હુમલા સહિત ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાનું આયોજન રહ્યો છે. તેણે પાકિસ્તાનમાં ઘણા આતંકી ફંડિગ મામલે 78 વર્ષની જેલની સજા સંભળાવી હતી.

# ગુજરાતમાં વોટરશેડ યાત્રાનો રાજ્યવ્યાપી શુભારંભ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

જળ અને જમીનને બચાવવા માટે ભારત સરકારના ભૂમિ અને સંરક્ષણ વિભાગ તથા કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત વોટરશેડ યોજનાને અમલમાં મૂકવામાં આવી છે. દેશભરના 28 રાજ્યોમાં અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વોટરશેડ યાત્રાનો શુભારંભ કરાયો છે. વોટરશેડ યોજના સાથે જોડાયેલી એનજીઓના સભ્યો અને દેશના વિવિધ રાજ્યોના ખેડૂતોને, દિલ્હીથી વર્ચ્યુઅલી સંબોધતા કેન્દ્રીય ગ્રામીણ વિકાસ કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, જળ જીવનનો આધાર છે, જળ છે તો જીવન છે. માટી આપણા અસ્તિત્વનો આધાર છે. પ્રધાનમંત્રી દૂરંદેશી નેતા છે, આવનારા ભવિષ્યનું વિચારે છે. વરસાદનું જળ વહી જવાથી આજે ભૂગર્ભ જળ 1500 ફૂટ નીચે ચાલ્યા ગયા છે. નદીઓના વહેણ સુકાઈ ગયા છે. આજે વિશ્વનો મુખ્ય મુદ્દો પાણી છે. ભૂગર્ભ જળને સરખું કરવું છે. વરસાદના પાણીને વહેવા નહીં દઈએ . ગામનું પાણી ગામમાં, ખેતરનું પાણી ખેતરમાં રાખીશું, એને માટે પ્રયત્ન કરવો પડશે, માટી પણ બચાવવી પડશે. જમીનને ફળદ્રુપ બનાવવી છે. શિવરાજ સિંહે ગામે ગામના ખેડૂતો, જન પ્રતિનિધિઓ અને એનજીઓને, વોટર શેડયાત્રાને જન જાગરણ અભિયાન બનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે આ અભિયાન ધરતીને, પાણીને તેમજ બાળકોના ભવિષ્યને બચાવવાનું અભિયાન છે. વોટર શેડ યાત્રા આખા દેશમાં હરિયાળી અને ખુશાલી લાવવા માટે કાઢવામાં આવી રહી છે. રાષ્ટ્રીય કક્ષાએથી કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહે વર્ચ્યુઅલી ફ્લેગ ઓફ કરી વોટરશેડ યાત્રાનો દેશભરમાં પ્રારંભ કરાવ્યો હતો. ગ્રામીણ વિકાસ અને સંચાર મંત્રાલય રાજ્ય મંત્રી શ્રી ડોક્ટર ચંદ્રશેખર પેમ્માસાનીએ જણાવ્યું હતું કે, ગામમાં એક તળાવ જરૂર બનાવીએ .પર્યાવરણને સંતુલિત બનાવીએ. સરકારના બધા પ્રયાસો જનભાગીદારી વગર શક્ય નથી. જળ અને જમીન બચાવવા સાથે મળીને આગળ વધવું પડશે.વર્ચ્યુઅલી જોડાયેલા કેંદ્રીય ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી કમલેશ પાસવાને જણાવ્યું હતું કે, જળ હે તો કલ હૈ, પાણી જ ભવિષ્ય છે.ભારત સરકાર અને રાજ્ય સરકાર પુરસ્કૃત PMKSY WDC (પીએમકેએસવાય ડબલ્યુડીસી) 2.0 વોટર શેડ યોજના અંતર્ગત વોટર શેડ યાત્રાનો રાજ્ય વ્યાપી શુભારંભ રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ગાંધીનગરના સેક્ટર 17ના ટાઉન હોલ ખાતેથી કરાયો હતો. રાજયના કૃષિ મંત્રી રાઘવજી પટેલે વોટર શેડ યાત્રાને લીલી ઝંડી બતાવીને ફ્લેગ ઓફ કરાવ્યું એ વેળાએ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ કમિશનર અને સચિવ મનીષા ચંદ્રા, અધિક ગ્રામ વિકાસ કમિશનર અને ગુજરાત સ્ટેટ વોટર મેનેજમેન્ટ એજન્સીના મુખ્ય કારોબારી અધિકારી સુજલ મયાત્રા, ગાંધીનગર જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી બી.જે.પટેલ જોડાયા હતા. આ પ્રસંગે રાજ્યભરમાંથી આવેલા વોટર શેડ યોદ્ધાઓ, ખેડૂતો, સરપંચો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરથી શરૂ થયેલી આ વોટર શેડ યાત્રા, ગુજરાતના તમામ જિલ્લાઓમાં 1600 થી વધુ કિ.મી. ફરીને, સાબરકાંઠા જિલ્લામાં 20 માર્ચ 2025ના રોજ પૂર્ણ થવાની છે. અધિક ગ્રામ વિકાસ કમિશનર અને ગુજરાત સ્ટેટ વોટર મેનેજમેન્ટ એજન્સીના મુખ્ય કારોબારી અધિકારી સુજલ મયાત્રાએ સ્વાગત પ્રવચનમાં વોટર શેડ યાત્રાનો ઉદ્દેશ સમજાવતા જણાવ્યું હતું કે, પાણી જ જીવનની સંજીવની છે. ભવિષ્યની પેઢીને પાણીનું મહત્વ સમજાવવા માટે અને જળ, જમીન, જંગલ, જન,જનાવરને બચાવવાના સરકારના પ્રયાસોમાં ભાગીદારી વધે એ હેતુથી યાત્રા શરૂ કરાઈ છે.ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી પટેલને પાણીનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આપણા માટે અને આપણી ભાવિ પેઢી માટે જળ મહત્ત્વનું છે. પાણી અમૃત સમાન છે.

## દેશભરના 28 રાજ્યોમાં અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વોટરશેડ યાત્રાનો શુભારંભ કરાયો છે




## ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ

### ઈમિગ્રન્ટ્સને હાથમાં હથકડી પહેરવવામાં આવી છે અને તેમના પગ સાંકળોથી બાંધવામાં આવ્યા છે

# શું ભારતીયોને ખરેખર હથકડી પહેરાવીને લવાયા? આ છે સત્ય

(એજન્સી) નવી દિલ્હી | તા. 06

હાલ અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ભારતીયોને તેમના વતન પરત મોકલવામાં આવી રહ્યા જે એક ચર્ચાનો વિષય બન્યો છે. તેવામાં સોશિયલ મિડિયામાં હાલ એક તસ્વીર વાયરલ થઈ છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે હાલ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હાથમાં હથકડી પહેરવવામાં આવી છે અને તેમના પગ સાંકળોથી બાંધવામાં આવ્યા છે. આ દરમિયાન સરકારે વાયરલ તસ્વીરની હકીકત અને તેની વાસ્તવિકતા શું છે. પીઆઈબી ફેક્ટ ચેક અનુસાર, સોશિયલ મિડીયા પર ઘણા અકાઉન્ટસ પરથી એક નકલી તસ્વીર શેર કરવામાં આવી રહી છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તે ગેરકાયદેસર એનઆરઆઈ ભારતીયોને હથકડી લગાવવામાં આવી છે અને તેમના પગ સાંકળોથી બાંધી દીધેલા છે. હકીકત તપાસમાં કહેવામાં આવ્યું છે કે આ પોસ્ટમાં શેર કરવામાં આવેલી તસ્વીર ભારતીયો સાથે સંબંધિત નથી. તેના બદલે આ ગ્વાટેમાલામાં નિકાલ કરાયેલા લોકોને દર્શાવે છે. સોશિયલ મિડિયા પર વાયરલ થઈ રહેલ તસ્વીર પર કોગ્રેંસે નેતા પવન ખેડાએ પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે લખ્યું કે અમેરિકાથી ભારતીયોને હાથમાં હથકડી લગાવીને અને અપમાન કરીને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે જે જોઈને એક ભારતીય તરીકે દુ:ખ થાય છે.



### શું દાવો કરવામાં આવ્યો હતો

અમેરિકાથી વિમાનમાં લાવવામાં આવેલા 104 દેશનિકાલમાંથી એક, જસપાલ સિંહે દાવો કર્યો હતો કે તેમને આખી મુસાફરી દરમિયાન હાથકડી લગાવવામાં આવી હતી અને પગમાં સાંકળોથી બાંધીને રાખવામાં આવ્યા હતા. અમૃતસર એરપોર્ટ પર ઉતર્યા પછી જ તેમને બહાર લાવવામાં આવ્યા હતા. ગુરદાસપુર જિલ્લાના હરદોરવાલ ગામના રહેવાસી 36 વર્ષીય જસપાલ સિંહે જણાવ્યું હતું કે 24 જાન્યુઆરીએ અમેરિકા બોર્ડર પેટ્રોલ દ્વારા તેમને યુએસ બોર્ડર પાર કર્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી.તેમણે દાવો કર્યો કે અમને લાગ્યું કે અમને કોઈ બીજા કેમ્પમાં લઈ જવામાં આવી રહ્યા છે. ત્યારબાદ એક પોલીસ અધિકારીએ અમને કહ્યું કે અમને ભારત લઈ જવામાં આવ્યા છે. અમને હાથકડી લગાવવામાં આવી હતી અને અમારા પગમાં સાંકળોથી બાંધવામાં આવ્યા હતા. આને અમૃતસર એરપોર્ટ પર ખોલવામાં આવ્યા હતા.

### પિતા-દીકરીનું મોત, 10 ઘાયલ

# મહાકુંભમાં સ્નાન કરી પાછા ફરતા શ્રદ્ધાળુઓના વાહનની બસ સાથે ટક્કર

(એજન્સી) લખનઉ | તા. 06

કાનપુર-લખનઉ હાઈવે પર અજગૈન ક્ષેત્રમાં આજે પરોઢિયે ભયાનક અકસ્માત સર્જાતાં પિતા અને પુત્રીનું મોત નીપજ્યું છે. આજે ગુરૂવારે વહેલી સવારે 6.30 વાગ્યે મહાકુંભમાં સ્નાન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી એક માર્શલ જીપ રોડવેઝ બસ સાથે અથડાતાં બે લોકોના મોત નીપજ્યા છે, જ્યારે 10 ગંભીર રૂપે ઘાયલ છે. અકસ્માતના 20 મિનિટ બાદ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને જીપમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતાં. આ દુર્ઘટનાના કારણે આશરે એક કલાક સુધી હાઈવે જામ રહ્યો હતો. જીપ ડ્રાઈવરને ઉંઘનું ઝોકું આવી જતાં આ અકસ્માત સર્જાયો હોવાની જાણ થઈ છે.મધ્યપ્રદેશના ઈશાગઢ તથા શિવપુરીના 12 શ્રદ્ધાળુઓ માર્શલ જીપ મારફત મહાકુંભમાં સ્નાન કરવા ગયા હતાં. જ્યાં સ્નાન બાદ તેઓ વારાણસી કાશી વિશ્વનાથ મંદિર અને અયોધ્યામાં રામલલાના દર્શન કરવાં ચિત્રકૂટ જઈ રહ્યા હતાં. તે સમયે અજગૈન ક્ષેત્રમાં ચમરોલી ગામ નજીક જીપ આગળ જઈ રહેલી મહોબા ડેપોની રોડવેઝ બસ સાથે અથડાઈ હતી. જેમાં ઈશાગઢના રહેવાસી પિતા સુરેશ તિવારી (ઉ.વ.55) અને તેમની 30 વર્ષીય પુત્રી રાધા વ્યાસનું ઘટનાસ્થળે જ મોત થયુ હતું. મૃતક સુરેશ તિવારીના પત્ની ઓમવતી સહિત 10 લોકો ઘાયલ થયા હતા. જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

## મોટાભાગના એક્ઝિટ પોલમાં આપના વળતાપાણી

# દિલ્હીમાં ભાજપની જીતનો એક્ઝિટ પોલનો વરતારો



નવી દિલ્હી : દેશની રાજધાની દિલ્હીમાં ૨૬ વર્ષ બાદ ભાજપ ફરી સત્તા પર આવી શકે છે, બુધવારે વિવિધ એજન્સીઓ દ્વારા એક્ઝિટ પોલ જાહેર કરાયા હતા, જેમાં મોટાભાગના પોલમાં ભાજપની જીતનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. જ્યારે આમ આદમી પાર્ટીના શાસનનો અંત આવી શકે છે. વિધાનસભાની ૭૦ બેઠકો ધરાવતા દિલ્હીમાં ભાજપને ૩૯ જ્યારે આમ આદમી પાર્ટીને ૩૦ જેટલો બેઠકો મળવાનું તારણ એક્ઝિટ પોલમાં સામે આવ્યું છે. જ્યારે કોંગ્રેસને એક કે બે બેઠક મળી શકે છે. વિવિધ એક્ઝિટ પોલ એજન્સીઓ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ મેટ્રિઝે દાવો કર્યો છે કે ભાજપને ૩૫થી ૪૦, પીપલ્સ પલ્સ મુજબ ૫૧થી ૬૦, પીમાર્ક મુજબ ૩૯થી ૪૯, જેવીસી મુજબ ૩૯થી ૪૫ બેઠકો મળી શકે છે. માત્ર માઈન્ડ બ્રિન્કે દાવો કર્યો છે કે આમ આદમી પાર્ટીના હાથમાં જ સત્તા આવશે. એજન્સીઓનો દાવો છે કે આ એક્ઝિટ પોલ મતદાન કર્યા બાદ મતદારો પાસેથી જાણેલા અભિપ્રાયના આધારે તૈયાર કરાયો છે. ચૂંટણી પંચે એક્ઝિટ પોલ એજન્સીઓને કડક સુચના આપી હતી કે મતદાન પૂર્ણ થયા બાદ એટલે કે ૬.૩૦ વાગ્યા પછી જ એક્ઝિટ પોલ જાહેર કરી શકાશે. બુધવારે દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો પર મતદાન થયું હતું, જે બાદ સાંજે આ એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા હતા. ૭૦ બેઠકોમાંથી જે પક્ષને ૩૬ બેઠકો મળશે તે રાજધાનીમાં સરકાર બનાવશે.

જોકે એક્ઝિટ પોલના તારણને આમ આદમી પાર્ટીએ નકાર્યા હતા, આપના રાષ્ટ્રીય પ્રવક્તા રીના ગુપ્તાએ જણાવ્યું હતું કે એક્ઝિટ પોલે હંમેશા આમ આદમી પાર્ટીને પાછળ જ દેખાડી છે પરંતુ પરિણામ કઈક અલગ જ આવે છે. અગાઉ પણ એક્ઝિટ પોલે આપની હારના દાવા કર્યા હતા પરંતુ આપ સત્તા પર આવી હતી. વર્ષ ૨૦૧૩, ૨૦૧૫ કે ૨૦૨૦ના એક્ઝિટ પોલ પર નજર કરશો તો જણાશે કે તે સમયે પણ આપને ઓછી બેઠકોનું જ અનુમાન વ્યક્ત કરાયું હતું, પરંતુ ચોંકાવનારા પરિણામો આવ્યા હતા. આ વખતે પણ આમ આદમી પાર્ટી ઐતિહાસિક જીત મેળવવા જઇ રહી છે. ચૂંટણીના પરિણામ આઠ તારીખે જાહેર કરવામાં આવશે જેના પર હવે સૌની નજર છે. આ પહેલા વર્ષ ૨૦૨૦માં ચૂંટણી યોજાઇ ત્યારે આપને ૭૦માંથી ૬૨, ભાજપને આઠ બેઠક મળી હતી જ્યારે શીલા દિક્ષિતની આગેવાનીમાં સળંગ ૧૫ વર્ષ સુધી શાસન કરી ચુકેલા કોંગ્રેસને એક પણ બેઠક નહોતી મળી. છેલ્લે વર્ષ ૧૯૯૩માં ભાજપે દિલ્હીમાં પ્રથમ વખત સત્તા પ્રાપ્ત કરી હતી, જે બાદ ભાજપ ક્યારેય રાજધાનીમાં સત્તા પર નથી આવ્યો, એવામાં એક્ઝિટ પોલના તારણ બાદ ભાજપને આશા છે કે તે ફરી સત્તા મેળવી શકે છે.

## કર્ણાટકમાં નર્સે ભારે કરી!

# ઘા પર ટાંકા લેવાની જગ્યાએ ફેવિક્વિક ચોંટાડી દેતા સસ્પેન્ડ કરાઈ

(એજન્સી) કર્ણાટક | તા. 06

કર્ણાટકની એક સરકારી હોસ્પિટલમાં નર્સની મોટી બેદરકારી સામે આવી છે. આ સરકારી હોસ્પિટલમાં એક નર્સે ઘા પર ટાંકા લેવાને બદલે ફેવિક્વિક ચોંટાડી દીધી. જોકે, ફરિયાદ બાદ આ નર્સને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં બુધવારે બોલાવાયેલી બેઠકમાં તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ સેવાઓના કમિશનરના કાર્યાલયના એક નિવેદન પ્રમાણે ફેવિક્વિક એક ચોંટાડનારો પદાર્થ જેની નિયમો હેઠળ તબીબી ઉપયોગ માટે મંજૂરી નથી.

આ મામલે બાળકની સારવાર માટે ફેવિક્વિકનો ઉપયોગ કરીને ફરજમાં બેદરકારી દાખવવા બદલ જવાબદાર સ્ટાફ નર્સને પ્રાથમિક રિપોર્ટ બાદ સસ્પેન્ડ કરી દેવામાં આવી છે અને નિયમો અનુસાર વધુ તપાસ પેન્ડિંગ છે.

### ઘટના 14 જાન્યુઆરીના રોજ થઈ હતી



આ ઘટના 14 જાન્યુઆરીના રોજ હાવેરી જિલ્લાના હનાગલ તાલુકાના અદૂર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બની હતી, જ્યારે સાત વર્ષના ગુરુકિશન અન્નપ્પા હોસમાનીના ગાલ પર ઊંડા ઘા હોવાથી ખૂબ લોહી વહી રહ્યું હતું. તેના માતા-પિતા તેમને પ્રાથમિક સારવાર માટે આરોગ્ય કેન્દ્રમાં લાવ્યા હતા.

### નર્સ વર્ષોથી આ કરી રહી છે

માતા-પિતાએ નર્સનો એક વીડિયો રેકોર્ડ કર્યો હતો, જેમાં તે કહી રહી છે કે હું વર્ષોથી આ કરી રહી છું અને તે વધુ સારું છે કારણ કે ટાંકા બાળકના ચહેરા પર કાયમી ડાઘ છોડી દેશે. બાદમાં તેમણે સત્તાવાર ફરિયાદ નોંધાવી અને વીડિયો પણ જમા કર્યો હતો.વીડિયો પુરાવા હોવા છતાં આ નર્સને સસ્પેન્ડ કરવાને બદલે અધિકારીઓએ તેને 3 ફેબ્રુઆરીના રોજ અન્ય એક આરોગ્ય સુવિધા હાવેરી તાલુકામાં ગુત્થલ આરોગ્ય સંસ્થામાં ટ્રાન્સફર કરી દીધી હતી જેના કારણે લોકોમાં વધુ રોષ ફેલાયો. ત્યારબાદ મુખ્ય સચિવે નર્સને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો.

## હવે પ્રવાસીઓ જોઈ શકશે ચિત્તાઓ

# CM મોહન યાદવે કુનોના જંગલમાં 5 ચિત્તાઓ છોડ્યા



(એજન્સી) કુનો | તા. 06

મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે શ્યોપુરમાં કુનો નેશનલ પાર્કના મોટા ઘેરામાંથી 5 દીપડાઓને જંગલમાં છોડ્યા. આશા નામની માદા ચિત્તાને મોટા બંધમાં રાખવામાં આવી હતી અને તેને તેના ત્રણ નર બચ્ચા સાથે જંગલમાં છોડી દેવામાં આવી હતી. તેમજ માદા ચિત્તા ધીરાને અલગથી જંગલમાં છોડવામાં આવી હતી. મોટા ઘેરામાંથી 5 દીપડાઓને જંગલમાં છોડવાના આ પ્રસંગે મુખ્યમંત્રી ડો.મોહન યાદવે કહ્યું કે કુનો નેશનલ પાર્ક માટે આજનો દિવસ ખૂબ જ ખાસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દીપડાઓને મુક્ત કરીને શરૂ કરેલા અભિયાનને ચાલુ રાખીને અમે હવે આ પાંચ દીપડાઓને જંગલમાં છોડી દીધા છે જેને પ્રવાસીઓ જોઈ શકશે. તેમણે વધુમાં કહ્યું હતું કે તે જ રીતે આ કુનો પાલપુર પાર્કમાં દીપડાઓનો વસવાટ રહ્યો હતો. એક સમયે એશિયા ખંડમાંથી લુપ્ત થઈ ગયેલો ચિત્તો હવે મધ્યપ્રદેશની પવિત્ર ભૂમિમાં વેગ પકડી રહ્યો છે અને તેની વસ્તીમાં પણ વધારો થઈ રહ્યો છે તે જોઈને આનંદની અનુભૂતિ થાય છે.આ જૂથમાં આશાના ત્રણ બચ્ચા સાથે બે પુખ્ત માદા ચિત્તા, આશા અને વીરાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, આ ત્રણ બચ્ચા કુનોમાં જ જન્મ્યા હતા. કુનોના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર (ડીએફઓ) થિરુકુરલના જણાવ્યા અનુસાર અન્ય બે ચિત્તા, અગ્નિ અને વાયુ, ડિસેમ્બરમાં જ મુક્ત કરાયા હતા અને હાલમાં તેઓ પાર્કમાં મુક્તપણે ફરે છે.

# દિલ્હીમાં ઝટકો પણ મણિપુરમાં મોટો ખેલ કરી શકે છે કોંગ્રેસ! CMની ખુરશી ડામાડોળ, ધારાસભ્યો નારાજ થયાં

(એજન્સી) મણિપુર | તા. 06

દિલ્હી ચૂંટણીના પરિણામો 8 ફેબ્રુઆરીએ જાહેર થશે. ત્યારે આ પહેલા જ એક્ઝિટ પોલે ઈશારો કરી દીધો છે કે દિલ્હીમાં કોની સરકાર બનશે. એક્ઝિટ પોલની માનીએ તો દિલ્હીમાં ફરી કોંગ્રેસના સુપડા સાફ થઈ શકે છે. પરંતુ મણિપુરમાં કોંગ્રેસ મોટી રમત રમવાની યોજના બનાવી રહી છે. મણિપુરમાં ભાજપનો આંતરિક કલેશ ફરી સામે આવ્યો છે. જેનો ફાયદો કોંગ્રેસ ઉઠાવી શકે છે. માનવામાં આવે છે કે કોંગ્રેસ મુખ્યમંત્રી બિરેન સિંહ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે. આ દરમિયાન બિરેન સિંહ ઉતાવળમાં દિલ્હી પહોંચી ગયા છે.

મણિપુર વિધાનસભાનું સત્ર 10 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે. બિરેન સિંહનું નેતૃત્વ અને મણિપુર કટોકટીનો સામનો કરવાની તેમની પદ્ધતિઓના કારણે રાજ્યના ઘણા ભાજપના નેતાઓ સીએમ બિરેન સિંહથી નારાજ હોવાનું કહેવાય છે. આથી એવી ચર્ચાઓ પણ શરુ થઇ ગઈ છે કે વિપક્ષ મુખ્યમંત્રી બિરેન સિંહ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે.જે રીતે મણિપુર હિંસા કેસને જે રીતે હેન્ડલ કરવામાં આવ્યો તેનાથી ખુદ ભાજપનો એક જૂથ નારાજ છે. ભાજપના અસંતુષ્ટ ધારાસભ્યના જણાવ્યા અનુસાર, રાજ્યના નેતૃત્વ કે કેન્દ્રએ છેલ્લા બે વર્ષમાં શાંતિ માટે કોઈ રોડમેપ તૈયાર કર્યો નથી. તેઓ ફક્ત 'અમે સરહદ સીલ કરીશું', 'અમે NRC લાગુ કરીશું' અથવા 'અમે ડ્રગ્સ સામે લડીશું' કહીને ધ્યાન ભટકાવી રહ્યા છે. પરંતુ મુખ્ય મુદ્દો શાંતિ અને સામાન્યતાની પુન:સ્થાપનાનો છે અમે કહીએ છીએ કે જો વિધાનસભા સત્ર શરૂ થાય તે પહેલાં આમાં કોઈ ફેરફાર નહીં થાય તો સત્ર દરમિયાન કંઈક મોટું અને અણધાર્યું બનશે.

બીજેપીના અન્ય એક ધારાસભ્યનું કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીના બે તૃતિયાંશથી વધુ ધારાસભ્યો બિરેન સિંહના નેતૃત્વથી ખુશ નથી. તેથી, દરેક વ્યક્તિ પ્રજા અને રાજ્યના હિતમાં કોઈને કોઈ પગલું ભરવા જઈ રહી છે. અમે વધુ રાહ જોઈ શકતા નથી. ભાજપમાં આ ઉથલપાથલ ચાલી રહી છે કારણ કે મણિપુરમાં 3 મે, 2023થી મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. આમાં 250 થી વધુ લોકોના મોત થયા છે અને હજારો લોકો બેઘર થયા છે.હવે આવી સ્થિતિમાં કોંગ્રેસ આ તકનો લાભ ઉઠાવશે. મણિપુરમાં કુલ 60 વિધાનસભા બેઠકો છે. મણિપુર હિંસાની શરૂઆતથી કુકી-જો સમુદાયના 10 ધારાસભ્યો વિધાનસભા સત્રમાં હાજર રહ્યા નથી. આગામી સત્રમાં પણ હાજર નહિ રહે એવી ધારણા છે. નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) ના ધારાસભ્ય એન. કાયસીનું ગયા મહિને અવસાન થયું હતું. હવે ગૃહમાં ભાજપ પાસે 30 ધારાસભ્યો છે, તેના સાથી નાગા પીપલ્સ ફ્રન્ટ પાસે 5 ધારાસભ્યો છે.



NOTICE OF LOSS OF SHARES OF
GlaxoSmithKline Pharmaceuticals Ltd
Regd. Off. GSK House, Dr Annie Besant Road, Worli, Mumbai, Maharashtra, 400030
| CIN No: 124239MH1924PLC001151]
Notice is hereby given that the following share certificates have been reported as lost/misplaced and the Company intends to issue duplicate certificates in lieu thereof, in due course.
Any person who has a valid claim on the said shares should lodge such claim with the Company at its Registered Office within 15 days hereof.

| Name of the holder | Folio No. | No. of shares (Rs.1/-f.v) | Certificate No.(s) | Distinctive No.(s) |
|---|---|---|---|---|
| SHRIRAM | 0021024 | 20 | 8140 | 5724646-5724665 |
| NAGARMAL | | 10 | 72573 | 9910506-9910515 |
| AGRAWAL | | 10 | 122564 | 13509750-13509759 |
| | | 20 | 226655 | 14414198-14414217 |
| KAUSHALYA | | 13 | 386768 | 27260489-27260501 |
| SHRIRAM | | 50 | 560440 | 30197065-30197114 |
| AGRAWAL | | 10 | 560441 | 30197115-30197124 |
| | | 10 | 560442 | 30197125-30197134 |
| | | 1 | 560443 | 30197135-30197135 |
| | | 1 | 560444 | 30197136-30197136 |
| | | 1 | 560445 | 30197137-30197137 |
| | | 146 | 1282430 | 170788074-170788219 |

Place: Ahmedabad Date: 07/02/2025

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન
TRD કામ
ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/2024-2025/19 તા.06-02-2025. ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-ઈએલ-ટીઆરડી-2024-25-19. (1) કામનું નામઃ રાજકોટ ડિવિઝનના નમી ગયેલા OHE માળખાઓના બદલીકરણ દ્વારા OHE સંપત્તિઓની ભરોસાપાત્રતામાં સુધારણાના સંબંધમાં TRD કામ. (2) અંદાજીત પડતરઃ ₹ 73,59,412.21/- પૂરા (3) ઈએમડી પડતરઃ ₹ 1,47,000/- પૂરા (4) ઓન લાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.04-03-2025 ના 15:00 કલાક સુધી. ઓફીસનું સરનામુઃ ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360 001. વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in
RJT-169
અમને ફોલો કરો: twitter.com/WesternRly

## દેશના આ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા. 06

દેશના વિવિધ રાજ્યોમાં વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ક્યાંક તીવ્ર ગરમીની શરૂઆત તો ક્યાંક વરસાદનુ આગમન થઇ ગયુ છે. જોકે ઠંડી તો હજુ ગઇ નથી. ઠંડીનો ચમકારો ઘણા રાજ્યોમાં હજી જોવા મળી રહ્યો છે. ત્યારે ઉત્તર ભારતમાં વાતાવરણ બદલાતું હોય તેમ લાગી રહ્યુ છે. કારણ કે પશ્ચિમી વિક્ષોભને કારણે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહાર સહિત ઘણા રાજ્યોમાં ઠંડી વધી છે. છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીમાં હળવો વરસાદ નોંધાયો છે. વરસાદ બાદ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો. દિલ્હી-એનસીઆરમાં પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
ડેઝર્ટ કુલરની જોગવાઈ
ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ
EL/50/1/29(24-25) Dt.05/02/2025
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન નીચે જણાવેલા કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો તરફ થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અનું.નં.1: ટેન્ડર નં. BRC-EL-P-2393-30-24-25. કામનું નામઃ વડોદરા ડિવિઝન : DRM ઓફિસ, રેલવે હોસ્પિટલ અને PRTN વર્કશોપના ડેઝર્ટ કુલર્સમાં પાણી ભરવા સહિત વિવિધ સ્થળો/ સ્ટેશનો ખાતે ત્રણ વર્ષોના સમયગાળા માટે ભાડાના ધોરણે ડેઝર્ટ કુલર્સની જોગવાઈ કરવાનું કામ. અંદાજીત પડતર (રૂા.): ₹ 1,11,01,590.60, ઈએમડી (રૂા.): ₹ 2,05,500.00, ટેન્ડર ફી (રૂા.): શૂન્ય, ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખઃ તા.26-02-2025, વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in ઓફિસનું સરનામુંઃ સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (પાવર) વડોદરા, પશ્ચિમ રેલવે, વડોદરા-390004.
BRC-294
અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – અમદાવાદ
વિદ્યુતીકરણ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં. ઈએલ/સી/એડીઆઈ/જીએસ/287/2024-25 (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ ભુજ-નલિયા ગેજ રૂપાંતરણ કામના સંબંધમાં ભુજ સ્ટેશન ખાતે વોશીંગ કમ ઈન્સ્પેક્શન પીટ લાઈનનું વિદ્યુતીકરણ કરવાનું અને પાવર સપ્લાય વ્યવસ્થા માટે 11/0.433 KV સબસ્ટેશનની જોગવાઈ કરવાનું કામ. (2) કામની અંદાજિત પડતરઃ ₹ 2,36,82,103/- (3) જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (4) બિડ જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (5) ટેન્ડર ફીઃ IREPS પોર્ટલ પર દર્શાવ્યા મુજબ (6) પૂર્ણ કરવાનો સમયગાળોઃ 12 મહિના, (7) વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ www.ireps.gov.in ડેપ્યુ. ચીફ ઈલેક્ટ્રીકલ એન્જીનીયર (બાંધકામ)ની ઓફિસ અને નોટીસ બોર્ડ, પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન, અસારવા, અમદાવાદ (ગુજરાત-382345).
CPM-121
અમને લાઇક કરો: facebook.com/WesternRly

ઈ-ઓક્શન નોટિસ
મેસર્સ રાજરત્ન મેટલ ઈન્ડસ્ટ્રીઝના વિવિધ પ્રકારના સ્ટેનલેસ સ્ટીલ કોઈલના પાણી/ડબવા/ડેમેજ સ્ટોક - જથ્થા -190382.10 કિગ્રાના 'જ્યાં છે ત્યાં' આધારે સખત રીતે નિકાલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઈ-ઓક્શન ફોર્મ મંગાવવામાં આવે છે. ઉપરોક્ત સામગ્રીના બચાવનું નિરીક્ષણ M/s રિયલ સ્ટ્રીપ લિમિટેડ , સર્વે નંબર 245 , ગામ: સારી , સરખેજ બાવળા હાઈવે - તાલુકો: સાણંદ , બાવળા, અમદાવાદ -382229 07-02-25 થી 22-02-25 દરમિયાન શ્રી અતુલ શાહના મોબાઈલ નંબર 9824025200 પર અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધા પછી કરી શકાય છે. ઈ-ઓક્શન 24-02-2025 ના રોજ યોજાશે. ઈ-ઓક્શન ફોર્મ માટે શ્રી નીરજ સદાનાનો મોબાઈલ 8434340000 પર સંપર્ક કરો
ઇ-ઓક્શન ઇનસાઇટ્સ પ્રાઇવેટ લિમિટેડ (હરાજી કરનાર)
સરનામું:- 148, શેરી નંબર 11, ભાખરા એન્ક્લેવ, ગુરુદ્વારા સાહેબ મલોમાજરા પાસે, તહેસીલ અને જિલ્લા પટિયાલા, પંજાબ -147001 અથવા વધુ વિગતો માટે અમને ઈમેઈલ કરો: info@eauctionbharat.com. ઈ-ઓક્શન ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ 23-02-2025 સાંજે 05:00 પહેલાં છે.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
વિવિધ એન્જીનિયરીંગ કામ
ઈ-ટેન્ડર નં. 215-2024-25 થી 217-2024-25-R

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 215/2024-25 | કાનાલુસ - પોરબંદર સેક્શન :- કિ.મી. 952/1-7 ખાતે વિભાજનોના સ્થળોએ ટૉ વોલ સહિત RCC બોક્સ દાખલ કરીને વધારાના દ્વારની જોગવાઈ કરવાનું કામ. બિડિંગ પ્રારંભ થવાની તારીખ : 13/02/2025 અને બંધ થવાની તારીખઃ 27/02/2025. | 3,68,82,792.97 | 3,34,400.00 |
| 02 | 216/2024-25 | DEN(E) અધિકારક્ષેત્ર :- (1) ભાવનગર ડિવિઝન : ISD (ડિપ સ્ક્રીનીંગ સહિત) દ્વારા લૂપ લાઈન્સના મજબૂતીકરણ અને LWR - 51.470 Tkm ના રૂપાંતરણ, (2) ભાવનગર ડિવિઝન : 2 થી 4 ડિગ્રી વળાંક પર SWR ના LWR માં રૂપાંતરણ, (3) ભાવનગર ડિવિઝન : મુખ્ય અને અગત્યના પુલો પર TRR(P) - 20.808 Tkm, (4) ધોળા-ભાવનગર ટર્મિનસ, સિહોર-પાલીતાણા અને સાબરમતી-બોટાદ સેક્શન : DEN(E) ના અધિકારક્ષેત્ર હેઠળ થ્રુ વેલ્ડ રિન્યુઅલના મંજૂર થયેલા કામની સામે 3157 નંગ FB વેલ્ડ્સનું વેલ્ડિંગ કરવાનું કામ. બિડિંગ પ્રારંભ થવાની તારીખ : 13/02/2025 અને બંધ થવાની તારીખઃ 27/02/2025 | 4,85,19,564.38 | 3,92,600.00 |
| 03 | 217/2024-25-R | ભાવનગર ડિવિઝન : USFD સાથે રોજબરોજના USFD પરિક્ષણ કામ માટે 24 મહિનાઓ માટે ટ્રોલી મેન તરીકે કામ કરવા માટે સાથીદારની જોગવાઈ કરવાનું કામ. બિડિંગ પ્રારંભ થવાની તારીખ : 13/02/2025 અને બંધ થવાની તારીખઃ 27/02/2025 | 1,06,92,806.40 | 2,03,500.00 |

NIT તા.05/02/2025 ના રોજ રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવી છે.
BVP-193
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### 5 વર્ષમાં ગુજરાતની 9 કંપનીએ 12 હજાર કરોડ ટેક્સ રિબેટ લીધું

અમદાવાદ | 5 વર્ષમાં દેશમાં સૌથી વધુ ટેક્સ રિબેટ મેળવનાર ટોચની 50 કંપનીમાં ગુજરાતની 9 છે. આ 9 કંપનીને 2019-20થી 2023-24 દરમિયાન કુલ 12,228 કરોડ ટેક્સ રિબેટ ચૂકવાયું છે. રાજ્યસભામાં કેન્દ્ર સરકારે આપેલા જવાબ મુજબ, દેશની 50 કંપનીને કુલ 1.11 લાખ કરોડ અને તમામ કોર્પોરેટ કંપનીઓને પાંચ વર્ષમાં 7.74 લાખ કરોડ ટેક્સ રિબેટ ચૂકવાયું છે. કંપનીઓને ઈન્કમટેક્સ રિટર્ન (ITR-6) હેઠળ અલગ અલગ કલમોમાં ટેક્સ રિબેટ મળ્યું છે. ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં નવા પ્રોજેક્ટ, વિશેષ રાજ્યોમાં થતા નફા પર થયેલી કપાતમાં રિબેટ ચૂકવાયું છે.

### એક જ દિવસમાં શહેરનું તાપમાન 6 ડિગ્રી ગગડી 11.4એ પહોંચ્યું

ગાંધીનગર |હવામાન વિભાગના આંકડા મુજબ, છેલ્લા 10 દિવસથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈક્લોનિક સરક્યુલેશન સિસ્ટમને કારણે શહેરના તાપમાનમાં 2-4 ડિગ્રી જેટલી વધ-ઘટ જોવા મળી છે. બુધવારે પવનની દિશા ફરી બદલાતાં, વહેલી સવારથી હિમાલય તરફથી આવતાં ઉત્તરથી ઉત્તર-પૂર્વના પવન શરૂ થવાથી બુધવારે અમદાવાદનું મહત્તમ તાપમાન મંગળવાર કરતાં 0.4 ડિગ્રી ગગડીને 29.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 6 ડિગ્રી ગગડીને 11.4 ડિગ્રી નોંધાતાં સિઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું હતું.

# અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા 33 ગુજરાતીઓ અમદાવાદ પહોંચ્યા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા અમેરિકાથી પરત મોકલવામાં આવેલા નાગરિકો અંગેની ઘટનાને ગંભીરતાથી લઈને ડિપોટ કરાયેલા ગુજરાતના નાગરિકોની સુરક્ષા અને જરૂરી સંકલન માટે સિનિયર અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જે અનુસંધાને ગુજરાતના તમામ ૩૩ નાગરિકોને અમદાવાદ એરપોર્ટથી પોલીસ મદદ આપી સુરક્ષિત રીતે ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.અમેરિકામાંથી પરત ફરેલા ૧૦૪ ભારતીય નાગરિકો પૈકી ૩૩ નાગરિકો ગુજરાત રાજ્યના છે. તા.૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ, આ નાગરિકોને અમૃતસર એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની ઈમિગ્રેશન ક્લિયરન્સ અને વેરિફિકેશનની તમામ જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર અને પોલીસ વિભાગ દ્વારા સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે આ તમામ ૩૩ નાગરિકોને ઘર સુધી સલામત રીતે પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટેશન સહિતની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૩૩ નાગરિકોના રહેણાક વિસ્તારની વિગતોના આધારે, સંબંધિત જિલ્લાની પોલીસ દ્વારા એક નોડલ અધિકારીની નિમણુક કરવામાં આવી, જેમના માર્ગદર્શન હેઠળ તમામ નાગરિકોને સરકારી વાહન દ્વારા સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે આ નાગરિકોને અમૃતસર એરપોર્ટ પર લાવવામાં આવ્યા ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના નિર્દેશ મુજબ ગુજરાત પોલીસ વિભાગ દ્વારા ગુજરાતના ૩૩ નાગરિકોની સુનિશ્ચિત સુરક્ષા અને યોગ્ય સંકલન માટે ડીવાયએસપી કક્ષાના અધિકારી અમૃતસર એરપોર્ટ પર તૈનાત કરવામાં આવ્યા હતા.

## 104 નહીં 140 કરોડ ભારતીયોનું અપમાન છે: મનિષ દોશી



અમેરિકાથી ભારતીયોને હાથકડી બાંધીને અપમાનજનક રીતે લાવવા ડિપોર્ટ કરવા મુદ્દે કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, 104 ભારતીયોને હાથકડીને ઝંઝીર લગાવી કાયદાનાં ડર હેઠળ લાવવામાં આવ્યા. આ 104 નહીં 140 કરોડ ભારતીયોનું અપમાન છે. આ આતંકી નહોતા, ગુનેગારો નહોતા જે વ્યવહાર કર્યો તે યોગ્ય નથી તેનાંથી મને દુ:ખ થાય છે. મોદી સરકારને જવાબ આપવાનો સમય છે. આપડા ટેક્સના પૈસે નમસ્તે ટ્રંપના કાર્યક્રમ કરે છે. મારો ભાઈબંધ છે એવું કહેતા હતા. ક્યાં ગયા તમારા ભાઈબંધ કેમ આવું કર્યું. 2 કરોડ રોજગારની વાત કરી જે ના મળી એટલે કમાવા ગયા હતા. માનું છું ત્યાંના નિયમની ચૂક થઈ હશે. પણ એ દેશની જમીન પર આતંકી કૃત્ય નથી કર્યું. મહેનત કરે છે. ભારતના રાજનીતિકની અમેરિકાએ અપમાન કર્યું હતું, ત્યારે મનમોહન સરકારે વાંધો વ્યક્ત કર્યો હતો અને તેની જમીન બતાવવા માટે તેના રાજદૂતની તમામ સુવિધા પરત લઈ લીધી હતી. આ નીતિ હોવી જોઈએ. એના માટે જાહેરાતમાં 56 ઈંચની છાતીની વાતો ના કરવી પડે. અમેરિકાની મનાઈ છતાં ઈન્દિરાજીએ એશિયાનો નકશો બદલી પાકિસ્તાનના 2 ભાગ કરી નાખ્યા હતા.



**આ ગુજરાતનું નહીં સમગ્ર ભારતનું અપમાન- અનંત પટેલ :** વાંસદાના કોંગ્રેસી ધારાસભ્ય અનંત પટેલે ગુજરાતીઓ સાથે અમેરિકાએ કરેલા કથિત વર્તન માટે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, અત્યાર સુધીમાં ભારતના નાગરિકોનું ખરાબ અપમાન જોયું ન હતું. હાથમાં હાથકડી અને પગમાં બેડી સાથે લોકોને પરત કર્યા છે ત્યારે આ ગુજરાતનું નહીં ભારતનું અપમાન છે. આ અપમાનનો શું બદલો વિશ્વગુરુ લેશે તે જોવાનું રહેશે. ગુજરાતીઓ આ સહન નહીં કરે.

**ગુજરાત પોલીસ રાતથી જ એરપોર્ટ પર તહેનાત હતી :** અમેરિકાથી ડીપોર્ટ કરાયેલા 33 ગુજરાતીઓ લઈને આવતી ઈન્ડિગોનીની ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર જ્યારે લેન્ડ થઈ ત્યારે તેમને ડોમેસ્ટિક લોન્જની પાસે બધાને રોકવામાં આવ્યા હતા અને ત્યાંથી આઈબીના કેટલાક કર્મચારીઓ ત્યાં હાજર હતા જેમણે પ્રાથમિક વાતચીત તમામ સાથે કરી હતી. જ્યારે તેમને બહાર લઈ જવામાં આવ્યા ત્યારે સ્થાનિક પોલીસ દ્વારા તેમના પાસપોર્ટ અને કોન્ટેક નંબરની ખરાઈ કરવામાં આવી હતી. જે લીસ્ટ અગાઉથી અમૃતસરથી આવ્યું હતું જે પ્રમાણે તમામને બહાર લઈ જવામાં આવ્યા હતા. આવનારા મુસાફરમાં મોટાભાગના યુવાનો હતા. જેમાં એક પરિવારનો પણ સામેલ થાય છે.

### અમેરિકાથી પરત ફરેલા ગુજરાતના લોકો

| વ્યકિતનું નામ | જિલ્લો | | |
|---|---|---|---|
| જયેન્દ્રસિંહ | મહેસાણા | એન્નીબેન | પાટણ |
| હિરલબેન | મહેસાણા | કેતુલકુમાર | પાટણ |
| સતવંતસિંહ | પાટણ | મંત્રા | પાટણ |
| કેતુલકુમાર | મહેસાણા | કિરણબેન | મહેસાણા |
| પ્રેક્ષા | ગાંધીનગર | માયરા | ગાંધીનગર |
| જિજ્ઞેશકુમાર | ગાંધીનગર | રિશિતાબેન | ગાંધીનગર |
| રુચિ | ગાંધીનગર | કરણસિંહ | ગાંધીનગર |
| પિન્ટુકુમાર | અમદાવાદ | મિતલબેન | ગાંધીનગર |
| ખુશ્બૂબેન | વડોદરા | હેયાંશસિંહ | મહેસાણા |
| સ્મિત | ગાંધીનગર | ધ્રુવગિરિ | ગાંધીનગર |
| શિવાની | આણંદ | હેમલ | મહેસાણા |
| જીવણજી | ગાંધીનગર | હાર્દિકગિરિ | મહેસાણા |
| નિકિતાબેન | મહેસાણા | હિમાનીબેન | ગાંધીનગર |
| એશા | ભરૂચ | એંજલ | ગાંધીનગર |
| જયેશભાઈ | અમદાવાદ | અરુણાબેન | મહેસાણા |
| બીનાબેન | બનાસકાંઠા | માહી | ગાંધીનગર |
| | | જિજ્ઞેશકુમાર | ગાંધીનગર |

**અમદાવાદ એરપોર્ટથી પોલીસ મદદ આપી સુરક્ષિત રીતે પોતાના વતને પહોંચાડાયા**

**ફાયરે ડીઈઓને પત્ર લખતાં અમરાઈવાડીની સ્કૂલને ફરી નોટિસ આપી**

## શિવમ સ્કૂલ મોબાઈલ ટાવર ન હટાવે તો ધો.1થી 8ના વર્ગો બંધ કરવા ચીમકી

(એજન્સી) અમદાવાદ તા.06

અમરાઈવાડીમાં આવેલી શિવમ વિદ્યાલયને ધાબા પરથી મોબાઈલ ટાવર હટાવવા માટે શહેર ડીઈઓએ સ્કૂલને ફરી એક વખત નોટિસ આપી છે. સ્કૂલ જો ટાવર નહીં હટાવે તો ધો.1થી 8ના વર્ગો બંધ કરવા પણ કહેવાયું છે.ફાયર વિભાગે શહેર ડીઈઓને પત્ર લખ્યો છે. જેમાં મોબાઈલ ટાવરના કારણે રેડિએશનથી વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ શકે છે તેમજ આગ લાગવાની પણ શક્યતા છે. અમરાઈવાડીની શિવમ વિદ્યાલયના ટેરેસ પર નંખાયેલા મોબાઈલ ટાવરની સામે એનએસયુઆઈએ શહેર ડીઈઓ કચેરી સમક્ષ લેખિતમાં રજૂઆત કરી હતી, જેના અનુસંધાને એનએસયુઆઈએ સિટી ડીઈઓ કચેરીમાં નકલી નોટો ઉડાડીને ઉગ્ર વિરોધ કરીને મોબાઈલ ટાવર હટાવવાની માંગ કરી હતી. જેના પગલે શહેર ડીઈઓએ સ્કૂલને શો કોઝ નોટિસ ફટકારી હતી, તેમ છતાં હજી સુધી સ્કૂલ સત્તાવાળાએ ટેરેસ પરથી મોબાઈલ હટાવ્યો ના હતો.

**રૂબરૂ હાજર રહી ખુલાસો કરવા આદેશ અપાયો**

ફાયર બ્રિગેડ વિભાગે શિવમ વિદ્યાલયના મોબાઈલ ટાવરના મામલે અમને રેડિએશનથી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને આગની સંભાવનાના મુદ્દે લેખિતમાં જાણ કરી છે. જેના અનુસંધાને અમે શિવમ વિદ્યાલયને શો કોઝ નોટિસ ફટકારીને મોબાઈલ ટાવર હટાવવાની તેમજ રૂબરૂ ઉપસ્થિત રહીને ખુલાસો કરવાનો આદેશ આપ્યો છે. આદેશનું ઉલ્લંઘન કરાશે તો ધો.1થી 8ના વર્ગો બંધ કરાશે. - રોહિત ચૌધરી, શહેર ડીઈઓ

## કરચોરી રોકવા GST નોંધણી માટે બાયોમેટ્રિક્સ ફરજિયાત

(એજન્સી) અમદાવાદ તા.06




કરચોરી તેમજ બોગસ પેઢીઓ પેઢીઓ પર ગાળિયો કસવા માટે જીએસટી નંબર માટે બાયોમેટ્રિક્સ ફરજિયાત કરાયું છે. અત્યારસુધી આધાર કાર્ડથી જીએસટી રજિસ્ટ્રેશન થતું હતું. જેમાં આધારમાં નોંધાયેલા મોબાઈલ નંબર પર ઓટીપી આવતો હતો. જીએસટી ચોરીના કિસ્સા વધતાં કેન્દ્રે રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત અને આસામમાં ટ્રાયલ પૂરી થઈ ગઈ છે. હવે સમગ્ર દેશમાં આ પ્રક્રિયા અમલમાં આવશે. આ પ્રક્રિયામાં જે વ્યક્તિના નામની પેઢીનું રજિસ્ટ્રેશન કરવાનું છે. તે વ્યક્તિના હાથની આંગળીઓના ફીંગર પ્રિન્ટનું બાયોમેટ્રિક્સ કરાશે. આનાથી પેઢી રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં પારદર્શિતા આવશે તેમજ બોગસ પેઢીઓ બનાવતા લોકો પર કાબુ મેળવી શકાશે. બાયોમેટ્રિક્સ પછી 15 દિવસમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી કરાશે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જૂની પેઢીઓને પણ આ નિયમ લાગુ પડશે. જેનાથી બોગસ પેઢીની જાણકારી મેળવી શકાય.

## ગાંધીનગરની હિલોક હોટલમાંથી ત્રણ મહિલાના પર્સની ચોરી

ગાંધીનગર | ગાંધીનગરના ઝુંડાલ વિસ્તારમાં આવેલી હિલોક હોટલમાં યોજાયેલા લગ્ન સમારંભમાં ચોરીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારના શૈલેષભાઈ દેશકરના પુત્ર ધવલના લગ્નના રિસેપ્શનમાં બે તસ્કરોએ ત્રણ મહિલાઓના પર્સની ઉઠાંતરી કરી હતી. ઘટના 5 ફેબ્રુઆરીએ સાંજે 7 વાગ્યાના સુમારે બની હતી, જ્યારે સ્વાતીબેન સગદેવ, સુજાતાબેન પ્રાત્રીકર અને અશ્વિનીબેન લાખે નવદંપતીને આશીર્વાદ આપવા ગયા હતા. તેમના ડાઈનિંગ ટેબલ પર મૂકેલા પર્સની ચોરી થઈ હતી. હોટલના સીસીટીવી ફૂટેજમાં બે શખ્સો મુખ્ય દરવાજેથી પ્રવેશી હોલમાં આવ્યા અને પર્સની ચોરી કરતા કેદ થયા છે.

## ઢોરનો ત્રાસ વધતાં અસરકારક કામગીરી કરવા સૂચના અપાઈ



(એજન્સી) અમદાવાદ તા.06

શહેરમાં રખડતાં ઢોરનો ત્રાસ ફરી વધતા મ્યુનિ. કમિશનરે રિવ્યુ બેઠકમાં અધિકારીઓને અસરકારક કામગીરી કરવા માટે સૂચના આપી છે. સ્વચ્છતામાં જે પ્રકારે હાલમાં કાગીરી ચાલી રહી છે તેને અસરકારક રીતે યથાવત્ રીતે જાળવી રાખવા સૂચના આપી છે. કમિશનરે બેઠકમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી સરાહના કરી હતી. તેમણે હજુ પણ રસ્તા બાબતે વધુ અસરકારક કામગીરી કરવા માટે સૂચન કર્યું હતું. તેમણે સીએનસીડી વિભાગને પણ સૂચના આપી હતી કે, શહેરમાં રખડતાં ઢોર મામલે હજુ વધુ અસરકારક કામગીરી ફરી શરૂ કરવી જોઈએ. છેલ્લા કેટલાક સમયથી ઢોર પકડવાની કામગીરીમાં ઢીલાશ આવી છે. સાથે સ્વચ્છતા મામલે અત્યારે જે પદ્ધતિએ કામગીરી થઈ રહી છે તે યથાવત્ રાખવામાં આવે તો અમદાવાદ શહેરમાં સ્વચ્છતાનું ધોરણ વધુ અસરકારક જોવા મળી શકે છે.

## હીરા ઉદ્યોગમાં મંદી | હીરા બજારમાં વેકેશન પૂરું થયાના બે મહિના પછીય મંદીનો માહોલ, 50 % કારખાનાં બંધ

(એજન્સી) અમદાવાદ તા.06



હીરાના કારખાનામાં વેકેશન ખુલ્યા બાદ બે મહિનાથી વધુ સમય થઈ ગયો, પણ હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ છે. હીરાના કારખાનામાં કામ ન હોવાથી 50 ટકા કારખાનાં બંધ થતાં 70 ટકા પ્રોડક્શન પણ ઘટ્યું છે. વિવેકાનંદ ડાયમંડ એસો.ના પ્રમુખ નરસિંહ પટેલે જણાવ્યું કે, હીરા ઉદ્યોગમાં છેલ્લાં 35 વર્ષથી હીરામાં તેજી મંદીનો દોર જોવા મળતો હોય છે. વર્ષ 2008માં મંદી આવી હતી, પરંતુ થોડા સમયમાં હીરા ઉદ્યોગ ફરી ધમધમતો થયો હતો. જોકે એક મહિનાથી હીરા ઉદ્યોગમાં ફરી મંદી ઊભી થતાં પૂર્વ વિસ્તારમાં આવેલા હીરાના કારખાનાં બંધ હાલતમાં જોવા મળી રહ્યાં છે. રશિયા-યુક્રેન યુદ્ધને પગલે દોઢ વર્ષથી વધુ સમય થયો તે બાદ પણ હીરાની ચમક પરત આવી નથી. દિવાળી વેકેશન ખૂલતા જ 25 ટકાથી વધુ રત્ન કલાકારો અન્ય ઉદ્યોગોમાં જોડાયા છે. દિવાળી પહેલાં 700 કારખાનાં હતાં, તેમાંથી 50 ટકા હાલ બંધ થયા છે. આશરે 70 હજાર રત્ન કલાકારો 20 વર્ષથી કામ કરતા હતા, જેમાંથી મોટા ભાગના અન્ય વેપાર ધંધા સાથે જોડાયા છે. તો કેટલાક પોતાના વતનમાંથી વેકેશન બાદ પરત ફર્યા નથી. હાલ કેટલાંક કારખાનાં પણ માત્ર ગણતરીના કલાકો ચાલે છે, જેથી રત્ન કલાકારોને ફાયદો થાય તે માટે 20 ટકા કાચી રફમાં લેબરને ફાયદો થાય તેવી વ્યવસ્થા કરવાની માગ ઊભી થઈ છે. આ સાથે બજેટમાં કોઈ પણ જાતનો ફાયદો આપ્યો ન હોવાથી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

## સુરેન્દ્રનગરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન વાહનોના કાફલાની અવરજવર પર નિયંત્રણ મૂકતું જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ

(એજન્સી) અમદાવાદ તા.06

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા નગરપાલિકાઓ/ તાલુકા પંચાયતોની સામાન્ય અને પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર થતા સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ, ધાંગધ્રા, લીંબડી નગરપાલિકા તથા લીંબડી તાલુકા પંચાયતની ૧૮-ઉંટડી અને સાયલા તાલુકા પંચાયતની ૫-ધારાડુંગરીની બેઠક પર આગામી તા.૧૬.૦૨.૨૦૨૫નાં રોજ ચૂંટણી યોજાનાર છે. જે અન્વયે આદર્શ આચાર સંહિતા અમલી બનતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આર. કે.ઓઝા દ્વારા ચૂંટણી પ્રચાર દરમિયાન વાહનોના કાફલાની અવરજવર ઉપર નિયંત્રણ મૂકતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં અનુસાર, ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો ટ્રાફીક અડચણ ઉભી ન થાય તે માટે કોઈ પણ ઉમેદવાર કે રાજકીય પક્ષના કાર્યકરો કે રાજકીય પક્ષના વ્યક્તિ કોન્વોયમાં એક સાથે દસ થી વધુ વાહનો ફેરવી શકશે નહી. કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીઓને લઈ જવામાં આવતા હોઈ તેવા કોન્વોયમાં પણ એક સાથે દસથી વધુ વાહનો ફેરવી શકાશે નહી, કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓના દસ થી વધુ વાહનોના કોન્વોયમાં દસ વાહનોની મર્યાદામાં કોન્વોય બ્રેક કરવો (અલગ કરવો) અને આવા બ્રેક કરેલ દરેક કોન્વોય વચ્ચે ૧૦૦ મીટરનું અંતર જાળવવાનું રહેશે. છતાં પણ આવા કોઈપણ મહાનુભાવશ્રીના સંબંધમાં જારી કરાયેલ સુરક્ષા સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

**હવે ખાવામાં પણ ભેળસેળ | છેલ્લા 1 વર્ષથી ફેક્ટરી ધમધમતી હતી, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડો પાડ્યો હતો**

# 100થી વધુ હોટેલમાં મોકલાતું કુબેરનગરમાંથી પકડાયેલું ભેળસેળિયું પનીર

(એજન્સી) અમદાવાદ તા.06

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કુબેરનગરમાં આવેલી દ્વારકેશ ડેરી પ્રોડક્ટમાં દરોડો પાડીને 1500 કિલોથી વધુનો ભેળસેળિયા પનીરનો જત્થો પકડી પાડ્યો હતો. પનીર બનાવવા માટે વપરાતા પામોલીન તેલ અને એસિટિક એસિડ સહિતના રો-મટીરિયલના નમૂના લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલ્યાં છે. જો સબસ્ટાન્ડર્ડ સાબિત થશે તો રૂ.5 લાખ સુધીનો દંડ થઈ શકે છે. શેડમાં આવેલી ફેક્ટરીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે રેડ પાડતાં, તાળાં મારેલાં હતા. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનર ડો.હેમંત કોશિયાએ કહ્યું કે, જીજ્ઞેશ બારોટે છેલ્લાં 1 વર્ષથી પનીર બનાવવાની ફેક્ટરી શરૂ કરી હતી. વધુ નફાની લાલચે તેણે પનીરમાં પામોલીન તેલ અને ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડના એસિટિક એસિડની ભેળસેળ શરૂ કરી હતી. આ ફેક્ટરીમાં બનતાં પનીરને અમદાવાદના 100થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સ અને અનેક વિસ્તારની હોટેલોમાં સસ્તા દરે સપ્લાય કરતો હતો, જે લોકોનાં આરોગ્ય સાથે ચેડાં સમાન છે. હાલમાં પનીરનો 1, પામોલીન ઓઈલનો 1 અને ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ એસિટિક એસિડનું સેમ્પલ તપાસ માટે મોકલાયું છે.



**પનીર બનાવવા ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનો એસિડ વપરાતો હતો**

મોટેભાગે પનીર બનાવવા દૂધ ફાડવા લોકોના સ્વાસ્થ્ય પર વિપરિત અસર ન થાય તે માટે ફૂડ ગ્રેડ એસિડનો ઉપયોગ કરાય છે. પરંતુ, આ ફેક્ટરીમાં પનીર બનાવવા ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનું એસિટિક એસિડનો ઉપયોગ કરાતો હતો.

**દિવાળીમાં 250 નમૂના સબસ્ટાન્ડર્ડ નીકળ્યા, તપાસમાં અહીંથી જથ્થો પહોંચાડાયાનું ખૂલ્યું**

દિવાળીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે અમદાવાદ જિલ્લાના વિવિધ સ્થળ પરથી લીધેલાં 250 જેટલાં પનીરના નમૂનામાંથી 40 ટકા નમૂના સબસ્ટાન્ડર્ડ જણાયા હતા. તપાસ કરતાં પનીરનો મોટાભાગનો જથ્થો કુબેરનગરની દ્વારકેશ ડેરી પ્રોડકટ્સમાંથી સપ્લાય થયાનું જણાયું હતું. એ પછી દરોડો પાડવામાં આવ્યો.

**પનીરમાં 3 ગ્રેડ હોય છે |** પનીર મુખ્ય 3 પ્રકારના હોય છે, જેમાં દૂધમાંથી બનતા પનીરમાં 50 ટકા ફેટ હોય તો ફૂલ ફેટ પનીર ગણાય છે. 20-25 ટકા ફેટ હોય તો મધ્યમ ફેટ અને 20 ટકાથી ઓછું ફેટ હોય તો લો ફેટ પનીર ગણાય. હોટેલોમાં મોટેભાગે મધ્યમ, લો ફેટ પનીર વપરાય છે.

**ભેળસેળિયું પનીર ખાવાથી પેટમાં ચાંદા, લોહીની ઊલટી થઈ શકે છે**

કોઈપણ પ્રકારનો એસિડ સ્વાસ્થ્યને નુકસાનકર્તા હોઈ, પનીર બનાવટમાં દૂધને ફાડવા ફૂડ ગ્રેડને બદલે ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડના એસિટિક એસિડનો ઉપયોગ કરાય તો સ્વાસ્થ્ય માટે નુકશાનકારક છે. આવું ભેળસેળિયું પનીર એક સાથે 100 ગ્રામથી વધુ ખાવાથી પેટમાં દુ:ખાવો, પેટમાં ચાંદાં, અન્નનળીમાં બળતરા, પેટમાં સોજો કે લોહીની ઊલટી થઈ શકે છે. » ડો. શ્રવણ બોહરા, ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ,એપોલો હોસ્પિટલ

**પનીરનો મોટાભાગનો જથ્થો કુબેરનગરની દ્વારકેશ ડેરી પ્રોડકટ્સમાંથી સપ્લાય થયાનું જણાયું હતું. એ પછી દરોડો પાડવામાં આવ્યો હતો**